કુમાર

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક · વર્ષ સુડતાળીસમું · અંક બીજો
માહે ફેબ્રુઆરી · ઈ. ઓગણીસસો સિત્તેર · સળંગ અંક ૫૫૪ તંત્રી · બચુભાઈ રાવત





લોકોના ટોળા વચ્ચે મળી તે થોડી મિનિટોમાં ઉતારી લીધેલી આ નોંધ પણ એ સ્થાનની ચહલપહલને જીવંત કરવા સાથે સુંદર ચિત્રસંયોજન બનાવી દે છે.



વ્રજમાં ગોપીવૃંદ : એ નામના ચિત્ર માટેની જાણે કોઈ કાચી માંડણી હોય એવું આ આલેખન, ↑ ઊભી તક્તી રૂપે ભીંત ઉપર સર્જન પામ્યાં પહેલાં સ્કેચબુકમાં પડેલા કાચા માલમાંથી કોઈ પણ કૃતિ કેવી રીતે સુગ્રથિત સંયોજન પામે છે તેનું નિદર્શન કરાવે છે. ચિત્રકારના મનમાં તે હવે જાણે બરાબર બેસી ગયું જણાય છે. જરૂરત છે માત્ર તેમાં અહીંતહીં ઝીણી વિગતો ઉમેરવાની અને નયન-મધુર રંગાલેખનની. સીધી ઊભી પટ્ટીમાં એકબીજા પાછળ યોજાએલાં અનેક પાત્રો વડે એમાં ઊંડાણ અને સજીવતા બંને સધાયાં છે.



દિનેશ શાહની કેટલીક ત્વરિત નોંધો

ત્વરિતનોંધો કે સ્કેચિંગ એ કોઈ પણ શૈલીના ચિત્રકારને માટે એકસરખું અનિવાર્ય છે. દૃષ્ટિવાળા ચિત્રકારને જીવનની પ્રત્યેક ક્ષણે કંઈ ને કંઈ સુંદરતા લાધી જ રહેતી હોય છે. જરૂરત રહે છે માત્ર એને ત્યાં ને ત્યાં જ પોતાની નોંધપોથીમાં ઉતારી લેવાની. સ્કેચબુક વિનાનો કોઈ પણ ચિત્રકાર પોતાની સર્જનશક્તિને લાંબો સમય ટકાવી શકે જ નહિ. હાથની આલેખનશક્તિને ચાલુ રાખવાનો અને સમય જતાં વિસ્મૃત થઈ જતી સુંદર પળોને હમેશને માટે સંઘરી લેવાનો આ જ એક ખરો ઉપાય છે.



...જે થોડો સમય મળ્યો તેમાં આ ઘોડાવાળાઓએ એ ઘડી બેસીને આરામ લેવા ઇચ્છયો હશે, પણ એ થોડી પળોએ ચિત્રકારને એક મઝાની ચિત્રકૃતિનો મસાલો પૂરો પાડી દીધો. નજર પડી, નિર્ણય કર્યો અને ભવિષ્યના એક સુંદર ચિત્રનાં બીજ મંડાઈ ચૂક્યાં. (મથાળે) કાશ્મીરી માતા અને બાળક.



અનુક્રમણિકા

ફેબ્રુઆરી ૧૯૭૦ • અંક ૫૫૪

તંત્રી: બચુભાઈ રાવત ~ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૬-૨૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૫૦.

વાચકો લખે છે

જયંતી અભિનંદન

આવતી કાલે એટલે કે તા. ૨૧-૧-૧૯૭૦ ને બુધવારે (સંવત પ્રમાણે પોષ સુદ ૧૫ ગુરુવારે) 'કુમાર'ની ૪૭મી જયંતી છે. 'કુમાર'નો જન્મ બુધવાર તા. ૧૧ જાન્યુ. ૧૯૨૪, સંવત ૧૯૮૦ પોષ સુદ ૧૫ના થએલો. આ પ્રસંગે તમો બધાને અભિનંદન. પ્રભુ 'કુમાર'ને લાંબું આયુષ્ય આપો. દરેક પ્રવૃત્તિને 'કુમાર' પ્રેરણા આપતું રહે એ પ્રાર્થના.

(ભુજ : કચ્છ) —વાલજી કરસનજી ઠક્કર

જાન્યુઆરી અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યે સંસ્કૃતમાં લખાએલા, તેર સર્ગો અને ૬૬૮ શ્લોકોવાળા દ્વિઅર્થી કાવ્ય 'રાઘવ પાંડવીયમ્'ની ચર્ચા કરી છે. સંસ્કૃત સાહિત્યમાં એના અનુકરણમાં અનેક દ્વિ-અર્થી અને ત્રિ-અર્થી કાવ્યો રચાયાં છે. ભાષાની અદ્‌ભુત વિદગ્ધતા અને અર્થગૌરવ એમાં પ્રગટ થયાં છે.

(૧) એ શૈલીના અનુકરણમાં હસ્તિદત્તસૂરીએ 'રાઘવ નૈષધાયમ્' કાવ્ય લખ્યું છે, જેમાં રામ અને રાજા નળની કથા સાથેસાથે ચાલે છે.

(૨) કવિ ચિદમ્બરે 'રાઘવ યાદવ પાંડવીયમ્' લખ્યું છે, જેમાં એકીસાથે રામાયણ, મહાભારત અને ભાગવતની કથા ગૂંથવામાં આવી છે.

(૩) ચાલુક્ય રાજા સોમદેવના સભાપંડિત વિદ્યામાધવે રચેલા 'પાર્વતી-રુક્મિણીયમ્' નામે ૩૦૦ શ્લોકોના એક લઘુ કાવ્યમાં શિવ-પાર્વતી અને કૃષ્ણ-રુક્મિણીના લગ્નોત્સવનું એકીસાથે વર્ણન કરવામાં આવ્યું છે.

(૪) સૌથી વધુ આશ્ચર્યજનક તો વેંકટાધ્વરીનું 'યાદવ-રાઘવીયમ્'-લઘુકાવ્ય છે. તેના ૩૦ શ્લોકોમાં સામાન્ય ક્રમથી વાંચવાથી રામનું ચરિત્ર ઊઠી આવે છે અને વિપરીત ક્રમથી વાંચવાથી કૃષ્ણચરિત્રનો બોધ થાય છે.

(૫) દેવજ્ઞસૂર્યે 'રામ-કૃષ્ણ-વિલોદકાવ્ય' લખ્યું છે, જેમાં રામ અને કૃષ્ણની પ્રશસ્તિ છે.

૫૫૩મા અંકમાં અપાએલાં 'શ્રીમદ્ રાજચંદ્ર'ના જીવન સંબંધમાં બેએક હકીકત લક્ષ પર લાવવા ઇચ્છું છું. શ્રી જવલબહેન એ શ્રીમદ્‌નાં પત્ની નહિ, પણ પુત્રી થાય. એઓ આજે હયાત છે. શ્રીમદ્‌નું લગ્ન તો મુંબાઈના વિખ્યાત ઝવેરી શ્રી રેવાશંકર જગજીવનના મોટા ભાઈ શ્રી પોપટલાલની પુત્રી શ્રી ઝબકબહેન સાથે થએલું.

ગાંધીજી વિષે એક સ્થળે ઉલ્લેખ આવે છે, પણ તે જુદી રીતે. વસ્તુતઃ ગાંધીજી ઉપર જે ત્રણ વ્યક્તિઓની ખૂબ જ અસર હતી તે ત્રણમાં શ્રીમદ્ રાજચંદ્ર એક હતા. બીજા બે તે મહાત્મા ટૉલ્સ્ટૉય અને રસ્કિન. ગાંધીજીના શબ્દોમાં જ જોઈએ તો: 'Such was the man who captivated my heart in religious matters as no other man has till now. I have said elsewhere that in moulding my inner life Tolstoy and Ruskin vied with Kavi. But Kavi's influence was undoubtedly deeper, only because I had come in closest personal touch with him. His judgement appealed to my moral sense in the vast majority of cases.' ગાંધીજીની શ્રદ્ધા જ્યારે ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો તરફ ઢળે જતી હતી ત્યારે શ્રીમદ્ રાજચંદ્રે તેમને હિંદુ સંસ્કૃતિના સિદ્ધાંતોની ખૂબી સમજાવી હિંદુ ધર્મમાં સ્થિર કર્યા. શ્રીમદ્ રાજચંદ્રની આ મોટામાં મોટી દેણગી કહી શકાય. ગાંધીજીના જીવન અને કવનના અભ્યાસીએ 'શ્રીમદ્ રાજચંદ્ર'નો અભ્યાસ કરવો આવશ્યક બની રહે છે. બે વર્ષ પર અમદાવાદમાં યોજાએલી પર્યૂષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચન કરતાં સ્વ. મગનભાઈ પ્ર. દેસાઈએ ગાંધીના સ્નેહી શ્રી પૉલૉકને શ્રીમદ્ રાજચંદ્ર વિષે ટાંકતાં જણાવેલું: 'greatest living person in India today.' એના પરથી શ્રીમદ્‌ના વ્યક્તિત્વનો ખયાલ આવે છે. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં પોતાના મનમાં હિંદુ ધર્મ વિષે ઉદ્‌ભવેલી શંકાઓના નિવારણાર્થે જે સત્યાવીશ પ્રશ્નો પૂછેલા, અને શ્રીમદ્ રાજચંદ્રે તેના જે પ્રત્યુત્તર આપેલા તે ગ્રંથસ્થ થયા છે. ('શ્રીમદ્ રાજચંદ્ર' પત્ર : ૪૪૩) જિજ્ઞાસુઓને તેના પરથી પણ શ્રીમદ્ રાજચંદ્રના વ્યક્તિત્વ વિષે સારો ખયાલ આવી જશે.

(અમદાવાદ) —ધીરજલાલ ધનજીભાઈ શાહ

(૬)ચિદમ્બરકવિએ 'પંચકલ્યાણ ચંપૂ' નામે એક વિચિત્ર ચંપૂ ગ્રંથમાં એકીસાથે શ્લેષના આધારે રામ, કૃષ્ણ, શિવ, વિષ્ણુ અને કાર્તિકેયની લગ્નકથાનું ગુંફન કર્યું છે. શ્લેષનું અદ્ભુત કૌશલ્ય એમાં જોવામાં આવે છે. એમાં એક જ શ્લોકમાં પાંચ અર્થો પ્રબુદ્ધ થાય છે.

આ કવિઓનું ભાષા પર કેટલું પ્રગાઢ પ્રભુત્વ હશે! આવી શાબ્દિક પટુતા અને સઘનતા સંસ્કૃત સિવાય સંસારની અન્ય કોઇ ભાષામાં હોવાનું જાણ્યું નથી.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

ડિસેમ્બરના અંકમાં ગુર્જર ગિરાના લાડીલા સાહિત્યસ્વામીઓની ફોટોગ્રાફિક હારમાળા જોઇ 'કુમાર'ની સાહિત્યભક્તિ પ્રત્યે માન થયું. શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈની એક નવલકથાના પ્રારંભે નીચેની પંક્તિઓ છે:

કણકણને કાંકરે અને પળપળને ચોખડે
બાંધી મહેલાતો નાથ ન્યારી હો જી
જુગજુગની જાત્રામાં ઝાંખી ઝગમગતી થાવા
ઉઘાડી રાખો એક બારી હો જી.

'કુમાર' આવી એક બારી જેવું છે, જેમાં પેઢી દર પેઢીની પ્રગતિનું દર્શન મળે છે. 'કુમાર' કાળ-મહોદધિના પ્રવાહોને ઓળંગતા સેતુ જેવું છે.

(કલકત્તા) —જી. ટી. પરીખ

એક પપકમાં બલ્લુકાકા વિષેનો લેખ માહિતીસભર, સમૃદ્ધ ને જીવંત છે. પૂ. બલ્લુકાકા પ્રત્યેની હૃદયની સાચી લાગણીના ભણકારા એમાં સંભળાય છે. એ વાંચતાં મારા લગ્ન અવસરે ૧૯૫૦માં આવેલો એમનો એક શુભેચ્છાપત્ર યાદ આવ્યો. એમાં એક મુક્તક છે—લગ્ન પ્રસંગે આશીર્વાદ પાઠવતું—

"આર્યાજાતિ
મંગલ વિતરો વર્ષા,
મંગલ વિદ્યુત, સુમંગલો નભભૂમી;
ઉમા ઉમાપતિ કૃપયા,
સ્થૂલ કામ ઉદ્ધરતાં
ફળો દંપતી અનંગ-અમી!

૧૮-૭-'૫૦ બલવંતરાય ક. ઠાકોર
શનિ. તા. ૨૨-૭-૫૦ના મંગલ પ્રસંગ માટે."

(અમરેલી) —ભૂપેન્દ્ર વકીલ

'કુમાર' નિયમિત વાંચું છું. ગમે છે.

સમજાતું એ નથી કે શતરંજ જેવી બેઠાડુ, સમયહારી, નર્યો બુદ્ધિવિલાસ પ્રેરતી રમત આવતી કાલનાં નાગરિકો માટે શી રીતે યોગ્ય જણાઇ છે કે એને માટે હરીફાઇ યોજી છે?

(અલિયાબાડા) —શિરીષભાઇ માંકડ

[● એ લેખમાળા શરૂ કરી ત્યારે એ અંગે એક વિસ્તૃત લેખ એનું મહત્ત્વ સમજાવતો આપ્યો હતો તે જોઈ જવા વિનતિ. એક બુદ્ધિકસરત તરીકે સદીઓથી ટકી રહેલી અને આજે દુનિયાભરમાં માન પામીને જગતનાં મોટાભાગનાં અગ્રણી પત્રોમાં નિયમિત વિભાગ પ્રગટાવતી આ રમત વિષે કંઈક 'ચોખલિયો' લાગે એવા આપના અભિપ્રાયથી ખેદ થયો.]

ડિસેમ્બર અંકમાં 'મારી માન્યતા' હેઠળ ચોથા સવાલના જવાબમાં 'કૉમ્પોઝિટરો'ની આપણે ત્યાં ખોટ છે એવો ઉલ્લેખ છે. આપણે ત્યાં કૉમ્પોઝિટર્સ-બીબાં ગોઠવનારાઓની તો વિપુલતા છે; હા, ખોટ છે 'કૉમ્પોઝર્સ'ની—મૌલિક સંગીતના સર્જકોની.

(મુંબાઈ) —શાંતિલાલ તોલાટ

[● અમારા બીબાં ગોઠવનારાએ પોતાના વ્યવસાયના ગૌરવ અર્થે કદાચ આમ કર્યું હશે?! અમારા માટે ખરેખર લજ્જાસ્પદ ગણાય એવી આ ક્ષતિ માટે અમને ઘણો ખેદ છે.]

નવેમ્બર '૬૯ અંકના છેલ્લા પાનાની ગણિત ગમ્મત: તેમાં ધારેલા આંકડાને ૯ વડે ગુણીને ગુણવાની રકમ ૧૨૩૪૫૬૭૮૯ આપી છે તેને બદલે જો ૧૨૩૪૫૬૭૯ (એટલે કે ૮ સિવાયની) હોય તો જવાબના બધા જ આંકડા અણગમતા જ આવશે. જ્યારે તેમાં આપ્યા પ્રમાણેની (એટલે કે ૮ સહિતની) રકમ લેવાથી જવાબમાં વચ્ચે એક ૦ પણ આવે છે.

૩૬×૧૨૩૪૫૬૭૮૯ = ૪૪૪૪૪૪૪૪૦૪

૩૬×૧૨૩૪૫૬૭૯ = ૪૪૪૪૪૪૪૪૪

(માલપરા) —દેવજી ચાવડા


ડિસેમ્બર '૬૯ અંકના છેલ્લે પાને ગણિત-ગમ્મત (મ. ના. ખત્રી)માં ચાર સંખ્યાની ગણતરીમાં નીચેની સંખ્યાઓ અપવાદ રૂપ છે. આ સંખ્યામાં ભાગાકાર તથા શેષમાં તફાવત આવે છે. (૧) ૧, ૨, ૩, ૪ (૨) ૨, ૩, ૪, ૫.

(અમદાવાદ) —પુ. મા. બુધ્ધેલિયા

આપનું સ્વઅંકિત રેખાચિત્રો સાથેનું 'આત્મકથાનક' પુસ્તક વાંચી કૃતકૃત્યતા અનુભવું છું.

વીતેલા જમાનાની રૂઢિઓ અને વિવિધતાઓ એમાં તાદૃશ્ય કરી છે, એટલું જ નહિ પણ પુસ્તકમાં ઉલ્લેખાએલી વ્યક્તિઓના સ્કેચ, ફોટો વિ. આપી તે વ્યક્તિઓના વિશિષ્ટ વ્યક્તિત્વનો અમ જેવા વાચકોને પરિચય કરાવી જૂની પેઢી સાથે એકતાર કર્યા છે. આત્મકથાઓમાં આ 'આત્મકથાનક' તેના વિશિષ્ટ પ્રકારના નિરૂપણને કારણે એક આગવું સ્થાન મેળવશે તેના વિષે શંકા નથી. આશા છે કે આપ

(અનુસંધાન પૃષ્ઠ ૭૪)



અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર (કાયાની કરામત-૨૭) જ્ઞાનતંત્રના મુખ્ય બે ભાગ: ઇચ્છાવર્તી ને અનિચ્છાવર્તી. શ્વાસ, હૃદયના ધબકારા, પાચનક્રિયા, કેટલાક સ્રાવ તથા ઉત્સર્ગ વગેરે જેવી આપણી જાણ વિના જ શરીરમાં થતી રહેતી ક્રિયાઓ અનિચ્છાવર્તી જ્ઞાનતંત્રના કામમાં છે. એના પણ 'સિમ્પૅથેટિક' અને 'પૅરા-સિમ્પૅથેટિક' એમ બે પ્રકાર છે. સિમ્પૅથેટિક તંતુઓ શરીરને વિકટ સ્થિતિમાં પહોંચી વળવા માટે તૈયાર કરે છે, જ્યારે પૅરા-સિમ્પૅથેટિક તંતુઓ એ પરિસ્થિતિ બાદ જે તે અંગોને પૂર્વવત્ સ્વાભાવિક સ્થિતિમાં આણે છે. જ્ઞાનરજ્જુમાંથી નીકળતા મુખ્ય જ્ઞાનતંતુઓ સાથે નાડીગ્રંથિમાં જોડાઈ જઈને સમગ્ર શરીરમાં એમનો વ્યાપ છે. શરીરમાં મુખ્ય જે અંગો પર એમનાં કામ છે તે દર્શાવવા સાથે એના પ્રસારને આ આકૃતિમાં સરળ કરી દર્શાવ્યા છે, જેમાં કાળા તે સિમ્પૅથેટિક અને લાલ તે પૅરા સિમ્પૅથેટિક તંતુઓ છે.

હવે.... / માધવ રામાનુજ

· શિખરિણી સૉનેટ ·

હવે બારીમાંથી અમીટ મીટ માંડી કદી ય તે
તમે લાંબી વાટે નીરખી વળી નિઃશ્વાસ ભરતાં
રહો છો? બેડું લૈ હરખભર આતુર ડગલે
હવે પાળે પ્હોંચી ઊડતી ધૂળમાં કોક સુખને
રચો છો? લીલેરી સીમભણી જતા કોક ઘુઘરે
કશા સંદેશાને ગૂંથી પ્રિય, ગણો છો પળ હવે?
અને લાંબી રાતે ઝબકી જઈ ક્યારેક પડખે
જરા ફંફોસીને, પ્રિય, પછી નથી આંખ મીંચતાં?

'બપોરે વેળુમાં ઝગમગ થતા સૂર્ય અમને
હવે સંતાપે છે, પ્રિય, ક્ષિતિજની પાર વસતા
નર્યા ઓછાબોલા જણ સતત યાદ'વી નયણાં
કરે ભીનાં...' પત્રો ફરીફરી પઢું તો ય અવ શું?
હવે ઓઢો આછી શરમ ઘૂંઘટે? કે અધરમાં
હવે ખોટીખોટી રીસ કરી હસો–પંથ મળતાં?

તેડું / હેમન્ત દેસાઈ

· ગાન ·

આજ મન મોરલીમાં માઢ નહિ છેડું;
હાં જોઉં હવે કા'ન મને મથુરાંથી મોકલે છે તેડું?

ઢોલ ચંગ વાગે છે પગલાંમાં પ્રીતમના
જમુનામાં ઘુમરાતી ઝંખના અધૂરી,
શરમાતી પૂનમને સહિયર! મેં સાચવી છે
અત્તરિયા અંતરમાં પૂરી;
આભ મહીં ઊગ્યા વૈશાખને હું વેડું:
કે કા'ન મને મથુરાંથી મોકલે છે તેડું!

ગીતમહીં ઘૂંટું કદંબને, આ કલકલતી
કુંજોને આંખડીએ આંજું,
પગદંડી કમખામાં બાંધું ને વનરાવન
ઓઢી લઈ ઘૂંઘટમાં લાજું;
ઘાટે અધરાતના હું અજવાળું બેડું!
હાં કા'ન મને મથુરાંથી મોકલે છે તેડું.

પડછાયો / યૉસેફ મૅકવાન

· ગાન ·

વાડ કૂદીને તડકો આયો:
હળવેઆકળઝૂલતાંતૃણે સળવળી છલકાયો!
વાડ કૂદીને તડકો આયો.

પળમાં હવા જળમાં ભળી ઉરની જાણે પ્રીત,
આંખને ખૂણે ખૂણે ઝળક્યું ધરતીકેરું સ્મિત!
મનમાં કેવી ક્ષણ ઊગી ગઈ
ચકલીઆખુંઆભચૂમીગઈ
જાઉં છું હું તો જોઈ રહું છું એકલો એકલવાયો.
હળવે ઝાકળ ઝૂલતાં તૃણે સળવળે પડછાયો!
વાડકૂદીજ્યાંતડકોઆયો!

....તમે ને / પિનાકિન્ ઠાકોર

· ગાન ·

ડાળીએથી એક ફૂલ ચૂંટયું તમે,
ને આખા વગડામાં પાનખર પેઠી;
હોઠ મહીં એક વેણ ફૂંક્યું તમે,
ને આખી મ્હેફિલ તે ચૂપ થઈ બેઠી.

ઊઘડતા કંઠમાં મેળવ્યો જ્યાં સૂર તમે,
રણઝણતા તારતાર બેસૂર થૈ તૂટયા;
કાચ જેવા નાજુક તે કાળજાને જામ તમે,
બુંદ ભર્યું લાખલાખ કટકાઓ ફૂટયા.
ભરમરિયા વંટોળે ઉડાડયું હેત તમે
છાયા યે ન'આવતી હેઠી.

કેડીએ પાય હજી મૂકયો પલવાર તમે
ઉજ્જડ કરી દીધી આ આખી મુસાફરી,
આંખોને ખોલી આછેરે ઝબકાર તમે
અંધાપોઆંજીદીધઆયખામાંઆગભરી;
ઊછળતે દરિયે શું મૂક્યું તમે
તે કિરણ ચંદનીનું શકતો ના વેઠી...

એક મરશિયું / રમેશ પારેખ

· કટાવ ·

ધકૂસ દઈને
બારસાખમાં તૂટી પડયા કૈં
કેટકેટલા ઊગતા સૂરજ ધકૂસ
રાતાચોળ બલોયા જેવા.

અશું-કશુંની ચંપાવરણી ડાળ
ડાળથી ખરી પડેલો
આંખ્યુંનો ચંદરવો તબકે
વેરણછેરણ, વેરણછેરણ, વેરણછેરણ...

મોભી,
તૂટી પડયા અણચિંત્યા ઘરના મોભ:
મોભી,
તૂટી પડયા અણચિંત્યા ઘરના મોભ
અને આ ભીંતે વળગ્યા
કંકુના થાપાના ઝેરી દાંત
વાગશે જતાં-આવતાં
વાગ્યા કરશે, વાગ્યા કરશે, વાગ્યા કરશે...

હવે તો સૂરજવંશી,
અધૂકડા માથને છેડે રોજ તમારી ખાંભી
ને રોજ તમારી ખાંભી
ને રોજ તમારી ખાંભી માથે
રતૂમડે લોચન ઘોળાતી
લાલઘૂમ નજરુંનાં સિંદૂર
લીંપ્યા કરશું, લીંપ્યા કરશું, લીંપ્યાકરશું...

'કુમાર'માં પ્રગટ થતા શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે પ્રતિવર્ષ અપાતો

ઈ. ૧૯૬૯ માટે



શ્રી ભાનુપ્રસાદ પંડયાને એમનાં કાવ્યો માટે આપવાનું નિર્ણાયકોએ ઠરાવ્યું છે.
શ્રી પંડયાને અમારાં હાર્દિક અભિનંદન

'કુમાર'માં ઈ. ૧૯૬૯ દરમ્યાન પ્રગટ થયેલી શ્રેષ્ઠ નવલિકા માટેનું રૂ. ૧૦૧નું પારિતોષિક 'સોનલ પંકજમ' માટે શ્રી [illegible] મળે છે.

નિર્ણાયકો સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ અને યશવંત શુક્લના અમે આભારી છીએ.

આયખું / ભાનુપ્રસાદ પંડ્યા

• ગાન •

આયખું ના આજ અને કાલ, મારા બેલીડા,
આયખું તો અવસરની ડાળ!

કૂંપળની જેમ એને ફૂટે છે દિવસો
ને મંજરીની જેમ રાત મ્હોરે!
જીવતાં કોઈએ ન જાણે જીવતર સુવાસનું
મન એમ હળવું થઈ ફોરે!
આયખું તો ફાગણનો ફાલ, મારા બેલીડા,
આયખું તો આંબાની ડાળ!

કાગળમાં મંડાતો આંકડો એ હોય નહિ,
આયખું તો ઘરઘરની વાત!
વેળાના વાયરામાં રોળાય નહિ એવી
વિરલાં વરસોની રૂડી ભાત!
ડગલાંનો સરવાળો નહિ, મારા બેલીડા,
આયખું તો હરણાંની ફાળ!

તડકાનું ગીત / મનોહર ત્રિવેદી

• ગાન •

ખાલીપાનું વ્હેણ લઈને વ્હેતી કાળુભાર,
પડે પડે તડકાઓના વરસાદો મૂશળધાર.

માલપરાની શેરીમાં તડકાના રેલા આવ્યા,
મકાનની ભીંતોના છાયા છાજાં હેઠ ભરાયા;
પાદરની પરબેથી તરસો નીકળશે નઈ બ્હાર,
પડે પડે તડકાઓના વરસાદો મૂશળધાર.

લૂનીવાદળીઓઝરમરતીરહીરહીથળથળમાં,
વગડાનીલીલાશફૂલીમાથોડાંવામૃગજળમાં;
સાંજ પડ્યે ઊઘાડ થાય તો વરતાશે અન્ધાર,

ખાલીપાનું વ્હેણ લઈને વ્હેતી કાળુભાર:
પડ્યાપડ્યાતડકાઓનાવરસાદોમૂશળધાર.

સીમમાં સાંજ / ગોપાળ સોલંકી

• શિખરિણી સૉનેટ •

ઢળે ધીમેધીમે રવિ ક્ષિતિજમાં દૂર, વદને
ફૂટી ક્લાન્તિકાન્તિ, ટશર નભથી રક્તવરણી
ઢળી ગૈ વૃક્ષોથી હરિતતૃણની ટોચ ઉપરે,
પીધી ઊછલે પુચ્છે હલદલ તણી અંજલિ ભરી!

ઊડંતાં પંખીનું પવનભર્યું પાંખોનું ગગન
હવે સંકેલાઈ નીડ બનતું કો વૃક્ષવિટપે,
સર્યો કંઠેથી જે દિવસભરના શબ્દ સકલ
રહ્યા ઊગી હાલાં પરણપરણે, મૌન છલકે!

ઝૂકેલી કાયાને જરીક ઝૂલવી, છાંય અરુણી
નિહાળી ફેલાતી ઝટપટ કરે કાર્ય તરુણી;
લઈ ખાસ્સો ચારો બદન ઝૂકવી ગાંઠ કસતી,
કસેલા કમખાની બૃહદ બરડે ગાંઠ સરતી!

સરી ગૈ ત્યાં દૂરે ક્ષિતિજમહિં સંધ્યા ઝડપથી
શિરે મૂકી લીલી સીમ સઘળી કોલાહલભરી!

૫૩ ('કુમાર' અંક ૫૫૪)

ત્રણ કાવ્યો અને ચાર હાઈકુ / ધીરુ પરીખ

સૂરજનું સ્વપ્ન

• સવૈયા-કટાવ •

અંધારાને આજ અનેરું
સપન સૂરજનું આવ્યું,
નેવેનેવે નૃત્ય કરતું કૈં
કટક તેજનું લાવ્યું.

સૂનમૂન શું તેજ લપાયું
નીડ ઓઢીને આખો;
તેમાં અવ તો ફૂટી રહ્યા
કલરવ સૂરજના લાખો.

કળીકળીની સેજે પોઢયું
તેજ બીડીને પાંખો,
દલદલ ખોલી
ઝાકળમાં ઝળકી સૂરજિયા આંખો.

કૂવાના તળિયામાં જઈને
જાત છુપાવી બેઠો ઠરીને એ જ
ફરીથી સૂરજ ઘડૂકે છલકયા,
વહેતાં નિર્ઝરનાં વારિમાં
કરી ડોકિયું તેજ વેરતો
મરકમરક શો મલકયો!

ત્યહીં અચાનક ઘૂવડ કેરી ઘૂક
અને અંધારાનો જીવ જાગ્યો;
સૂરજ તૂટી ખંડખંડ...જે
દૂર વ્યોમમાં
ઉડુઉડુ થૈ ભાગ્યો!

સળી

• વંશસ્થ-સૉનેટ •

'નથી રહેતી બસ ચૂપ ક્યારની'!
કહી, પહોળાં નયનો કરી, ધરી
રહ્યો કંઈ અંગુલિ નાસિકા પરે;
તથાપિ મારું નવ માનતી જરા,
ચગી વધારે તનયા જ નાનકી.

અને ફરીથી મુજ ક્રોધ ત્રાડકયો
સુકોમળા એ ગુલના જ પુંજ પે;
કરી સળી ને થઈ ચૂપ લાડલી;
હું મસ્ત મારા કવને શું મ્હાલતો!

ત્યહીં સુણ્યો એ રવ ફૂસકા તણો
ગયો જ થંભી નિજ કર્મ-ચાકડો,
જગાડતો'તો લઈ બાહુપાશમાં,
તદાપિ ઊંઘે અડકી સળી દઈ,
ઉજાગરો ભીનલ આંજતી ગઈ!

શિશુ અને દાદા

• પરંપરિત મનહર •

દાદાજીને શિરે
ફગફગે ધોળા વાળ;
ખોળે ચઢી હસે શિશુ–
દાદાજીનાં નેણે જાણે
ચગ્યો ભૂતકાળ!

...

જનમવેળાના રહેલા
રુદન-સ્મિત લઈ
માચીમાંથી ફૂટી હશે
કેવી આશા ડાળ!

પા પા પગી પાડી રહેલી
આયુ-પરસાળ,
ઊડયું હશે ઘર આખું
કેવું અંતરાળ!

ગર્યા હશે શબ્દનાં
અધખૂલ્યાં ફૂલ,
કર્યા હશે ઘરે એનાં
કેવાં કેવાં મૂલ!

ઘોડિયાના કિચૂડાટે
પોઢયું હશે બાળ,
કર ગ્રહી દોરી કરે
સપનની ભાળ!

...

ધોળા ખેંચે ભોળું ત્યારે
આંખ મહીં ફરી વળ્યાં
પાણીના બિલોરી કાચે
સ્મૃતિ નથી એવા
શિશુ-સ્વરૂપને દાદા કેવું
માણે તત્કાળ!

છીછરાં પાણી
ઊંડાં પ્રતિબિંબને
રહેતાં માણી!

આસોપાલવ
કપાય ત્યાં; તોરણ
અહીં બંધાય.

ધવલ તેજ
હંસ શ્વેત; પડતી
શ્યામલ છાયા.

છબિ ઈસુની
અમે દીવાલે જડી
દીધી ખીલાથી.



ગોપીઓની જળક્રીડા નિહાળતાં રાધાકૃષ્ણ : રાજસ્થાનની કિશનગઢ શૈલીનું આ ચિત્ર તેનું નિત્યનું વિલાસશોભાનું માધુર્ય ધરાવવા ઉપરાંત તેના સંયોજન પરત્વે વિશિષ્ટ પણ છે. યજ્ઞવેદીનાં મંડળ પૂર્યાં હોય એવી તેની ભૌમિતિક સમભારવાળી માંડણીની નીચે, છેક તળેની કિનારથી તે બંને પુલની કમાનોની હેઠળ થઈને ઉપર પ્રકાશમાન ચન્દ્ર નીચેની ક્ષિતિજ સુધી ડહેકી રહેલાં જમુનાજળની વિશાળતા મનને પ્રસન્નતાથી ભરી દે છે. ખીલેલાં કમળોથી માંડી દૂર સરી રહેતી હોડીઓ સુધીનો જલવ્યાપાર કેવી રસસૂક્ષ્મતાથી નિરૂપીને ચિત્રને જીવંત બનાવ્યું છે !



ફોટોગ્રાફીની સહાયથી કરેલું એક 'સાઇકેડેલિક' પોસ્ટર. (જુઓ આ અંકની કલાવાર્તા) એના કર્તા પીટર મૅક્સ પોતાના ચાતુરીભર્યા પ્રયોગોથી આ નવતર કલાસ્વરૂપના એક અગ્રગણ્ય કલાકાર ગણાય છે. આવ પોસ્ટરો ઉપરાંત એમણે રકાબીઓ, સ્ટેશનરી ને ઘડિયાળના ચંદા ઉપર પણ અનેક માધ્યમોના મિશ્રણ વડે આ શૈલી ઉતારી છે. આ કલામકારની વધુ કૃતિઓ અન્યત્ર આપી છે. (બ્લૉકો: SPANના સૌજન્યથી

કર્મ

ફાધર વાલેસ

રસિક જળપ્રવાસી હોડીમાં બેસીને જળ-ક્રીડા કરી રહ્યો છે. તે લહેરથી ફરે છે, પાણીનો આહ્લાદક સ્પર્શ કરે છે, હોડીને નદીના પ્રવાહ-માં તણાવા દે છે. નિશ્ચિંત બનીને તે કુદરતની શોભા નિહાળે છે, પાણી ને માછલીઓનો ખેલ જુએ છે, હોડીને આગળ ને આગળ વધવા દે છે. એને ખયાલ નથી કે થોડે આગળ જઈને નદીનો ધોધ થાય છે અને અદમ્ય વેગ સાથે વહેતો તેનો પ્રવાહ ઝઝૂમતી ભેખડોની વચ્ચે-થી નીચેના પ્રદેશમાં ત્રાટકે છે. તલવારની ધાર જેવી કરાડ ઉપરથી ભૂસકો મારીને નદીનાં પાણી હવાને શરણે જાય છે અને વરસાદનો અવતાર ને વરાળના ગોટેગોટાનું રૂપ લઈને દૂરની નીચેની ખીણમાં અફળાઈ વહે છે!

નદીનો પ્રવાહ ધીમે ધીમે ધોધ તરફ જતો રહે છે, અને એની સાથે અનાસક્ત હોડી પણ તણાયે જાય છે. એકદમ એક વળાંક લેતાં દૂરથી ધોધના ઘોર અવાજ સંભળાવા લાગે છે. જાણે ભૈરવજપના ભણકારા! જળપ્રવાસી કાન માંડે છે. એ ઘોર ગર્જનનો અર્થ પ્રથમ તો એને સમ-જાતો નથી. પણ સમજાય છે ત્યારે ઓચિંતી ફાળ પડે છે: આ તો ધોધની ગર્જના! મોહક નદીનું રુદ્ર સ્વરૂપ! મોતનો અચૂક ભેટો! ને તે હેબતાઈ જાય છે, બેબાકળો બની જાય છે.

રે પ્રવાસી! એ પાણીમાં તારો સર્વનાશ છે! બહાર કૂદી પડ ને કિનારે આવી જા—સાવ મોડું થાય તે પહેલાં!

નદીનો પ્રવાહ. કર્મની ગતિ. આગળ ને આગળ. સ્થિર, નિત્ય, અચૂક. એમાં પડ્યા એટલે એ સાથે લઈ જાય. ખેંચી લે, ઘસડી જાય.

શરૂમાં તો આનંદ ને આનંદ.પાણીનો શીતળ સ્પર્શ, લહરીઓની રમત, જળસૃષ્ટિનો મોહ. પણ આગળ તો ધોધની સજા. ફાંસીનો મંચ.

એના આગાહી મનમાં છે. અધર્મ આચરી-એ તો શિક્ષા થશે એની ખાતરી દિલને છે. ધોધનો એ ઘેરો અસ્પષ્ટ અવાજ દૂરદૂરથી સંભળાય છે. અગાઉથી આવેલી ચેતવણી છે. પછી જવાબદારી તો જળપ્રવાસીની જ છે.

અધર્મની શિક્ષા પણ સૃષ્ટિની અસલ યો-જનાનું એક અંગ છે. અપ્રિય ગણ અનિવાર્ય. જ્યાં સ્વતંત્રતા ત્યાં ખોટું કરવાની શક્યતા, અને જ્યાં ખોટું થયું ત્યાં ખોટું કરનારનો દંડ થવો જોઈએ. ન્યાયનો આગ્રહ છે. કર્મનું ફળ છે. સૃષ્ટિનું સમતોલન છે. એક પલ્લું નીચે નમે તો બીજામાં ધડો મુકાય, જેથી ત્રાજવાનું સમ-તોલપણું સચવાય. અને વજન કરી આપનાર તો ન્યાયમૂર્તિ ભગવાન છે.

શિક્ષાનો ખરો અર્થ માણસને સ્વતંત્ર રા-ખીને, તે પોતે જ પોતાનાં કાર્યોનો લાભાલાભ જોઈને સાચો રસ્તો લેવા પ્રેરાય એ શુભ પરિણામ લાવવાનો છે. મદદ છે, ધમકી નહિ. દયા છે, કઠોરતા નહિ. જેલ એ ભરવા માટે ન ન બંધાય, પણ જેલના વિચારથી ગુનેગાર ગુનો કરતાં અટકે અને જેલ ખાલી જ રહે એ માટે બંધાય છે. ખાલી રહેવા માટે જ બંધાય છે, અને ખાલી રહેવામાં એની ખરી સાર્થકતા છે. પણ બાંધવી તો જોઈએ જ!

રાયગઢ એ શિવાજી મહારાજની રાજધાની. એક ઊંચા ને આસપાસના પ્રદેશથી છૂટા પ-ડેલા ડુંગર ઉપર એમણે એ અભેદ્ય ગઢ બંધા-વ્યો. સામેથી ઊંચો મજબૂત કોટ, અને બીજી બધી બાજુએ પર્વતની છેક નીચે સુધી સીધી પડતી કરાડ. લાંબી સાંકડી વાટ લઈને કોટની બાજુએ ઉપર ચડવા માંડીએ તો નજર સામે ગઢનો ભવ્ય દેખાવ ખડો થાય છે. ડાબી તરફ પર્વતનું સૌથી ઊંચું અણિયાળું શિખર છે. પણ તે સીધું નથી. આકાશ ભણી ઊગ્યા પછી તે સહેજ છટાથી જરા આગળ ને નીચે વળે છે ને શૂન્ય અવકાશ પર ઝઝૂમે છે—જાણે પવન-ના હુમલાથી નીચે નમતા શેરડીના સાંઠા. એ શિખરનું આગવું રહસ્ય છે. ગઢમાં પ્રવેશ્યા પછી પાછળની બાજુથી એ ઉપર સુખેથી ચડી શકાય. એની ટોચ સુધી જઈને નીચે દૃષ્ટિ-પાત કરીએ તો ચક્કર આવે. નજર પહોંચે ત્યાં સુધી ખાલી ને ખાલી અવકાશ. અને નીચે દૂર સુદૂર, નિર્દય ખડકોનો ઘોર પથરાટ.

જેવો એ શિખરનો દેખાવ તેવો એનો ઇ-તિહાસ પણ બિહામણો છે. એ મૃત્યુદંડની જગ્યા હતી. જે ગુનેગારને દેહદંડની સજા મળી હોય તેને એની ટોચ પર લઈ જતા ને ત્યાંથી નીચે ગબડાવી દેતા. પાછળથી ધક્કો. શૂન્યમાં ગુંગળાવનાર ઉડ્ડયન. ને નીચે અથડાયો કે એક ક્ષણમાં ચૂરેચૂરા. પછી લાશનો અંતિમ સંસ્કાર તો સમડીઓની ચાંચે જ થવાનો.

એ શિખરનું નામ 'રાજદ્રોહીઓનું શિખર' પાડયું છે. મરાઠીમાં એને 'કડેલોટ' કહે છે. શિવાજીના દરેક ગઢમાં એવું એક છે. ગઢના રક્ષણ માટે કિલ્લો અને કોટ પૂરતા નથી. રા-જ્ય ચલાવવા રાજદરબાર પૂરતા નથી. દ્રોહી-ઓને ઠેકાણે લાવવા પણ તંત્ર જોઈએ. 'કડે-લોટ' વિના સામ્રાજ્ય ન ચાલે. પોલીસખાતા વિના સમાજ ન નભે. સજા વિના સૃષ્ટિ ન ટકે.


ને એ શિક્ષામાં ઉપકાર છે. કારણ કે એના સ્મરણથી દિલની વાસના દબાય છે અને સાચી ભાવનાને ટેકો મળે છે. 'રાજદ્રોહીઓના શિખરે' કેટલા રાજદ્રોહીઓ ચડયા એની ખબર નથી. કદાચ એકે ય ન ચડયો હોય. પણ એની છાયાથી કેટલાબધા રાજદ્રોહીઓ થતાં અટકી ગયા હશે! લાલચ મળી. ગઢનો ગુપ્ત રસ્તો શત્રુને બતાવે તો અઢળક ધન મળે. આખી જિંદગી ચેનમાં જીવી શકાય એટલું ધન મળે. ને મન લોભાય. ને વફા-દારી ડગે. પણ એવામાં અચાનક નજર પેલા શિખર ઉપર પડે. શાંત ચાંદનીમાં એની અ-ણિયાળી ટોચ તારાઓને નીતિનો ઉપદેશ સંભ-ળાવતી રહી છે. ને મન સમજે છે. લાલચ મોટી છે. પણ કડેલોટને શરણે જવું પડે તો? અને મન દૃઢ થાય છે. ને દ્રોહી થતું બચી જાય છે. રાજ-દ્રોહીઓના શિખરને પ્રતાપે! આખરે એનો સંદેશ ક્રૂરતાનો નહિ પણ દયાનો જ હતો.

સજા કેવી, ને કેટલી, ને કેમ, ને ક્યારે, એ ચર્ચામાં માલ નથી. ઈશ્વરની પાસે સમય છે, અનંત કાળ છે, અને માનવના હૃદયને સ્પર્શ કરવાની અગાધ રીત છે. એનો કાળ એ જ જાણે છે, કોઈ માણસ જાણતો નથી. એ જ રીતે કોઈને આપત્તિમાં જોઈને, 'તમે ખોટું કર્યું હતું એટલે હવે ઈશ્વરે દેખીતીરીતે તમને શિક્ષા કરી છે' એમ કહેવાનો કે વિચારવાનો કોઈને અધિકાર નથી. ન્યાયાધીશ બીજો બેઠો છે. તે પોતાના ચુકાદા હૃદયમાં જ સંભળાવે.

પણ કર્મના અટળ સિદ્ધાંત ઉપરથી એ પાઠ તો શીખવો જોઈએ કે કર્મનાં ફળ મળે છે. અનીતિનો વેપાર નુકસાનનો છે. સૃષ્ટિમાં ન્યાય છે, સલામતી છે, સમતોલપણું છે. આ-ધુનિક સમાજના ડગમગતા મંદિરની ટોચ પર ધર્મનો કળશ હજી શોભે છે. રાયગઢના અવ-શેષોની વચ્ચે નીતિના ચોકીદાર તરીકે રાજ-દ્રોહીઓનું શિખર હજી ઊભું છે.

એક સુધારો

ગયા અંકમાં આપેલું ૧૦૦ વર્ષનું કૅલેન્ડર જોવાની સૂચનામાં એક વાત રહી ગઈ છે, કે દર ચોથે વર્ષે આવતા 'લીપ ઇયર'માં ફેબ્રુઆરીના ૨૯ દિવસ થતા હોવાથી તે વર્ષના માર્ચથી ડિસેમ્બર સુધીના મહિનાઓનાં તારીખ-વાર શોધતી વેળા તે વર્ષના ખાના પછીના કૂદીવાળા ખાનાની હારમાં આવતા અક્ષરવાળું કૅલેન્ડર જોવું. દાખલા તરીકે ૧૯૪૮ એ લીપ ઇયર છે (કેમ કે એને ૪ વડે ભાગી શકાય છે), એટલે તે વર્ષના એપ્રિલની ૬ઠ્ઠી તારીખ જોવા માટે ૧૯૪૮ પછીના કૂદીવાળા ખાનાની હારમાં આવતા 'ચ' અક્ષરવાળું કૅલેન્ડર જોતાં તે દિ-વસે મંગળવાર આવશે. આટલો ફેરફાર પોત-પોતાના કૅલેન્ડરસાથેસૌએ અવશ્ય નોંધી લેવો.



અમદાવાદના છઠ્ઠા (૧૯૨૦-ના) ગુજરાતી સાહિત્યપરિષદના અધિવેશન પ્રસંગનું કાર્યવાહકમંડળ: બેઠેલા: ડાબી બાજુથી–રામમોહનરાય જસવંતરાય દેસાઈ, ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ, ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ; પાછળ ઊભેલા ડાબી બાજુથી: રવિશંકર મહાશંકર રાવળ, પ્રીતમરાય વ્રજરાય દેસાઈ, ગટુલાલ ગોપીલાલ ધ્રુ.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક · ૯૪

૪૬૬

નવી ગુજરાતી શાળા

મુંબાઈમાં હું મહિનો'ક રહ્યો તે દરમિયાન કુટુંબ ભાવનગર રહ્યું. અમદાવાદ આવી ઘર ઉઘાડયું ત્યારે બહુ સૂનું લાગ્યું. કુટુંબ આવી જાય ત્યાં સુધીમાં એક દિવસ સાણંદમાં મારા મિત્ર વૈદ્ય વાસુદેવ ગણપતરામને ત્યાં જઈ આવ્યો. આમ ગુજરાતના લાક્ષણિક લોકજીવનનો સીધો પરિચય મળવા લાગ્યો. એમ જ એક વાર ડૉ. હરિપ્રસાદ સાથે નરોડા ગામે જઈ આવ્યો. તે વખતે ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરતા મારા મિત્ર રવિશંકર પંડિત પણ સાથે આવ્યા હતા.

મારાં બાળકોને મેં નજીકની મ્યુનિસિપલ શાળામાં મૂક્યાં હતાં; પણ બાળમંદિરની ઢબે ઊછરેલાં આ બાળકોને ત્યાં શિક્ષકોની થાપટ-ચૂંટીઓનો અનુભવ થયો તેની મને ખબર પડી એટલે બહુ દુ:ખી થયો અને ડૉ. હરિપ્રસાદ પાસે પ્રાથમિક શિક્ષણની આ દશા વર્ણવી. જ્યાં સુધી બાળકો પ્રતિ આપણે પૂરતું ધ્યાન આપી તેમને ફૂલતાં ફૂલતાં નહિ રાખી શકીએ ત્યાં સુધી તેજસ્વી નવી પેઢીની આશા ન જ રાખવી. ડૉક્ટરે તરત નવા ખબર આપ્યા કે ઇન્દુલાલ યાજ્ઞિકે આ બાબતમાં આગેવાની લઈ એક નવું કેળવણી મંડળ સ્થાપ્યું છે અને એક આદર્શ શાળા દોલતખાનામાં સુતારની વાડીમાં શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈ. ૧૯૨૦ના માર્ચની પહેલીથી શરૂ થનારી એ શાળામાં મારા બંને પુત્રોનાં નામ લખાવ્યાં અને તેના ઉદ્‌ઘાટન-પ્રસંગે હાજરી આપી. શાળા માટે તાલીમ પામેલા ભાવનાશીલ ઉત્તમ શિક્ષકો સૌરાષ્ટ્રમાંથી મળી આવ્યા હતા. હેડમાસ્તર તરીકે એક ધ્યેયનિષ્ઠ પ્રૌઢ પાનાચંદ સાંગાણી હતા. તેમને એ શાળાનાં બાળકોના વાલીઓ કદી ભૂલશે નહિ. સુતારની એ વાડી, ચોકમાંના વિશાળ પીપળાના વૃક્ષથી એક આશ્રમ જેવી જ લાગતી હતી. ઘણે ભાગે હું તે શાળાના સલાહકાર મંડળમાં જોડાયો હતો.

૪૬૭ ગુજરાત કલા-પ્રદર્શન

ઈ. ૧૯૨૦ના છઠ્ઠા ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન અંગે ભરાનારા ગુજરાતની કલા-કારીગરીના પ્રદર્શનની સમિતિનો હું મંત્રી હતો એટલે મુંબાઈથી આવીને તરત તેની યોજના પાછળ પડયો. રોજ સાંજે ડૉ. હરિપ્રસાદ સાથે નીકળતો અને શહેરમાં ક્યાંકયાંથી ગુજરાતની લાક્ષણિક કારીગરીના નમૂના મળશે તે તપાસી નોંધ કરતો. સુભાગ્યે તે બાબતમાં ડૉ. હરિપ્રસાદે પોતાના આગવા શૉખને લીધે શિલ્પીઓ, સુતારો ને કંસારાનાં મંડળોમાં પોતાની આણ ફેલાવી હતી. એક જૂના અને ખૂબ બુઢ્ઢા સોમનાથ મિસ્ત્રીને ત્યાં અમે ગયા ત્યારે તેની કાષ્ઠ-કોતરણી જોઈ હું છક થઈ ગયો. ગુજરાતના જાળીઝરૂખાઓમાં, બારીબારણાંમાં, છતો પર કે સ્તંભ પર જે નાના પ્રકારની નકશી થઈ શકે તેના નમૂના તેમણે લાકડામાં ઉતાર્યા હતા. તેમણે કહ્યું કે 'આ કામ માત્ર ચોમાસાની ઠંડી હવામાં જ થઈ શકે. તેનાં ઓજારો જાતે ઘડી લેવાં પડે. એના ખરીદનાર આજે તો કોઈ ભાગ્યે જ મળે, પણ કોઈ સાહેબને એકાદ ચીજ ભેટ આપીએ એટલે નળના કૉન્ટ્રાક્ટ મળે!' જે કારીગરી ગુજરાતની જનતાના સૌન્દર્ય-શૉખમાંથી નિર્માઈ હતી તેના આવા હાલ જોઈ મને ખૂબ જ દુ:ખ થયું.

તે પ્રમાણે કંસારાને ત્યાંથી થોકબંધ જૂનાં પાત્રો, દીવીઓ, સુશોભિત સાંકળો અને બાજઠો વગેરે ઉપસ્કરો મળ્યાં. લોકો ધોળા દેખાતાં જર્મનસિલ્વરનાં વાસણો લેવા એ બધું ભંગારને ભાવે કંસારાને વેચી દેતા હતા; અને કંસારાઓ પણ તેને ગાળી નાખતા અથવા કોઈ વાર મુંબાઈના પુરાણી ચીજોવાળાને નજીવા ભાવે વેચી દેતા. એ ઉપરાંત મેં સૌરાષ્ટ્રના એક મિત્ર દ્વારા ભરતકામનાં થોડાં તોરણો, ચાકળા વગેરે મંગાવ્યાં. કોઈના ઘરમાંથી થોડું મોતીકામ મેળવ્યું. બહારગામના મિત્રોએ કંઈ જ ઉત્સાહ બતાવ્યો નહોતો, છાપેલી પત્રિકાની પણ કોઈ અસર નહોતી, છતાં મને તો પ્રદર્શનની અભરાઈઓ ભરાઈ જાય એટલો સામાન મળ્યો. ત્યારની સ્કૂલોમાં કોઈ કોઈ જગ્યાએ પાટિયું કોતરી જાળી-

ઓ કરવાનું કામ થતું, પણ તે બધું ચોપડીમાં આપેલી પરદેશી આકૃતિઓની નકલની પણ બેડોળ નકલ રૂપ હતું. પાટિયું કોતરવાનું એ કામ મેં કદી બાસ્તીય માન્યું નથી. બહારગામનો માત્ર એક જ જવાબ આવ્યો અને તે ગોંડલથી દામોદર માસ્તરનો, કે તે પોતાની હુન્નરશાળાના નમૂના લઈ આવશે. પણ તે આવ્યા ત્યારે જોયું તો તે માનવ-શરીરના અવયવોના શાળોપયોગી વિલાયતી નમૂનાઓ પરથી કરેલા ઢાળાનાં બીબાં માત્ર હતાં. છતાં એમના નમૂના કલાકારીગરીની કૃતિઓ તરીકે ડૉ. હરિપ્રસાદે મોટા મનથી પ્રદર્શનમાં મૂકવા દીધા.

એ જ અરસામાં ભાવનગર જતા મનુભાઈ સાથે ચિત્રકાર રામરાવ અમદાવાદ રોકાયા. મને ખુશી થઈ કે એક સાચો ચિત્રકાર હું લોકોને બતાવી શકીશ. તેમણે પોતાનાં બે-એક ચિત્રો પ્રદર્શન માટે આપ્યાં. વળી બેચાર ચિત્રો મારાં હતાં તે, અને મુંબાઈથી શ્રી પુરુષોત્તમ મથુરાદાસનાં થોડાં ચિત્રો આવેલાં. ઉપરાંત ડૉક્ટરની મદદથી સ્વ. મગનલાલ શર્માનાં (જેમની વાત અગાઉ 'કલા-અંક'માં વિસ્તારથી આવી ગઈ છે) 'દમયંતી અને પારધી', 'રાણકદેવી' વગેરે ચિત્રો મળીને ગુજરાતની સ્વલ્પ આધુનિક ચિત્રકળા લેખીને ત્યાં મુકાઈ. પ્રદર્શન લેડીઝ ઇન્સ્ટિટ્યુટના ઉપરના ખંડમાં રાખ્યું હતું. તેમાં ભાડતી મંડપો બાંધનારને બોલાવી ડૉક્ટર હરિપ્રસાદે મારી સૂચના મુજબ પગથિયાંવાળા ઘોડા કરાવી તે પર કાપડ નખાવી આપ્યું હતું. વધુ અસરકારક તો ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (આજની ગુજરાત વિદ્યાસભા)ના સંગ્રહમાંની આપણી તળપદી શૈલીમાં જૂની પરંપરાનાં ચિત્રોવાળી પુરાણી પોથીઓ હતી. આટલાથી પણ ડૉ. હરિપ્રસાદ ને ચંદુલાલ દેસાઈ જેવા ગુજરાતની અસ્મિતાના આગ્રહી મિત્રો ખુશ થયા કે 'ગુજરાતનું' કહેવાય એવું પ્રદર્શન થયું.

૪૬૮ ટાગોરનું આગમન

પ્રદર્શનનું ઉદ્ઘાટન બીજી એપ્રિલની સવારે મુંબાઈના સુપ્રસિદ્ધ કલારસિક અને કલાસંગ્રાહક શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીને હાથે થવાનું હતું. તેમની માલિકીના 'લક્ષ્મીઆર્ટ પ્રેસ'માંથી 'સુવર્ણમાળા' નામનું ચિત્ર સામયિક વર્ષો સુધી પ્રકટ થતું લોકોએ જોયું હતું. પણ પરિષદ તથા પ્રદર્શનનું મોટું આકર્ષણ તો કવિવર રવીન્દ્રનાથ ટાગોર હાજરી આપવાના હતા તે હતું. કંઈક કેટલાયે તરુણો અને વૃદ્ધો તેમના નામથી આકર્ષાયા હતા. પ્રદર્શન અને પરિષદની શિસ્ત અને સેવાનું કાર્ય ડૉક્ટરના મંડળના નિત્ય મુલાકાતી અને મિત્ર શ્રી અંબાલાલ પુરાણીને સોંપાયું હતું. અને તેમણે સ્થાપેલા અખાડાઓના વિદ્યાર્થીઓની સેનાએ બધા દિવસોમાં પ્રશસ્ય સેવા આપી. મુંબાઈથી હાજીમહમ્મદે આ પ્રસંગના બને તેટલા ફોટોગ્રાફ મેળવવા મને કહી રાખેલું એટલે તે માટે હું તાજેતરમાં મારા મિત્ર બનેલા જાણીતા ફોટોગ્રાફર જનાર્દન અને પરીખને મળ્યો. તે ભાઈઓએ આ સમારંભને પોતાના માની દરેક પ્રસંગે પોતાના મોટા કૅમેરા લઈને હાજર રહેવા સ્વીકાર્યું. (એ વખતે આજના જેવા નાના હૅન્ડ-કૅમેરા બજારમાં આવ્યા નહોતા) અને પહેલી તારીખની સવારે ટાગોરના આવવાના વખતે જોઉં છું તો તેઓ પોતાના મોટા ફીલ્ડ કૅમેરા અને તેની ઊંચી ઘોડી તથા કાળા પરદા સાથે સ્ટેશનમાં એક થાંભલા આગળ ગોઠવાઈ ગયા હતા! સ્ટેશન પર પરિષદના મુખ્ય કાર્યકરો, અમદાવાદના શ્રીમંતો ને નાગરિકોએ ટાગોરનું ભવ્ય સ્વાગત કર્યું. તેમની ભીડ વચ્ચે, ટાગોરની આરતી થઈ રહી કે તરત કૅમેરાની ઘોડી મંડાઈ ગઈ અને જનાર્દને લેન્સનું ઢાંકણ ઉઠાવી 'વન-ટુ-થ્રી' બોલી બંધ કરી ઘોડી ઉઠાવી ચાલતી પકડી. બીજે દિવસે લેડીઝ ઇન્સ્ટિટ્યૂટના ઉપરના ખંડમાં ઉદ્ઘાટન-સમય પહેલાં હું પ્રદર્શન પર છેલ્લી નજર નાખતો હતો ત્યાં જનાર્દન ટાગોરના આગલા દિવસે પાડેલો ફોટો ૧૭×૨૩ના કદમાં મોટો એન્લાર્જ કરી, તેમાં રંગ ભરી કાચના તક્તામાં મઢીને લઈ આવ્યા લાગલો જ તેને પ્રવેશદ્વારની સામેના દ્વાર પર લટકાવી દેવડાવ્યો. તેના પર કિંમતને સ્થાને 'ઑફર' શબ્દ લખ્યો.

સભા શરૂ થઈ. ડૉ. હરિપ્રસાદે મુખ્ય મંત્રી તરીકે સ્વાગત-વચન વાંચ્યું. તેમણે પ્રદર્શનમાં રજૂ થએલી કૃતિઓ માટે વિસ્તારથી કહ્યું અને તેમાં મારે માટે પણ બે શબ્દો ભાવથી કહ્યા. ઉદ્ઘાટન કરનાર પુરુષોત્તમ શેઠ પોતાનું ભાષણ પોતાના પ્રેસમાં સુંદર રીતે છપાવી લાવ્યા હતા. બધા મહેમાનો માળ પર આવે તે પહેલાં પુરુષોત્તમ શેઠ સાથે હું હજુ ફરું છું ત્યાં આનંદશંકરભાઈએ મને કહેણ મોકલ્યું. તેઓ ટાગોરની છબિવાળા દ્વાર પાસે રાહ જોતા ઊભા હતા. મને કહે 'આ ઑફર (રકમની માગણી) કેટલે સુધી રાખેલી છે?' મેં તરત નજીકમાં ઊભેલા જનાર્દન તરફ નજર કરી એટલે તે બોલ્યા: 'એક ખાસ કદરપી કામ લેખે તે પર રૂ. ૧૫૦ કિંમત મૂકી શકાય.' તરત શ્રી આનંદશંકરભાઈ બોલ્યા: 'મારી પાસેથી રકમ લઈ ચિત્ર મને પહોંચાડજો. લેબલ કાઢી નાખો.' હું સમજ્યો કે ટાગોર જેવા મહેમાનની છબિ પર 'ઑફર' મૂકવી એ ઘણું અઘટિત વર્તન હતું.

દરમિયાન કવિ ટાગોર અને તેમના સાથીઓ પ્રદર્શનમાંની પ્રાચીન વસ્તુઓનું ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરતા હતા. જૂનાં ગ્રંથચિત્રો અને તેમાંની પ્રાચીન લિપિ જોવામાં મહેમાનોએ ખૂબ રસ લીધો. ટાગોરે તો ક્ષિતિબાબુને એમ પણ કહ્યું કે 'તમે અહીં એક વાર ફરીથી આવજો.'

૪૬૯ ટાગોરનાં કાવ્યોનું શ્રવણ

જેવું હતું તેવું એ પ્રદર્શન સાક્ષરો અને પ્રેક્ષકોને ગમ્યું એવો સૂર સાંભળી હું નિરાંતે ઘેર ગયો. હવે પરિષદની બેઠકોમાં તો મારે નિરાંતે હાજરી જ આપવાની હતી.

આ દિવસોમાં ભાવનગરથી અમારા મંડળમાં 'મોટાભાઈ'ના નામે જાણીતા અને અમારા સૌના આદરપાત્ર તેવા ત્યાંના (માજી સ્ટેશન-માસ્તર) મુરબ્બી હરગોવિંદભાઈ નોકરીથી નિવૃત્ત થઈ અમદાવાદના શ્રી નથુરામ શર્મા વિદ્યાર્થીભવનમાં ગુરુ-આજ્ઞાથી એક માસ રહીને ત્યાંના વિદ્યાર્થીઓના નિત્ય જીવનમાં સંધ્યાદિ કર્મો બરાબર પળાવવા આવીને રહ્યા હતા. મારા ઉપર તેમની અનન્ય પ્રીતિ હતી. તેઓ બધો જ વખત ભવનમાં રહેતા, પણ સાંજે મારે ત્યાં આવી સૂઈ રહેતા અને સવારમાં બહુ જ વહેલા પરવારી વિદ્યાર્થીઓ પાસે પહોંચી જતા. કોઈક જ વાર સાંજે મારાં પત્નીના હાથની દશમી જમતા. મોટાભાઈ નથુરામ શર્માના પ્રતિષ્ઠિત શિષ્યોમાં અગ્રણી હતા પણ જડ વેદાંતી નહોતા. તેમનામાં વાત્સલ્ય અને સરસતા સભર હતાં. બાળક કે યુવાન સાથે તે એકદમ ભળી શકતા. તેમણે રાત્રે આવતાં જ કહ્યું: 'રવિભાઈ, ખબર મળ્યા છે કે ટાગોર સાથે આવેલા ક્ષિતિમોહનસેન આજે રાત્રે પ્રદર્શનના ચોક પર રવિબાબુના અસલ બંગાળી પદોનું પઠન કરવાના છે. તમે ચાલો તો આપણે આંટો મારીએ. નહિ ગાવાના હોય તો પાછા આવીશું.'

પરવારીને અમે લેડીઝ ઇન્સ્ટિટ્યૂટ પર પહોંચ્યા તો જોયું કે બંડમિંટનના ચોક પર વીજળી-ગોળો લટકે છે અને સાક્ષરો, કવિઓ ધીરે ધીરે એકઠા થવા લાગ્યા છે. કર્ણોપકર્ણ ઘણાને આ માહિતી મળતાં સારું રસિક શ્રોતામંડળ જામી ગયું. થોડી વારે ક્ષિતિમોહન સેનને લઈ ગટુભાઈ ધ્રુવ આવ્યા. 'ગીતાંજલી'નાં કાવ્યો બંગાળીમાં કેવું લયલાલિત્ય ધારે છે તે અનુભવીને અમે સૌ કૃતાર્થ થયા. પછી તો ક્ષિતિબાબુ ખીસ્સા અને પાનાં ફેરવી કવિનાં અપ્રગટ્ય ગીતો સંભળાવવા લાગ્યા. તેમાં સોનાર તરી (સોના-નાવડી) ગીત તેના રૂપસૌન્દર્ય સાથે સંભળાવ્યું. આ કાવ્યના ભાવાર્થ પૂછ્યો ત્યારે કહ્યું કે સંસાર માણસની સાધના સંઘરે છે, માણસના વ્યક્તિત્વને સંઘરતા નથી. આ કાવ્યની અસર મારા પર એટલી બધી થઈ કે વર્ષો બાદ હું ભાઈશ્રી મેઘાણીની પાછળ લાગ્યો કે આનું ગુજરાતી ભાવગીત કરી આપો. ભલે લાંબા વખતે પણ એમણે મારી એ ઈચ્છા પૂરી કરી. (જુઓ 'કુમાર' અંક ૮૯). (ચાલુ)



ઈ. ૧૯૨૦માં અમદાવાદમાં ભરાએલું ગુજરાતી સાહિત્ય પરિષદનું છઠ્ઠુ અધિવેશન: ખુરશીમાં બેઠેલા ડાબી બાજુથી: બલવંતરાય ક. ઠાકોર, રમણભાઈ મ. નીલકંઠ, ડાહ્યાભાઈ પી. દેરાસરી, ?, કેશવલાલ હ. ધ્રુવ, વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ, હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા (પ્રમુખ), ?, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, વિશ્વનાથ પ્રાણજીવન વૈદ્ય, શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી (કલાપ્રદર્શનના ઉદ્ઘાટક). તેમની પાછળ ઊભેલા ડાબી બાજુથી: જન્મશંકર મહાશંકર બુચ (લલિત), જતુભાઈ સહીઅડ, શંકરરાય અમૃતરાય સહીઅડ, ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, મહાદજી ચંદ્રશેખર દીવાનજી, ?, દામુભાઈ ડાહ્યાભાઈ મહેતા, ?, કાંતિલાલ છગનલાલ પંડ્યા, પોપટલાલ ગોવિંદલાલ શાન, ?, દુર્લભરામ જ્યેષ્ઠારામ પંડિત, ?, તેમની પાછલી હાર ડાબી બાજુથી: અંબાલાલ બુલાખીરામ જાની, ચૂનીલાલ વર્ધમાન શાહ, કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ, પ્રીતમરાય વ્રજરાય દેસાઈ, ગટ્ટુલાલ ગોપીલાલ ધ્રુ...જમીન પર બેઠેલા ડાબી બાજુથી: ?, રવિશંકર મહાશંકર રાવળ, ?, ?, મહાશંકર પોપટભાઈ આચાર્ય (ગુણવંતરાયના મોટા ભાઈ), ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ, કલ્યાણરાય નથુભાઈ જોશી.

ભેદી વી.સી.





...અને 'ફાર્નબરો'ના તૂતક પર
નાસભાગ થવા લાગી ▷

પહેલા વિશ્વયુદ્ધનું બીજું વર્ષ હતું. તારીખ ૭ મે.

આયર્લૅન્ડના પશ્ચિમ કિનારા નજીક હજી યે ઠીકઠીક ચાલુ રહેલા જળમાર્ગમાં જર્મન કપ્તાન કોઈ બ્રિટિશ શિકારની શોધમાં ટાંપી રહ્યો હતો. દૂર ક્ષિતિજમાં એણે આછી ધૂમ્રરેખા જોઈ અને એના મોં પર સ્મિત ફરકી ગયું. એ કૉનિંગ ટાવરમાં ઊતર્યો અને એની બસો ફૂટ લાંબી 'યુ-બોટ'—સબમરીન—પાણીમાં ગરકી જઇને એ ધુમાડાની દિશામાં જળપેટાળમાં આગળ વધી. ધીરેધીરે તેના પેરિસ્કોપમાં એક મોટા જહાજનો આકાર સ્પષ્ટ થવા લાગ્યો.

'ઓહ! આ તો મોટું વેપારી જહાજ છે.' કૅપ્ટન બોલી ઊઠયો. અને પછી તુરત હુકમ છોડયો: 'હોશિયાર!' નૅવીગેટર અને ગનરી ઑફિસરે (ગોલંદાજે) ઝડપથી ગણતરીઓ કરી લીધી. પેલું જહાજ આવતું હતું એ માર્ગે ચાલતું રહે તો પોતાનો અને એનો ભેટો ક્યાં થાય તેનો બરાબર અંદાજ કાઢી લીધો. ટૉર્પિડો-ઑફિસર પોતાનાં બે ભયંકર શસ્ત્રો તૈયાર કરી આખરી પળની રાહ જોતો તૈયાર બેઠો.

હવે માત્ર નવસો વાર જેટલો જ ગાળો હતો. કૅપ્ટને શિકાર પર છેલ્લી નજર ફેરવી લીધી. એ બ્રિટિશ જહાજ હતું. નામ હતું 'લુસિટાનિયા'. ૪૦,૦૦૦ ટનનું એ ગંજાવર જહાજ ન્યૂ યૉર્કથી લિવરપૂલ આવતું હતું.

'ફાયર!' હુકમ છૂટયો અને બે ભયંકર ટૉર્પિડો પોતાના નાળચા-માંથી ઊપડી દરિયાનું પાણી ચીરતા 'લુસિટાનિયા' તરફ ધસ્યા. પોતા-ની સ્ટૉપવૉચ પર નજર માંડી બેઠેલો જર્મન કૅપ્ટન જાણતો હતો કે હવે માત્ર થોડી પળોમાં જ એ બંને પોતાના નિશાનના ફુરચા બોલાવી દેશે. ભયાનક ધડાકાથી ખળભળી ઊઠનારા પાણીના આંચકાથી બચવા સબમરીનમાં બધા જે કંઈ હાથ ચડયો તે આધારને વળગી પડયા.

ફરી જ્યારે કૅપ્ટને પેરિસ્કોપ માંડયું ત્યારે 'લુસિટાનિયા' ડૂબી રહ્યું હતું. પોતાના શિકારના હાલ જોઈ સંતોષનો શ્વાસ લઇને ધીરેધીરે મોરો ફેરવી એણે પોતાની સબમરીન વળી કોઈ નવા શિકારની શોધમાં ઉપાડી.

એ બ્રિટિશ જહાજ 'લુસિટાનિયા'ના ૧૨૨૫માંથી માંડ ૪૭૬ માણસો જ બચવા પામેલા. પણ જર્મન સબમરીનોએ સર્જેલી આ નવી આફતમાંની આ તો એક મુખ્ય માત્ર હતી. એ પછી તો દર છ-સાત દિવસે જર્મન યુ-બોટોએ એકાદ બ્રિટિશ જહાજ ડુબાડવા માંડેલું. બ્રિટિશ ઍડમિરાલ્ટી એના ઉપાય શોધ્યે જ છૂટકો હતો.

૨૧ ઑક્ટોબર, ૧૯૧૫: ટ્રફાલ્ગર-દિન.


પ્લીમથના બારામાંથી એક બચુકલું માલવાહક જહાજ બહાર નીકળતું હતું. નામ હતું 'ફાર્નબરો.' જર્મન યુ બોટો દેખે તે બ્રિટિશ જહાજને ડુબાડતી હતી એવા સમયમાં દક્ષિણ આયર્લૅન્ડમાં ક્વીન્સ-ટાઉન બંદરે કોલસો પહોંચાડવાની ખેપે એ ઊપડતું હતું. થોડે જ દૂર નાંગરેલી એક સજધજ આરમારના કપ્તાન તો આ રેઢિયાળ જેવા 'ફાર્ન-બરો'ને આમ આંધળુકિયાં કરતું જોઈ જ રહ્યો. એના કપ્તાન, ગૉર્ડન કૅમ્પબેલ પણ કેવો હતો! વધેલી દાઢી અને લઘરવઘર વેશે મોંમાં હોક્લી ઘાલી એ તો લહેરથી તૂતક પર આંટા મારતો હતો. પોતાના ખ:ખડધજ ને ગોબરા જહાજની જાણે એને કંઈ ખેવના જ નહોતી. અને એની પેરે એના ખલાસીઓ પણ સાવ એદી બની ટલ્લા મારતા દેખાતા હતા. જર્મન યુ-બોટની નજરે ચડશે તો એની કેવી વલે થશે એ કલ્પ-નાથી આરમારના કપ્તાનનું માથું અનાયાસ ધૂણી ઊઠયું.

પણ ગમે તેમ 'ફાર્નબરો' તો ક્વીન્સટાઉન પહોંચી ગયું. આણેલો માલ પણ ઉતારી દીધો અને પછી એના સખળડખળ દેહની મરામત ચાલી. એ યે ક્યાં ઓછી હતી? રાત્રે પણ એ કામ ચલાવવું પડતું. એ પત્યું એટલે કૅમ્પબેલે બીજી ખેપ ઉપાડી. જોકે રાતદિવસની મરામત પછી પણ ફાર્નબરોના દીદાર કંઈ બહુ સુધર્યા નહોતા. રંગરોગાન તો ઠીક. પૂરી ચોપડ પણ થઈ દેખાતી નહોતી. છતાં યે પાછું એ તો પેલી જર્મન યુ-બોટો જ્યાં ટાંપીને બેઠી હતી એ આથમણા મારગે જ જતું હતું.

ઈ. ૧૯૧૬ના માર્ચની એક વહેલી સવારે કૅમ્પબેલ જહાજના 'બ્રિજ' પર આંટા મારતો હતો. એકાએક એણે પોતાના પ્રથમ ઑફિસરને



રૉબર્ટ ક્લાઈવ



હેસ્ટિંગ્સ : ૧૭૭૩ થી '૮૫



વેલેસ્લી : ૧૭૯૭ થી ૧૮૦૫



ઑકલૅન્ડ : ૧૮૩૫ થી '૪૨

હિંદનું ભાગ્ય ઘડનારા

મુઘલ સામ્રાજ્યની જાહોજલાલી અને શાહી દબદબો યુરોપના કોઈ પણ મોટા રાજ્ય કરતાં ઘણો વધુ હતો. એ મહાન સલ્તનતના વારસો પાસેથી પોતે રાજ્ય લઈ લીધું હોવાનું અંગ્રેજોને બહુ અભિમાન હતું. અને એટલે જ ઇંગ્લંડનો રાજા પોતાને 'હિંદુસ્તાનનો સમ્રાટ' કહેવડાવતો. એ રાજાના પ્રતિનિધિ તરીકે હિંદુસ્તાનના સર્વોપરિ વહીવટી વડા 'ગવર્નર જનરલ' (અને પાછળથી 'વાઈસરૉય')નો ઠસ્સો પણ કોઈ બહુ મોટા મહારાજા જેવા જ ભારે રહેતો.

કંપની સરકાર અને પછી બ્રિટિશ રાજ્યના એ પ્રતિનિધિઓમાંના છ સ્કૉટ, પાંચ આઇરિશ અને એકવીસ અંગ્રેજ હતા. આમાંના ચૌદ ઈટનની વિખ્યાત શાળામાં તાલીમ પામેલા હતા. (ઈ. ૧૮૮૪થી ૧૯૧૦ દરમિયાન તો ઉપરાઉપરી સાત ઈટોનિયનો આવેલા. બાકીનામાંથી છ જણ હૅરોની શાળા (જ્યાં પં. નેહરુએ કેળવણી લીધેલી)ના, બે વિન્ચેસ્ટરના, બે વેસ્ટ મિન્સ્ટરના ને એક હેઈલબરીના હતો. બાર ઉમરાવજાદા ને એક યહૂદી ફળવાળાનો છોકરો હતો. અહીંનાં હવામાન માફક ન આવતાં કેટલાક વહેલા અવસાન પામ્યા તો સાત જણ એંશીથી યે વધુ વર્ષ જીવ્યા હતા. બે જણને તો ડાબો હાથ જ નહોતો. એમાંના એક લૉર્ડ હાર્ડિંજે વૉટર્લૂની લડાઈમાં હાથ ગુમાવેલો અને બીજા ઇર્વિનને તો જન્મથી જ એની ખોટ હતી. એક–કૉર્નવૉલિસ–ને ઈટનમાં હૉકી રમતાં વાગવાથી એની એક આંખ ફાંગી થઈ ગએલી. વીસ જણને, એમણે હિંદુસ્તાનમાં કરેલી સારી (અને નરસી) કામગીરી બદલ, ઉમરાવપદ અપાએલું. આમાંના આઠ અગ્રિમનો પરિચય કરીએ :

રૉબર્ટ ક્લાઈવ : હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજનો પાયો નાખનાર એ ઇંગ્લંડના શ્રૉપશાયર પરગણાના એક સાધારણ જમીનદારનો છોકરો. ૧૮ વર્ષની વયે ઇસ્ટ ઇંડિયા કંપનીમાં કારકુન તરીકે એ જોડાએલો. ત્યાંથી પલાશીના યુદ્ધમાં જીત મેળવી એણે બ્રિટિશ રાજની મેખ મારી. એ પરથી ઇંગ્લંડના વડા પ્રધાન પિટ્ટ એને 'અવતારી સેનાપતિ' કહેતો. અહીં એણે મબલખ પૈસો એકઠો કરેલો પણ બીમારી લઈ એ વતન પાછો ફર્યો અને, કહે છે કે, બર્કલે સ્કવેરમાં પોતે બંધાવેલા આલીશાન મહાલયમાં એણે જાતે ગળું કાપી આપઘાત કરેલો.

વૉરન હેસ્ટિંગ્સ : ૧૭૭૩ થી '૮૫ દરમિયાન હિંદુસ્તાનનો પ્રથમ ગવર્નર જનરલ. એનો યે જન્મ અને કારકિર્દીનો આરંભ ક્લાઈવ પેઠે જ હતાં. બંગાળના ગવર્નરપદે હતો ત્યારે એક જર્મન ચિત્રકારની પત્નીના પ્રેમમાં પડેલો ને પાછળથી એની સાથે લગ્ન કરેલાં. હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજવહીવટનો પાયો એણે નાખ્યો; અધિકારપદ દરમિયાન કપટ, ક્રૂરતા, લાંચરુશ્વત ને લૂંટ આચરવાના આરોપસર ઇંગ્લંડમાં એના પર કામ ચાલેલું, જેમાંથી સાત વર્ષે તે છુટકારો પામેલો.

માર્ક્વિસ વેલેસ્લી : ૧૭૯૭ થી ૧૮૦૫ દરમિયાન ગવર્નર જનરલ તરીકે રહેલો તે, હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજના અનેક આપખુદ સત્તાધારીઓમાં પહેલો હતો. કંપનીના વહીવટને રાજકીય સરકાર બનાવવામાં એનો મોટો હિસ્સો હતો. પોતાના ભાઈ લૉર્ડ વેલિંગ્ટનની સલાહથી એણે દક્ષિણમાં ટીપૂ સુલતાન પર અને ઉત્તરમાં મરાઠાઓ પર જીત મેળવેલી.

કહ્યું: 'ત્યાં ડાબી બાજુ ત્રણેક માઈલ દૂર કોઈ જહાજ લાગે છે. જર્મન યુ-બોટ તો નહિ હોય?' પણ એની ખાતરી માટે બહુ રાહ જોવી પડી નહિ. વીસેક મિનિટમાં તો દરિયાનાં પાણી ચીરતો એક ટૉર્પિડો એમના તરફ ધસી આવતો દેખાયો. થોડા ફૂટને માટે જ એ નિશાન ચૂકી ગયો ને એણે ઉડાડેલ પાણીથી 'ફ્રાનબરો'નું આગલું તૂતક ભીંજાઈ ગયું.

'આ કોઈ ભાઈબંધીનાં લખ્ખણ નથી;' ઑફિસરે કહ્યું : 'યુ-બોટ જ લાગે છે.' પણ કૅમ્પબેલે ટાઢે કોઠે પોતાની હોક્લી ચૂસ્યે રાખી ને જહાજના તૂતક પર એક નજર ફેરવી. પડખેથી જ ટૉર્પિડો ગયા છતાં એના પેલા એદી જેવા ખલાસીઓ પણ કઠેડાને અઢેલીને ઊભા ઊભા ટોળ કરતા હતા. કેટલાક પાનાં કૂટતા હતા કે સવારના તડકામાં લાંબા થઈ પડ્યા હતા. પણ પછી તો એકાએક ફ્રાનબરોના બુંગળા પર એક તોપગોળો આવી પડ્યો. કૅમ્પબેલે તુરત હુકમ છોડ્યો : 'એંજિનો બંધ કરો અને સૌ જહાજ છોડી દરિયામાં કૂદી પડો.'

પણ જહાજ પરના માણસોએ તો તોપગોળો પડ્યો ત્યારથી જ નાસભાગ આદરી દીધી હતી. કેટલાક લાઇફબોટ ઉતારવા માંડ્યા હતા. એન્જિન-રૂમમાં ફરજ પરનો સ્ટૉકર પૂરાં કપડાં યે પહેર્યા વિના લાઇફબોટમાં કૂદી પડ્યો. રસોડામાંથી રસોયો પણ પોતાના પોપટનું પાંજરું લઈને ભાગ્યો. ઘડી વારમાં તો સૌ જહાજ છોડી લાઈફબોટમાં નાસવા લાગ્યા.

ઝડપથી નજીક આવી રહેલી યુ-બોટના કપ્તાને પણ આ નાસાનાસ જોઈ. 'ફ્રાનબરો'ના કપ્તાન પણ જહાજની માયા છોડી જીવ વહાલો કરી ગયા જણાતા હતા. પોતાના શિકારના હાલ જોઈ પોરસાતી પોરસાતી યુ-બોટ વધુ નજીક આવી ત્યાં તો એકાએક ફ્રાનબરોના વ્હીલહાઉસની છાપરી ખસી ગઈ, તૂતકનાં પાટિયાં ઊઘડી ગયાં, અને ત્રણત્રણ ક્વિક ફાયર તોપોનાં નાળચાં દેખાયાં ન દેખાયાં ને એમાંથી ધડાધડ બારબાર રતલી ગોળા વછૂટ્યા. બીજી બાજુ સંતાડેલી મૅક્સિમ મશિનગનોમાંથી ગોળીઓની તડાફડી પણ બોલવા માંડી. કોનિંગ ટાવરમાંથી શિકારની બેહાલી જોવા ઊભેલો જર્મન કપ્તાન તો આભો જ બની ગયો ને ઝડપથી અંદર પેસી ગયો. અને યુ-બોટ એકદમ પાણીમાં ઊતરી ગઈ.

ફ્રાનબરો પણ સ્ફૂર્તિથી આગળ ધસ્યું અને જ્યાં યુ-બોટ હતી તે સ્થાન પર પાણીમાં ઊંડે જઈને ફૂટે એવા 'ડેપ્થ ચાર્જ' છોડ્યા. એના ધડાકાથી સપાટી પરનું ફ્રાનબરો હાલકડોલક થઈ ગયું; પણ પેલી યુ-બોટ તો લાગલી જ નીચેથી ઊંચે ફંગોળાઈ આવી. કૅમ્પબેલે એના પડખા પર નજર નાખી લીધી. નામ વાંચ્યું 'યુ-૬૮'. અને એ પણ જોયું કે પોતાની તોપોએ એના લોખંડી બદનને બરાબર વીંધી નાખ્યું હતું.



કૅનિંગ : ૧૮૫૬ થી '૫૮



કર્ઝન : ૧૮૯૮ થી ૧૯૦૫



અર્વિન : ૧૯૨૫ થી '૩૧



વૅવેલ : ૧૯૪૩ થી '૪૭

કેટલાક વાઈસરૉય

પણ એના અતિ કડાકપણાને કારણે એને પાછો બોલાવી લેવાએલો.

અર્લ ઑફ ઑકલૅન્ડ : ૧૮૩૫ થી '૪૨ લગીનો આ ગવર્નર જનરલ હમેશાં આફતોના જ વિચાર કરતો ! એની બહેન એમિલી ઈડને 'અપ ધ કન્ટ્રી' નામે લખેલી નોંધોમાં હિંદુસ્તાનના જનસમાજ અંગે અદ્વિતીય કટાક્ષ વ્યક્ત કર્યો છે. અફઘાનો સામે મેળવેલા વિજયો બદલ એને 'બૅરન'માંથી 'અર્લ' બનાવવામાં આવેલો. બ્રિટિશ દળો કાબુલમાંથી ખસી ગયા બાદ એણે ત્યાં ભારે લૂંટ ચલાવેલી.

અર્લ કૅનિંગ : ૧૮૫૬ થી '૫૮ સુધી ગવર્નર જનરલ રહ્યા બાદ એણે આગળ ૧૮૫૮ થી '૬૨ સુધી પહેલા વાઈસરૉયનું પદ ભોગવેલું. ૧૮૫૭ના બળવા પછી સિપાઈઓ પ્રતિ રહેમ નજર અને જમીનદારો પ્રત્યે કરડાકી રાખવા બદલ એને ઠપકો મળેલો. એણે ક્રાંતિના અપરાધીઓને સામટી ફાંસી આપવાનો વિરોધ કરવા બદલ લંડનના 'ધી ટાઇમ્સે', 'દયાળુ કૅનિંગ' કહી તેની હાંસી ઉડાવેલી. લંડન પાછા ફર્યા પછી અતિશય કામગીરી અને પત્નીના મૃત્યુના આઘાતને લીધે એ અવસાન પામ્યો.

માર્ક્વિસ કર્ઝન : ૧૮૯૮ થી ૧૯૦૫ સુધીનો આ વાઈસરૉય, હિંદની પ્રજા પ્રત્યે બ્રિટને એક 'મિશન'નું કાર્ય ઉપાડ્યું છે એમ માનતો. લૉર્ડ આલાબાસ્ટર' તરીકે પણ એ જાણીતો હતો. બંગાળના ભાગલાના સર્જક એ સંસ્કૃતિચાહક વાઈસરૉયે ભારતનાં પુરાતત્ત્વધામોની સાચવણી માટે ખાસ કાયદા દ્વારા પુરાતત્ત્વનું ખાતુ શરૂ કરાવ્યું. લોકશાહી અને આરંભની હિંદી કૉંગ્રેસને એ ધિક્કારતો હોવા છતાં એણે પોતાની નમ્રતા જાળવી રાખેલી. લશ્કરી હિતમાં નાગરિક સર્વોપરિતાના કિચનરના વિચારને એણે વિરોધ કરેલો એ કારણે એનું પતન થયું.

લૉર્ડ અર્વિન : ૧૯૨૫ થી '૩૧ લગીના, ઊંડી ધાર્મિક વૃત્તિવાળા આ વાઈસરૉયે ગાંધીજી સાથે સમજદારીપૂર્વકની નિકટતા સાધીને એમની અસહકારની લડત સાથે મીઠી મુત્સદ્દીગીરીથી કામ લીધું (આથી કેટલાક એને થાકેલો ગણતા.) કોંગ્રેસના દૃષ્ટિકોણ પ્રત્યેની એની સહાનુભૂતિ અને હિંદુસ્તાનના વિકાસ અર્થે ૧૯૨૯માં સ્વાયત્ત દરજ્જાની 'સ્વાભાવિક મુદ્દા'ની એની રજૂઆતને કારણે એ પાછો ફર્યો ત્યારે ઇંગ્લૅંડમાં 'સલ્તનતને દગો દેવા' બદલ તેની સામે ઊહાપોહ જાગેલો. ચેમ્બરલેઈનના પ્રધાન મંડળમાં લૉર્ડ હૅલિફૅક્સ તરીકે એણે વિદેશમંત્રીને દરજ્જે કામ કરેલું.

અર્લ વૅવેલ : ૧૯૪૩ થી '૪૭–મહાયુદ્ધની કામગીરી બજાવ્યાને લીધે હિંદના 'કમાન્ડર ઇન ચીફ' તરીકેની પણ જવાબદારી સંભાળનાર એકમાત્ર વાઈસરૉય. હિંદની આઝાદીની લડતના પરાકાષ્ઠાના કાળના તત્કાલીન સંયોગોમાં વ્યાપક હિંસા ફેલાવાના ભયથી 'એબટાઈટ' (ઓટ) તરીકે ઓળખાતી એની નીતિ દ્વારા એણે ધીરેધીરે બ્રિટિશરોને ખસી જવાની ભલામણ કરેલી. પરિણામે એને સ્થાને અર્લ માઉન્ટબૅટનને મૂકવામાં આવ્યા. હિંદુસ્તાનના એ છેલ્લા વાઈસરૉય માઉન્ટબૅટને ૧૯૪૭ના એપ્રિલથી ઑગસ્ટ સુધી એ પદ ભોગવ્યું. એના અમલમાં આ ઉપખંડ સ્વતંત્ર થયો અને વિભાજિત પણ થયો. પોતાની ઉમદા કામગીરીથી લોકચાહના મેળવીને 'પંડિત માઉન્ટબૅટન' કહેવડાનાર એણે સ્વતંત્ર ભારતના પહેલા ગવર્નર જનરલ બનીને પણ સેવા આપેલી.

છેવટના ફેંસલા ખાતર 'ફાર્નબરો'એ બહુ નજીકથી એના પર વધુ ગોળા છોડ્યા.–અને આખરે જ્યારે એણે પીઠ ફેરવી ત્યારે શાંત પડેલા પાણી પર તેલના થર ને થોડો ભંગાર તરતો દેખાતો હતો.

જહાજ છોડીને લાઈફબોટમાં કૂદી પડી ચાલ્યા ગએલા ખલાસીઓએ દૂર રહીને આ બધો તાસીરો જોયો હતો. ધીરેધીરે હવે એ બધા જહાજ પર પાછા ફર્યા. પોતાના ભાગનો પાઠ એમણે બરાબર ભજવ્યો હતો. આ બધી ધમાલમાં એક માત્ર પેલો પોપટ જેમનો તેમ પડી રહેલો. ગાભાનો પોપટ બીજું કરે પણ શું ?!

કૅમ્પબેલ એ સૌને જોઈ રહ્યો. આ ખાસ જોખમી કામગીરી માટેના એ સૌ તો માત્ર સ્વયંસેવકો હતા. રૉયલ નેવી, નેવલ સર્વિસ, વેપારી વહાણો, માછીમારો ને સાગરશોખી સહેલાણીઓમાંથી એ સૌ સ્વેચ્છાએ આ નાટકમાં ભળ્યા હતા. ખખડધજ માલવાહક જહાજ ફાર્નબરોના ભડી મરેલા વહિવટો તરીકેના એમના અભિનયે જર્મનોને ખરેખર મૂર્ખ બનાવ્યા હતા. પોતાના કપ્તાન પ્રત્યે મોં મલકાવી સૌ પોતપોતાને સ્થાને પાછા ગોઠવાઈ ગયા, ભીંજાઈ ગએલા પોપટને તડકે સુકાવા મૂક્યો અને ફરી પાછા આવી બીજી 'કટોકટી'ની રાહ જોતા સૌ બેઠા.

અને તાજેતરમાં જ એક બ્રિટિશ વિનાશિકાના કપ્તાનપદે પહોંચેલા, રૉયલ નેવીના લેફ્ટનન્ટ કમાન્ડર ગૉર્ડન કૅમ્પબેલે પોતાની કૅબિનમાં જઈને લૉગબુકમાં આ આખા ખેલની નોંધ લખવા માંડી.

આમ, બ્રિટિશ એડમિરાલ્ટીમાં 'ક્યુ-૫'ની સંજ્ઞાથી ઓળખાતું 'એસ. એસ. લૉડરર' ઊર્ફે 'ફાર્નબરો' એ જર્મન યુ-બોટ સામેના હથિયાર સમું પ્રથમ બ્રિટિશ ભેદી જહાજ હતું.

'યુ-બોટ ૬૮' ડુબાડવા બદલ કૅમ્પબેલને ડી. એસ. ઓ. (ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસ ઑર્ડર)નું માન મળ્યું. એના નાયબ કપ્તાન અને ચીફ એન્જિનીઅરને 'ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસ ક્રૉસ' અને ફાર્નબરોના બાકીના સૌ ખલાસી તથા 'અદાકારો' વચ્ચે ૧૦૦૦ પાઉન્ડનું ઈનામ જાહેર થયું.

ઈ. ૧૯૧૬માં ડચ પૅસેન્જર જહાજ 'સોટકારા' અજબ રીતે મોતના મોંમાંથી ઊગરી ગએલું. હોલૅન્ડ પહોંચીને એના કપ્તાને ત્યાંનાં અખબારોને એ વિષે જે અનુભવ વર્ણવેલો તે કંઈક આવો હતો :

'...એ દિવસે ભારે ધુમ્મસ હતું. એકાએક જર્મન યુ-બોટે 'સોટકારા'ને આંતરીને અમને જહાજનાં કાગળિયાં સાથે પોતાની સબમરીન પર તપાસ માટે બોલાવ્યા. એ હુકમ માન્યા સિવાય છૂટકો નહોતો. પણ જેવા અમે કામ પતાવીને નીચે ઊતર્યા કે અચાનક જ ધુમ્મસની વચ્ચે એક ભૂખરું જહાજ દેખાયું. એના સઢ એક બાજુ ઢાળી દીધેલા હતા.

આવતાં વેંત જ એની તોપો ધણધણી ઊઠી. જર્મન સબમરીને પણ એની સામે ટૉર્પિડો છોડયો, પણ એ નિશાન ચૂકી ગયો. જ્યારે પેલા અજાણ્યા જહાજના તોપમારાથી વીંધાઈ ગએલી યુ-બોટ પાણીમાં ગરક થઈ ગઈ! થોડી પળોમાં તો અમારી અડોઅડ આવી ગએલું મોત પાછું ઠેલાઈ ગયું.'

આ ભેદી જહાજ તે બીજું કોઈ નહિ પણ 'ક્યુ-૫'—પેલું 'ફ્રાનેબરો' જ હતું. પોતાની જાતને ઢાંકવાનો એનો ઢંગ પણ એનો એ જ હતો. માત્ર થોડો દેખાવ બદલાયો હતો. ફરી એને 'ડી. એસ. સી.', ત્રણ વધુ 'ડી. એસ. એમ.' અને બીજા એક હજાર પૌંડનું ઈનામ મળ્યું. એના રેઢિયાળ ને નિર્દોષ દેખાવ પાછળ એની ખરી કામગીરી આ જ હતી. એટલે એ જાહેર ન થઈ જાય એ સારુ એને મળતા માનચાંદના રાબેતા મુજબના જાહેર વિધિ થતા નહિ.

બ્રિટિશ નૌકાદળના આવા બચાવ-વ્યૂહો છતાં યે ૧૯૧૭ સુધીમાં જર્મન સબમરીનોએ મહિના દીઠ અરધા લાખ ઉપરાંત ટનની જહાજાત ડુબાડી હતી. જોકે જર્મનો હવે નિર્દોષ લાગતાં વેપારી જહાજો પ્રત્યે પણ પાકી શંકાથી જોતા થઈ ગયા હતા. કેટલા યે પ્રસંગોમાં મોટા મછવા કે નાનાં વહાણો, અરે જૂનવાણી સ્કૂનરને પણ જ્યારે તેઓ આંતરતા ત્યારે એકાએક એ યુદ્ધજહાજમાં પલટાઈ જઈ યુ-બોટનો ઘાણ કાઢી નાખતાં! બ્રિટિશ 'ક્યૂ-શિપ્સ'ના કાફલાનું અસ્તિત્વ હવે છૂપું રહ્યું નહોતું.

અને એટલે જ કૅમ્પબેલને પણ લાગ્યું કે હવે ખેલ થોડો બદલવો પડશે. એણે એક નવી યોજના ઘડી અને પોતાના માણસોને સમજાવી. જ્યારે આખી વાત પૂરી થઈ ત્યારે સૌ ચૂપ ને ગંભીર બની ગયા હતા.

'આપના કહેવાનો અર્થ એવો છે, સર,' એક અફસરે આખરે પૂછ્યું: 'કે આપણે હવે સામે ચાલીને જર્મન યુ-બોટ ખોળવાની છે? મતલબ કે આપણે હવે જાણી જોઇને એમના ટૉર્પિડોના શિકાર બનવાનું છે? અને એ ટૉર્પિડો નિશાન ન ચૂકે એ માટે આપણે સામે ચાલીને એની આડા ઊતરવાનું છે?'

'બરાબર એમ જ.' કૅમ્પબેલે કહ્યું: 'જો આપણા જહાજને દુશ્મનો ખરેખર ડૂબતું જુએ તો જ એમને ખાતરી થાય કે આપણે એમને કંઈ નુકસાન કરી શકીએ તેમ નથી. અલબત્ત, આનો અર્થ એ જ કે આપણે છેક છેવટની ઘડી સુધી, એટલે કે આપણું જહાજ જોખમાઇને પાંગળું બની જાય ત્યાં સુધી આપણી તોપોને ઢાંકી જ રાખવાની.'

સૌએ થોડી વાર અંદરોઅંદર સંતલસ કરી. આ યોજના આત્મઘાતક જ હતી. પણ હજી સુધી એમના કપ્તાને કદી ભૂલ નહોતી કરી. અને જો એ પોતે પોતાની જાતને હોડમાં મૂક્તો હોય તો બીજા બધા પણ કંઈ કમ નહોતા. જીવવામાં કે ડૂબી મરવામાં સૌએ સાથે જ રહેવું એમ નક્કી થયું અને બધાએ નવી યોજનાની તરફેણમાં મત આપ્યો.

૧૬મી ફેબ્રુઆરી ૧૯૧૭: આયર્લૅન્ડની પશ્ચિમે અગાઉ પોતાનો પહેલો શિકાર ખેલીને જર્મન યુ-બોટ ૬૮ને જ્યાં ડુબાડી હતી ત્યાં જ લગભગ ફ્રાનેબરો દરિયાની ચોકી કરી રહ્યું હતું. એવામાં વાયરલેસ ઑપરેટરે ખબર આપ્યા કે પોતાના રેડિયો પર એણે બે જર્મન યુ-બોટના કપ્તાનોની વાતચીત સાંભળી છે. એ બેમાંની એક સબમરીનનું નામ છે 'યુ બોટ-૮૩'. કૅમ્પબેલે પોતાના અફસરોને બોલાવીને કેટલીક વિગતવાર સૂચનાઓ આપી દીધી.

બીજી સવારે પોણા દસ વાગ્યે યુ-બોટ ૮૩એ ફ્રાનેબરો પર દૂરથી ટૉર્પિડો છોડયો. રાહ જોઈ રહેલા કૅમ્પબેલે એને જોતાં જ બૂમ મારી: 'ટૉર્પિડો આવે છે.' પણ આ તો હવે પછીના નાટકનો પડદો ઉપાડવાની સૂચના હતી. પાછળથી એણે નોંધ્યું છે: '...અમારે પ્રથમ તો એ ટૉર્પિડો બરાબર નિશાન પર અથડાય એ જોવું હતું. એટલે કે અમારા જહાજને બહુ ખૂબી અને ચપળતાથી ચલાવવાનું હતું. વળી, અમે જાણે એ ટૉર્પિડો જોયો જ નથી એવો દેખાવ રાખવાનો હતો. જો ફ્રાનેબરો એકદમ પોતાનો માર્ગ બદલે તો તો પેરિસ્કોપમાં અમારી તરફ ટાંપીને બેઠેલા જર્મનોને ગંધ આવી જાય.'

એટલે કૅમ્પબેલે પોતાની દિશા પૂર્વવત્ જારી રાખી. ટૉર્પિડો પણ એના માર્ગે ધસ્યો આવતો હતો. છેક છેવટની પળે કૅમ્પબેલે પોતાના સુકાનને એક એવો નાજુક ધક્કો આપ્યો કે જેથી જહાજ થોડું જોખમાય પણ નાહકની જીવહાનિ થતી બચી જાય. અંતે ટૉર્પિડો, એણે ધારેલું તેમ, જહાજના ઍન્જિનરૂમની પાછળના ભાગમાં અથડાયો.—ને, કૅમ્પબેલે નોંધ્યું છે: 'એક ભયંકર ધડાકો થયો. અમારામાંના કેટલાક ગબડી પડયા. પણ મેં ઊભા થઈને જોયું તો આગલા તૂતક પર જેમણે આ ધડાકાથી હાવરાબ્હાવરા બની નાસભાગનું નાટક કરવાનું હતું એ સૌ તો આરામથી ટહેલી રહ્યા હતા. મેં કારણ પૂછ્યું તો કહે: 'અમે તો સાહેબ આપના હુકમની રાહ જોઇએ છીએ. ટૉર્પિડો અથડાયો ને?' મેં કહ્યું: 'હા જ તો!' અને તુરત તૂતક પર નાસભાગ શરૂ થઈ ગઈ. હવે તો આ બધા પાકા થઈ ગયા હતા. ઍન્જિનરૂમમાંથી પેલો અધો કપડાં પહેરેલો સ્ટૅકર ભાગ્યો. પોપટનું પાંજરું લઈ રસોયો પણ નાઠો. જાડિયા ભીમ જેવો મુખ્ય સ્ટુઅર્ડ અકસ્માત દોડતાં દોડતાં ગુંલાટ ખાઈ ગયો ને લાઇફબોટમાં કૂદી પડતાં બીજા બેને પછાડતો ગયો. જરા વારમાં તો લાઇફબોટો વહાણ છોડી દૂર નીકળી ગઈ.' ફ્રાનેબરોમાં પાણી ભરાવા લાગ્યું. પણ ઍન્જિનરૂમમાં માણસોએ તેલ તરતા ગંદા કમરબૂડ પાણીમાં યે ફરજ પર અડીખમ રહીને ઍન્જિન અને ડાયનેમોને ચાલુ રાખ્યા હતા.

થોડી વારે યુ-બોટ નજીક આવી. સંકટમાં સપડાએલી લાઈફબોટમાં બેઠેલા માણસોને થોડા જ ફૂટને અંતરેથી એનું પેરિસ્કોપ નોંધી રહ્યું હતું. આખરે એને સંતોષ થયો અને ડૂબતા ફ્રાનેબરોથી એકાદ સો વાર જેટલે નજીક એ દરિયાની સપાટી પર બહાર આવી. ત્યાં તો ધડાધડ છૂટેલા ફ્રાનેબરોની ટોપોના બારબાર રતલી ગોળાઓએ એના બદનને વીંધી નાખ્યું. ને થોડી જ વારમાં એ દરિયાને તળિયે જઈ બેઠી!

પણ આ દરમિયાન ફ્રાનેબરોનું સુકાન પણ પાણીમાં ઊતરી ગયું હતું. અંદર રહેલા ઇજનેરોને બહાર તૂતક પર આવતા રહેવું પડયું હતું. સમય પૂરી કટોકટીનો હતો, છતાં છેક અત્યાર સુધી તેના રેડિયો-સંકેતો ચૂપ હતા. હવે એણે સંકેત વહેતો કર્યો: 'ક્યુ-૫' ક્વીન્સટાઉનને સંદેશો પાઠવે છે. ૧૭ ફેબ્રુઆરી, સવારના સવા દસ અત્યારે ક્યૂ-ફાઈવ ગૌરવપૂર્વક ધીરે ધીરે ડૂબી રહ્યું છે. આપ સૌને છેલ્લા સલામ.'

આ સંદેશો એક વિનાશિકા અને સ્લૂપ પર ઝિલાયો. વિનાશિકા તુરત ક્યૂ શિપની મદદે આવી પહોંચી અને સૌને ઊચકી લીધા. પણ કૅમ્પબેલ પોતાના જહાજને છોડવા તૈયાર નહોતો. ઊલટું એણે તો ફ્રાનેબરોને સલામત સ્થાને પહોંચાડાય ત્યાં સુધી એને ટકાવી રાખવા સ્વયંસેવકો માગ્યા. એના બધા જ માણસો એ માટે તૈયાર થઈ ગયા, જેમાંથી એણે થોડાને ચૂંટી લીધા.

આ વખતે ફ્રાનેબરોના ફાળકામાં માત્ર લાકડાં જ ભર્યાં હતાં, એટલે એ તદ્દન ડૂબી જાય એમ તો હતું જ નહિ; છતાં એનો પાછળનો ભાગ પાણી ભરાવાથી આઠેક ફૂટ જેટલો તો ઊંડો ઊતરી ગયો હતો. અંતે વિનાશિકાએ એને ધસડીને બેર હૅવનમાં મિલ્કો મુકામે પહોંચાડી દીધું.

થોડા મહિના થઈ ગયા, કેટલીક મરામત થઈ, અને ફરી એ પોતાના કાર્ય માટે તૈયાર થઈ ગયું. આ વેળા એણે વ્યાપારી જહાજનો સ્વાંગ સજ્યો હતો, પણ એના કાફલામાં તો એના એ જ માણસો હતા.

૨૧ એપ્રિલ, ૧૯૧૭ના લંડન ગૅઝેટમાં એક જાહેરાત થઈ: 'હિઝ મૅજેસ્ટી ધ કિંગ બહુ આનંદપૂર્વક શાહી આરમારના કમાન્ડર ગૉર્ડન કૅમ્પબેલ, ડી. એસ. ઓ.ને એમની પ્રશંસનીય બહાદુરી, સંપૂર્ણ ઠંડી તાકાત અને હિઝ મૅજેસ્ટીના યુદ્ધરત જહાજનું કુશળ કપ્તાનપદ સંભાળવા માટે 'વિક્ટોરિયા ક્રૉસ' આપવાનું જાહેર કરતાં ગૌરવ અનુભવે છે.'

લોકોને નવાઈ લાગી કે આ કયા જહાજની વાત છે અને એણે ક્યાં કયું સાહસ કર્યું છે? કોની સામે ને ક્યારે બહાદુરી બતાવી? અને કૅમ્પબેલે આ સર્વોચ્ચ માન મેળવવા જેવું શું કર્યું છે? બધે જ એ કુતૂહલ ફેલાયું. કેટલાંક છાપાંઓએ કૅમ્પબેલને 'ભેદી વી. સી.' તરીકે પણ ઓળખાવ્યો. પરંતુ ત્યારે હજી 'ક્યૂ-શિપ'ની પ્રવૃત્તિ જાહેર કરવા જેવી ક્યાં હતી?

ઈ. ૧૯૧૭ના જૂનમાં કૅમ્પબેલનું નવું જહાજ 'પાર્ગસ્ટ' યુ-બોટના શિકાર-વિસ્તારમાં ઘૂમી રહ્યું હતું. હવે તો બધાં જ બ્રિટિશ વ્યાપારી જહાજો પર ઓછામાં ઓછી એકાદ સબમરીન-વિરોધી તોપ આવી ગઈ હતી. એ મુજબ 'પાર્ગસ્ટ'ના પાછલા તૂતક ઉપર પણ એક તોપ હતી, પણ માત્ર દેખાવ પૂરતી. એવી જ રીતે કેટલીક લાઈફબોટો પણ શોભાની જ હતી. જરૂર પડ્યે પળમાત્રમાં એની અંદર છુપાવેલી તોપો કામમાં લઈ શકાય તેમ તૈયાર જ રહેતી.

રાબેતા મુજબ કૅમ્પબેલ ટૉર્પિડો શોધી રહ્યો હતો. ને એક વહેલી સવારમાં એક મળી પણ ગયો. પાર્ગસ્ટ એને ભેટવા ચાલ્યું. એકાદ સો વાર દૂરથી માછલીની જેમ ફરી ટૉર્પિડો ઍંજિન રૂમ પાસે અથડાયો. ફરી એક વાર ભાગંભાગ શરૂ થઈ. એ જ પેલો રસોયો ને એનું પોપટનું પાંજરું બહાર આવ્યાં. ફરી પેલા જાડિયા સ્ટુઅર્ડે ગડથોલિયું ખાઈ બે જણને પછાડ્યા. અને લાઈફબોટો પાણીમાં ઊતરી.

પણ આ યુ બોટનો કપ્તાન કાચો નહોતો. દૂર રહીને એણે ચારે બાજુ ફરીને પેરિસ્કોપ દ્વારા બધું નાટક જોયું. ફરી ડૂબકી મારી બીજા જ સ્થળેથી પાર્ગસ્ટ પર પેરિસ્કોપ માંડી રાખ્યું. અને આખરે સંતોષનો શ્વાસ લઈ અદાથી એ સબમરીનને સપાટી પર લઈ આવ્યો. પણ ત્યાં તો પેલી લફટતોપ ખસી ગઈ, લાઈફબોટનાં પડખાં ખૂલી ગયાં, ને એમાંથી દેખાતી તોપોના પહેલા જ ધડાકે એના કૉનિંગ ટાવરના ફુરચા ઉડાવી દીધા. બીજા ગોળાઓએ એનું પડખું વીંધી નાખ્યું. થોડી વાર પછી પાણી પર તેલના થર રેલાયા ને એનો મોરો બહાર ડોકાઈ આવ્યો. ઘડી પછી તો એ દરિયામાં ગરક થઈ ગઈ.

ક્યૂ-૫ પેઠે પાર્ગસ્ટમાં પણ લાકડાં જ ભર્યાં હતાં. એટલે ટૉર્પિડોથી થએલા ભારે નુકસાન છતાં એ તરતું રહેલું. કૅમ્પબેલે એ જ આખરી સલામ કહેવડાવી અને અંતે તેઓ ક્વીન્સટાઉનમાં જઈને નાંગર્યા.

આ વિજય માટે એના ડી. એસ. ઓ.માં એક 'બાર' ('પટ્ટી') ઉમેરાઈ. નાયબ લેફ. સ્ટુઅર્ટને ડી. એસ. ઓ. તથા આર. એન. અને સીમૅન ડબ્લ્યુ. વિલિયમ્સને 'વિક્ટોરિયા ક્રૉસ' મળ્યા. આ બંને જણને એ જહાજના બધા જ સાથીઓએ એકઠા થઈને પોતાના સૌના વતી આ સર્વોત્તમ માન સ્વીકારવા માટે ચૂંટી કાઢ્યા હતા.

૮ ઑગસ્ટ ૧૯૧૭: કૅમ્પબેલે પોતાના ત્રીજા ક્યૂ-શિપ 'ડનરેવન' વડે પણ એવી જ યુક્તિ અજમાવી અને એ વિજય માટે એના ડી. એસ. ઓ.ના માનમાં બીજી 'બાર' ઉમેરાઈ. લેફ. છ. છ. બૅાનર અને પેટી ઑફિસર ઈ. મિચરને વિક્ટોરિયા ક્રૉસ અને એના સાથીઓને બીજા આડત્રીસ જેટલા ઍવૉર્ડ એનાયત થયા.

આ સાહસ પછી યે કૅમ્પબેલે વળી નવા ક્યૂ-શિપની માગણી કરી, પણ એના બદલે એને બૅટલ ક્રૂઝરનું કપ્તાનપદ એનાયત થયું.

પોતાના એ ગંજાવર યુદ્ધજહાજના વિશાળ તૂતક પર હવે દાઢી કરેલા સાફ ચહેરે એ ઊભો હતો ત્યારે ક્વીન્સટાઉનના બારામાંથી એક બંગાર જહાજ બહાર નીકળતું હતું. એના તૂતક પર કેટલાક માણસો ટાંટિયા લંબાવીને પડ્યા હતા, કોઈક પાનાં રમતા હતા તો થોડાક વળી એક પોપટના પાંજરાને વીંટળાઈને ઊભા હતા...

કૅમ્પબેલના મોં પર એ જોઈને સ્મિત રમી રહ્યું. પાસે ઊભેલા ફર્સ્ટ લેફ્ટેનન્ટને એણે કહ્યું: 'આ બંગાર વહાણ પર હુમલો કરનાર જર્મન યુ-બોટની મને બહુ દયા આવે છે.'

લઘુકથા

આઘાત

ધીરેન્દ્ર મહેતા

'નીરુ...એ નીરુ!'

બૂમ પડી અને બાજુના ખંડમાં સૂનમૂન બેઠેલી વિમળાના શરીરમાં ઊંડેલી ધ્રુજારી એ સ્મશાનવત્ શાંત ઘરમાં પસરી ગઈ....

'નીરજ નામ પાડીશું.' મનહરરાયે તે દિવસે ઉલ્લાસથી કહ્યું હતું.

'કોનું!' લજ્જાને છુપાવવા, સમજી હોવા છતાં, વિમળાએ અજાણ્યા હોવાનો ડોળ કરી પૂછેલું. પણ ભોળા મનહરરાયે તો તુરત જ જવાબ આપેલો. 'બેબીનું.'

'તમને શી ખબર કે બેબી જ આવશે?' 'જોજો ને!'

'અને બાબો આવશે તો?' વિમળા પણ હવે ટીખળ કરવા પ્રેરાઈ.

'તો નીરજ.' પૂર્વવત્ સરળતાથી જ મનહરરાયે એનો પણ ઉત્તર વાળેલો. અને ત્યારે હર્ષનો કંપ વિમળાના રોમેરોમ વ્યાપી ગયો હતો.

વળી એક દિવસ: 'એ...ઈ, સાંભળો છો?' 'શું?'

'હું તને આ રીતે બોલાવું છું તે તને નથી ગમતું ખરું?' '...'

'હવે તારી એ ફરિયાદ ટળી જશે.' મનહરરાયે હસતાં કહેલું. 'કેમ?'

'નીરજા કે નીરજ આવશે ને, પછી હું નીરુ...એ નીરુ...કહીને જ તને બૂમ પાડીશ.'

'ગાંડા થયા છો કે શું અત્યારથી?' વિમળા લજ્જાથી નીચું જોઈ ગઈ હતી. 'કેમ, એમાં શું? બાપુજી પણ બાને 'મનુ...એ મનુ...' કહીને જ બોલાવતા હતા.' મનહરરાયે મુગ્ધતાથી કહ્યું હતું.

અને નીરજ આવ્યો તે દિવસથી એમણે વિમળાને 'નીરુ'ના નામે બોલાવવાનું આરંભી દીધું હતું. ધીમેધીમે એ સ્વાભાવિક બની ગયું, ભલે પછી નીરજ ઘરમાં હોય કે ન હોય.

પછી તો નીરજ મોટો થયો. બી.એ.નું છેલ્લું વર્ષ પણ પૂરું થવા આવ્યું હતું. એક દિવસ એ મિત્રો સાથે પિકનિકમાં ગયો ત્યાં તળાવમાં પગ લપસતાં એ પાણીમાં ઊંડો સરકી પડ્યો. અને જ્યારે એ હાથ લાગ્યો ત્યારે તો ઘણું મોડું થઈ ચૂક્યું હતું.

નીરજના આવા અવસાનનો કારમો ઘા જીરવવો વિમળા માટે અત્યંત કઠિન હતો. ઘરમાં ખાલી પડેલો એનો પલંગ, એનાં મેજ-ખુરશી, પુસ્તકો, કપડાં,—કંઈ કેટલી યે નાનીમોટી ચીજો જોતાં એને પુત્રની યાદ સતત આવતી રહેતી અને તે હમેશાં રડ્યા જ કરતી. જો આ જ સ્થિતિ જારી રહે તો કદાચ માનસિક સ્થિરતા પણ ગુમાવી બેસવાનો ડૉક્ટરે ભય વ્યક્ત કર્યો હતો. નીરજની સ્મૃતિથી વિમળાને મુક્ત કરવા મન કઠણ કરીને મનહરરાયે ધીરેધીરે પુત્રની યાદ આપતી નાનીમોટી ચીજો ઘરમાંથી દૂર કરવા માંડી હતી.

પણ આજે કામમાં ડૂબેલા મનહરરાયને કંઈ જરૂર પડતાં વિમળાને બોલાવવા સહસા બૂમ પડાઈ ગઈ;: 'નીરુ...એ...નીરુ.'

પ્રયત્નપૂર્વક રોકવા છતાં વિમળાના મુખમાંથી ડૂસકું નીકળી ગયું.... આંખોમાંથી આંસુ વહી નીકળ્યાં...પાલવમાં મોં છુપાવી એ બેસી રહી...મનહરરાય પોતાની જેમ નીરજને યાદ કરીને રડતા નહોતા, સૂનમૂન થઈને બેસી પણ રહેતા નહોતા, કાર્યમાં રત રહેતા હતા, કદાચ દીકરાને ભૂલી શક્યા હતા...

પણ વિમળાએ પાણી નીતરતી આંખે જ્યારે ઊંચું જોયું ત્યારે ઉંબરામાં મનહરરાય કોઈ અપરાધીની જેમ નતમસ્તક ઊભા હતા.

ચન્દ્રવદન મહેતાની
અંતરગઠરી-૨૬

દેશદેશનાં સાહિત્ય-સંસ્કૃતિની અરસપરસ અસરો

મિશિગન સ્ટેઇટ યુનિવર્સિટીમાં મારી નિમણૂક ત્રણ ટર્મ માટે રૉકફેલર સ્કૉલર તરીકે 'આર્ટિસ્ટ ઈન રેસિડેન્સ' એવા લખાણથી થએલી, અને એ ત્રણ પૈકી પહેલી અને ત્રીજી ટર્મની થોડી વાતો આપણે આગળ જોઈ ગયા, પરંતુ એ નિવાસ મને સતત યાદ રહેશે તે તો બીજી ટર્મમાં હાથ ધરેલા અભ્યાસક્રમને લઈને, અને ત્રીજી ટર્મ બાદ વિદ્યાર્થીઓએ 'શાકુન્તલ' નાટક ભજવ્યું એ માટે.

મૂળ વાતે અમારા ખાતાના ક્લાર્કનો જ કંઈક ગોટાળો–થોડી ગેરસમજણ: પ્રો. મહેતા રેસિડેન્ટ આર્ટિસ્ટ એટલે એમને માથે ૧૬મી-૧૭મી સદીના અંગ્રેજી નાટકકારો વિષે શીખવવાનું ગોઠવી દીધેલું! એ એક ભૂલ; અને બીજી ભૂલ એ કે એ જ વિષય અમારા ખાતાના એક સાથીદાર પ્રોફેસરે શીખવવાનું નક્કી પણ કરી દીધેલું, અને એ સંબંધનો ચોપડો છપાઈને બહાર પણ પડી ગએલો. પ્રો. મહેતાનું નામ અંગ્રેજી ડિપાર્ટમેન્ટમાં ઘૂસી ગએલું, અને જે બે હજાર ઉપરાંતના અભ્યાસક્રમોમાં ક્યાંક તો કાપલીભૂલ કે છાપભૂલ કે ટાઇપિંગ-ભૂલ થઈ જાય, એમાં મારો જ ગ્રહ વકરાએલો, એટલે હું સપડાયો. બધું જ બરાબર કરી શકાત. ડૉ. ઑાયરે ભૂલ માટે પસ્તાવો ય રજૂ કરેલો. પણ મને થયું કે આ પણ મુકાબલો કરવાની તક છે; થઈ જાય! એટલે ડૉ. ઑાયરે બધાની એક નાની મીટિંગ બોલાવી. અંગ્રેજી ડિપાર્ટમેન્ટના વડા ડૉ. મિસ રીસ પણ હાજર. એ સાલસ, ઠરેલ બાઈએ બહુ ટૂંકમાં કહ્યું કે, 'ડૉ. મહેતાને આ ટર્મે અમારા ડિપાર્ટમેન્ટમાં કામ કરવા હું નિમંત્રણ આપું છું. કમ્પૅરૅટિવ લિટરેચરમાં એમને ગમે તે વિષય લે; નાટકનો પણ લે. એમાં ભારતીય નાટક શીખવાડે તો પણ અમને વાંધો નથી.' મેં કહ્યું: 'ખુશીથી, પણ જિંદગીમાં હું કોઈ પણ દિવસ અંગ્રેજીનો શિક્ષક હતો નહિ, છું નહિ—'

'તો થશો, અમને તમારા અંગ્રેજીમાં શ્રદ્ધા છે. અમારા વિદ્યાર્થીઓ સમજશે, અને કંઈક નવું પામશે. અમને કબૂલ છે.'

બસ; મીટિંગ પૂરી થઈ. બધાંને સૂતક થઈ ગયું, ફાર્લી રિચમંડ તો ઘેલોઘેલો થઈ ગયો: 'સી. સી.! જે મદદ જોઈએ તે હું કરીશ. આ અભ્યાસક્રમમાં શું શીખવવું છે?' મેં ડૉ. રીસ પાસે થોડી મુદત માગી. ટર્મ શરૂ થવાને હજી મહિનાની વાર હતી. ટાઇટલ બોર્ડ ઉપર મુકાઈ ગયાં: 'કમ્પૅરૅટિવ લિટરેચર અને સ્ટડીઝ ઈન ઈન્ફ્લુએન્સિસ' એનાં વિદ્યાર્થીઓ બી.એ. થઈને માસ્ટર્સ ડિગ્રી લેવાવાળાં એ નવું જાણ્યું. પણ મેં હિંમત ગુમાવી નહિ. ને મારા ૩૫ થી ૪૦ તાસ માટે લેક્ચર્સનો અભ્યાસક્રમ દરેક દિવસના ટાઇટલ સાથે આઠ દિવસમાં નિશ્ચિત કરી આપવાના વચન સાથે અમે છૂટાં પડ્યાં. ને સીધો જ હું લાયબ્રેરીમાં પહોંચ્યો.

દસેક વિદ્યાર્થીઓનાં નામ તો આવી ગએલાં; એમાંનાં ચાર તો અભ્યાસક્રમ માટે પૂછવા પણ આવી ગયાં. એમને પણ વાયદો કર્યો. અને લાયબ્રેરીમાં આંટા મારી, ઉપર-નીચે જઈ, જોઈ-સાત કલાક ચોપડીઓ જોઈ, ત્યાંના બેત્રણ ઉસ્તાદોને મળી, રાતોરાત ક્રમ ઘડવા બેઠો. ત્રીજે દિવસે તો એ અભ્યાસક્રમ મેં ટાઇપ કરવા આપ્યો, અને ટાઇપ થતાં જ એક નકલ ડૉ. મિસ રીસને અને બીજી ડૉ. ઑાયરને મોકલાવી આપી. મેં મથાળું જરા લંબાવ્યું હતું. એમાં 'સાહિત્યમાં સરખામણી; અરસપરસની અસરો; અને 'વિથ રેફરન્સ ટુ ધી અર્લી ઈસ્ટર્ન લિટરેચર બિગિનિંગ ફ્રૉમ ૩૦૦૦ બી. સી. ટુ મૉડર્ન યુરોપિયન ઍન્ડ ઇન્ડિયન લિટરેચર.' બીજે દિવસે તો હોહા થઈ ગઈ. એ અભ્યાસક્રમ માટે સારી ચર્ચા થઈ, એટલું જ નહિ પણ મને જેઓ ઓળખતાં નહોતાં તેઓએ પણ ટેલિફોન ઉપર અભિનંદન આપ્યાં. ચાન્સેલર હાન્નાસાહેબે પણ ફોન કરી તારીફ કરી. ભારતની કોઈ પણ યુનિવર્સિટી ઉપરાંત કોઈ ખાનગી વ્યક્તિને પણ પોતાના વાચનને વિકસાવવા, તેમજ કેટલીક દિશામાં સંશોધન કરવા પ્રેરે એવો આ અભ્યાસક્રમ છે.

અભ્યાસક્રમને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યો છે: (૧) સંસ્કૃત અને એનો અરસપરસ સંબંધ; (૨) ફારસી અરબી સાહિત્ય: એની અસરો; (૩) અંગ્રેજી તથા યુરોપીય ભાષાઓ ને એની અસરો.

પહેલા દિવસના ભાષણમાં: આખા વિષયની સમજૂતી અને છણાવટ. આ અભ્યાસનો હેતુ શો? દુનિયાના સાહિત્યમાં કેટલાક બંધ–ઘાટ એકસરખા ક્યાં જોવા-જાણવા મળે છે? આ સામ્ય કેવા પ્રકારનાં છે.ભાષા, શૈલી, પાત્રાલેખન અને એમાંના માવો મસાલો. કથાકથાનકો અને વાતોમાં રૂપક તરીકે વિષયની માવજત કેટલી? સ્વીડન નૉર્વેની પ્રખ્યાત સાગાઓ. ગ્રીક ભાષામાં હોમરનું ઇલિયડ અને એવાં મહાકાવ્યો. સંસ્કૃતનાં રામાયણ-મહાભારત, પુરાણો. ફારસીમાં શાહનામા. અૅરેબિયન નાઇટસ અને કથા-સરિત્-સાગરની, વાર્તાશૈલી ઉપર વિવેચન.

બીજા દિવસનો વર્ગ: હાજરી સારી અને વધારે. સંસ્કૃત ભાષા ને એની અસર, એનું મહત્ત્વ, એની ખૂબીઓ. આ માટે બરોનું 'સંસ્કૃત લેંગ્વેજ'નું પુસ્તક ઘણું કામ લાગ્યું. લિપિની ચર્ચા કરીને તેમાં સામ્ય શોધવા પ્રયત્ન કર્યો. આ વિષયમાં એસ. એન. ક્રેમરનું 'સુમેરિયન માઈથૉલૉજી'નું પુસ્તક બતાવ્યું. સુમેર એ જ મેસોપોટેમિયા. ત્યાંનાં કેટલાંક કાવ્યોમાંથી નીકળે છે કે એરિડુ શહેરમાં સંસ્કૃતિ સારીરીતે વિસ્તરી હતી. એંકી નામના ભગવાને પોતાની પુત્રીને કેટલીક કલાચાતુરી શીખવી હતી. બીજો મુદ્દો હિટ્ટી અને વૈદિક વચ્ચેનું સામ્ય. વેદ અને અવસ્તા વચ્ચેનું સામ્ય.'યમ'-'યીમ', 'વિવસ્વત'-'વિવાનગ્હટ', 'મિત્ર'-'મિથ્ર', એવા ઘણા સરખા શબ્દો ઉપર ધ્યાન આપવું. 'રથ'-'ચૅરિયટ', 'અશ્વ'-'બિરિહાશ્વ' અને 'બહદાશ્વ'—એવાંએવાં શબ્દ ઝૂમખાં એકઠાં કરી વિચાર કરવો. આ બાબતમાં ઈ.સ. પૂર્વે ૨૩૦૦ની સુમેરિયન સીલ અને પેરૂ પ્રદેશમાંની ઈન્કા સીલ, ઘરેણાં વગેરેની સરખામણી. જી. આર. હન્ટરનું 'સ્ક્રિપ્ટસ ઑાવ હરાપ્પા' તથા મેસોપોટેમિયા અને બીજી લિપિઓનાં પુસ્તક એ જમાનાની ચિત્રલિપિઓ હતી.

વળી હિન્દ ઉપર પુરાણા સમયમાં પણ પરદેશી અસરો હતી? અને હતી તો તે કેટલી એનો તાગ કાઢવા 'ફૉરેઇન ઈન્ફ્લ્યુએન્સિઝ ઈન અન્સ્યંટ ઇન્ડિયા' (આર. એ. જયરાજ ભોજનું એશિયા પબ્લિકેશન્સનું પુસ્તક)અને કાલિદાસ નાગના 'ઇન્ડિયા ઍન્ડ મિડલ ઈસ્ટ'માંથી ઈન્ડસ વૅલીનું પ્રકરણ વાંચી જવું. આ ઉપરાંત 'કલમ'–'કલમોસ', 'ફલક'–'ફલકોસ', 'પુસ્તક'–'પુક્સિયોન' એવા ઘણા ગ્રીક અને સંસ્કૃતમાં સમાન અર્થના શબ્દો મળે છે તો તે ક્યાંથી અને ક્યારે દાખલ થયા તે વિચારવું. પંતજલીએ 'યવન' લિપિનો નિર્દેશ કર્યો છે તો તે કઈ લિપિ તે શોધવી. વેદ અને અવસ્તામાં શબ્દ ઉપરાંત વ્યાકરણ અને વાક્યરચનાની સરખામણી નોંધવા જેવી છે. ટી. બરોના પુસ્તક ઉપરાંત 'ઓરીએન્ટલ સ્ટડીઝ'ના ચોથા વૉલ્યુમમાં બાનેટનો ૭૦૩ પાના ઉપરનો ખાસ લેખ, યમ અને ગ્લિક્સની સરખામણીનો, જોઈ જવો.

હિન્દનો ઇતિહાસ મળવા માંડ્યો તે પહેલાંના સમય વિષે બીજાં બેત્રણ પુસ્તકો લખાએલાં. એમાં મિ. ત્રિવેદા ('દી' નહિ ત્રિવેદા)નું

'ઇન્ડિયન ક્રૉનૉલૉજી' જોઈ જવા જેવું છે. એ તો વેદનો સમય ઈ. પૂર્વે આઠ હજાર વર્ષનો મૂકી લગભગ દરેક ઘટનાનું ચોક્કસ વર્ષ આંકે છે. પહેલે જ પાને ઈ. પૂર્વે ૮૨૩૧ થી ઈ. ૧૯૬૩ સુધીની ઘટનાઓ આલેખી છે. એકદમ માનવામાં ન આવે એવું લાગે છે, પણ એકદમ નકારવાવાળા આપણે કોણ? એ પુસ્તક સાથે સ્ટુઅર્ટ પિગોટનું 'પ્રિ-હિસ્ટોરિક ઇન્ડિયા ટુ ૧૦૦૦ બી.સી.' પુસ્તક સરખાવવા જેવું છે. પછી રાગોઝિનનું 'વેદિક ઇન્ડિયા' વાંચો. જ્યાં માઇથૉલૉજીમાં એમને સમજણ ન પડે ત્યાં જૉન ડાઉસનનું 'ક્લાસિકલ ડિક્શનરી ઑવ હિન્દુ માઇથૉલૉજી'નું પુસ્તક બતાવી દીધું એટલે એ વિદ્યાર્થીઓની ગાડી ચાલી.

બરોનું સંસ્કૃત ભાષા ઉપરનું અત્યંત વિશદ અને વિદ્વત્તાભર્યું પુસ્તક જો વાંચો તો સંસ્કૃત ભાષા ઉપર ડચ વિદ્વાનોએ કરેલાં કેટલાંક ધ્યાન ખેંચે એવાં સંશોધનોમાં જાન ગોન્ડાનાં ત્રણ પુસ્તકો જોવા જેવાં છે: 'ફોર સ્ટડીઝ ઈન લૅંગ્વેજિસ ઑવ વેદ', 'કૅરેક્ટર ઑવ ઈન્ડો યુરોપિયન મૂડ્ઝ' અને 'રિમાર્ક્સ ઑન સિમિલીઝ ઈન સંસ્કૃત લિટરેચર.' આ ઉપરાંત 'જ્યૉગ્રાફી ઑવ રિગવેદિક ઇન્ડિયા'ના લેખકનું નામ અત્યારે મારી પાસે નથી, પરંતુ એમાં પણ કેટલીક સરસ માહિતી છે.

આ બધાંમાંથી કલાનાં લક્ષણો, મહત્ત્વનાં સામાજિક તત્ત્વો, ફિલસૂફીનું બયાન તથા ભાષાશૈલી અને વાક્યરચનામાંનું સામ્ય તારવી, આર્યો ઉપરથી નીચે ઊતરતા આવ્યા તેમતેમ મધ્ય એશિયામાં, ઈરાનમાં, અફઘાનિસ્તાન એટલે કે ગાંધારમાં અને હિન્દમાં એક પ્રકારનો સ્પષ્ટ જણાઈ આવે એવો સાહિત્યનો દોર પકડી લેવો શક્ય બને છે.

બેને બદલે ત્રણ દિવસ વર્ગ ચાલ્યો, અને કલાકને બદલે કદીક સવા કલાક સુધી વર્ગ લીધો. આટલું જણાવ્યા બાદ ચોથે દિવસે કેવળ એક જ પુસ્તક ઉપર વર્ગ લીધો. અને તે બાળ ગંગાધર તિલકનું 'આર્કટિક હોમ ઑવ ધી આર્યન્ઝ.' જો શરૂમાં એ પુસ્તક લીધું હોત તો વિદ્યાર્થીઓને રસ ન પડત, મને પ્રો-ઇન્ડિયન માની મનમાં સંશય પેદા કરત. પણ પશ્ચિમના અનેક વિદ્વાનોનાં પુસ્તકોનો ઢગલો આગળ ધરીને પછી તિલક મહારાજનાં મંતવ્યો અને સંશોધનો રજૂ કર્યાં અને ત્યાર બાદ જ ટૂંકમાં તિલકનું રાજકારણ અને એમના જીવનની આછી રૂપરેખા વિષે ખયાલ આપ્યો. એમાં ૧૯૨૧માં એમનું મુંબાઈમાં સરદારગૃહમાં અવસાન, એ પહેલાં ગાંધીજીની એમની સાથેની મુલાકાત અને આખા દિવસની સ્મશાનયાત્રા બાદ ચોપાટી ઉપર ચંદનકાષ્ઠની ચિતામાં એમને દેવાએલા અગ્નિદાહ વખતની અમારી હાજરીની વાતો કરી, ત્યારે કુદરતીરીતે આ અષ્ટરંગી પ્રોફેસર માટે વિદ્યાર્થીઓને આદર થયો.

આમ ચાર ભાષણ પછી પાંચમામાં હિન્દ અને ચીનને સાંકળવા પ્રયત્ન કર્યો. મારે માટે આ તદ્દન નવો જ વિષય હતો, પણ સાઉથ ઈસ્ટ એશિયા અને ચીનમાં એક વખત સંશોધનનું કામ કરવા આ બાજુના ઠીકઠીક સંગ્રહમાં પ્રોફેસરોએ ઝંપલાવેલું. એમની અને પુસ્તકોની મદદથી મને આ નવું ક્ષેત્ર તપાસવાની મજા પડી. વળી હિન્દમાંથી હિન્દીઓ જેમ પૂર્વ તરફ પોતાની સંસ્કૃતિ લઈને ગયા, એમ ઉત્તર તરફ પણ ગએલા. એ વિષે મધ્ય એશિયામાંથી મળી આવેલા અશ્વઘોષનાં પાનિયાં ઉપરાંત હું ત્યાં જતાં અગાઉ બર્લિનના ડહાલેમ મ્યૂઝિયમમાં ગયો હતો ત્યાં પ્રો. લ્યુડર્સે ૧૯૧૧માં જે હજારો હસ્તપ્રતો એ જ તુરફાણ પરગણામાંથી હાથ ધરેલી, ને એનાં ચિત્રો સાથે જે ગ્રંથો બહાર પડેલા તે મંગાવવા યુનિવર્સિટીની લાયબ્રેરીના વડાને કહેલું, એટલે તે ગ્રન્થો પણ હાજર હતા એમાંથી અઢળક માહિતી સાંપડી. અશ્વઘોષના 'સારિપુત્ર પ્રકરણ' નામક નાટકનાં પાનેપાનાં આ ગ્રન્થોમાં છપાએલાં છે. 'ફ્રૅન્કફુર્ટ ઑન મેઈન' શહેરની પશ્ચિમે વીસબાડન શહેરમાં આવાં કામ હાથ ધરનાર એક સુંદર પબ્લિશિંગ પ્રિન્ટિંગ હાઉસ (મુદ્રણ પ્રકાશન પેઢી) છે, એમને ત્યાં પણ હું પહોંચી ગએલો, એટલે સુભાગ્યે એ બધું જ્ઞાન મને બહુ કામ લાગ્યું.

લુ-કુઆન-યુનું 'સીક્રેટ્સ ઑવ ચાઈનીઝ મેડિટેશન' લંડનમાં ૧૯૦૯માં રાઈડર પ્રકાશન તરફથી બહાર પડેલું. તેમાં ધ્યાન અને યોગક્રિયા ભારતમાંથી કેવી રીતે ત્યાં ગઈ અને ભારતીય જ્ઞાન ત્યાં શી રીતે પલટાયું તથા વપરાયું એનો ઠીક અંદાજ નીકળે છે. આ સાથે પ્રોબોત ('પ્રભાત'ની જોડણી એ જ પ્રમાણે છે—પ્રોબોત) મુકરજીની 'ઇન્ડિયન લિટરેચર ઈન ધી ઈસ્ટ' અને બિનોય (વિનય) સરકારની 'ચાઈનીઝ રિલીજિયન થ્રૂ ધી ઇન્ડિયન આઈઝ' એ બે પુસ્તકો પણ જોઈ જવા જેવાં છે. બે સરસ લેખો,—એક ઈ. ૧૯૬૦માં મૉસ્કોમાં મળેલી ઓરીએન્ટલિસ્ટ્સની આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસમાં વંચાએલો અને એના વૉલ્યુમ નં. (૫)માં છપાએલો તે (પાનું ૪૦૨-૪૦૫) 'સમ આસ્પેક્ટ્સ ઑવ ચાઈનીઝ' ઍન્ડ ઇન્ડિયન ઈન્ફ્લુએન્સ ઈન જાપાનીઝ લિટરેચર'-(લેખક મિ. આઈ દેડા) અને એ જ વૉલ્યુમમાં મી. રોહરિચનો 'સ્ટોરી ઑફ શમ ઈન તિબેટ'—વાંચવા જેવા છે. આવી આડકતરી, ક્યાંકક્યાંક ચોપાનિયાંમાં આવેલા લેખોની યાદી મારા એક વિદ્યાર્થીએ સારા પ્રમાણમાં તૈયાર કરેલી. એ બધાંમાંથી બુદ્ધ સમયનાં લખાણો તથા ધર્મસૂત્રો ઉપરાંત કૉન્ફ્યુશિયસ પૂર્વેના ચીનમાં, અને બુદ્ધ ભગવાન પહેલાંના ચીનમાં ભારત અને ચીન વચ્ચે કેટલીક ક્રિયાઓ અને માન્યતાઓમાં રહેલું સામ્ય જણાઈ આવે છે-ખાસ કરીને યજ્ઞકાર્યમાં અગ્નિની મહત્તા. અગ્નિદેવતા પાવન કરનારો—પાપ બાળનારો છે એમ, અને યજ્ઞોમાં રાતા બળદનો ભોગ આપવાની પ્રથા જેવી વેદના સમયની પ્રથાઓમાં ઠીક સામ્ય પરખાઈ આવે છે. ગ્રિફિથે ચીનની અને વેદની અગ્નિની સ્તુતિ સરખાવી છે. ઉપરાંત ભારતની પિતૃપૂજા અને ચીનની વડવાઓની પૂજાની પણ પ્રચિત સરખામણી કરી છે. એમની સ્વર્ગની ભાવના; 'એકમ' એટલે કે એક જ—અદ્વિતીય અને સર્વશક્તિમાન છે, અને અન્નને ઉગાડનારો છે. એને પ્રાર્થના કરતાં 'હે એકમ' અમારે માટે તમે વધારે અન્ન ઉગાડો, અમારું રક્ષણ કરો, અમારા ઉપર તમે સર્વશક્તિમાન રાજ્ય કરો, અમને દ્રાક્ષનો આસવ આપો' એવી વેદના જેવી જ ઘણી સ્તુતિઓ અને ભાવનાઓ જોવા મળે છે. લા કુપેરીએ અગ્નિનો ખયાલ પશ્ચિમમાંથી ઉદ્‌ભવ્યો હોવાનું ઘટાવે છે, છતાં ભારતમાં કે ચીનમાં તેમજ ઈરાનમાં એ બધી રીતે પાવન કરનારા દેવતા છે, એવું પ્રતિપાદન કરનારાં ઘણાં પ્રમાણો મળી આવે છે એ તો જાણીતી વાત છે.

વળી એક સુંદર આખ્યાયિકા મળી આવી, એની પણ મારા વિદ્યાર્થીઓ સમક્ષ વાત કરી. ઈસુની જ સદીમાં એટલે કે ઈ.સ. ૬૭ની સાલમાં ચીનના પહેલા બાદશાહને એક સ્વપ્નું આવ્યું. એના રાજ્યમહેમહેલમાં એકાએક એક વિભૂતિ પ્રવેશી, અને એણે બુદ્ધ ભગવાન વિષે કેટલીક કથાઓ કહી. બાદશાહે બીજે જ દિવસે અઢાર રાજદૂતોને દક્ષિણ દિશામાં મોકલ્યા, જેમાંના કોક મૂનિ માતંગ સાથે—અને બુદ્ધની અસંખ્ય મૂર્તિઓ અને પાડપત્રીઓ લઈ પાછા ફર્યાં. પછી ત્યાં મંદિરો બંધાયાં અને પાઠપત્રીઓના ચીની ભાષામાં અનુવાદ કરવા વ્યવસ્થા કરવામાં આવી. પછી છસો વર્ષ બાદ હ્યુ એન સંગ સૂત્રો, પુસ્તકો, પાઠીઓ, એવી જાતજાતની સામગ્રી ચીન લઈ આવ્યો એ વિશે કહ્યું. અશ્વઘોષે અને નાગાર્જુને કરેલા પ્રવાસની વાત તો જાણવામાં છે જ. કેટલીક ચીનની પૌરાણિક કવિતાઓના અંગ્રેજી અનુવાદ ત્યાંની યુનિવર્સિટીઓનાં સામયિકોમાં પ્રગટ થએલા તે મને એક ભલા અને ખંતીલા વિદ્યાર્થીએ મેળવી આપતાં, મારા આ ભાષણોમાં એમને સારો રસ પડ્યો.

આમ પહેલો તબક્કો જલદી પૂરો થાત, પણ એમાં વળી નવા સુમાત્રા તરફ વળ્યા. આર. સી. મજમુદારના 'કૉલૉનાઈઝેશન ઈન ફાર ઈસ્ટ' 'એન્શ્યંટ ઇન્ડિયા' અને ડચ—અમેરિકનોનાં ઢગલાબંધ પુસ્તકો ઉપરથી મહાભારત અને રામાયણની એ પ્રદેશોના સાહિત્ય ઉપર પડેલી અસરો

તારવવા માટે એક વધારે ભાપણ આપ્યું. બીજી-ત્રીજી સદીમાં સંસ્કૃત છંદશાસ્ત્રમાંથી કોઈક શંભુ વર્મને વસંતતિલકા, શાર્દૂલવિક્રીડિત ને બીજા એવા છંદોને એ પ્રદેશોમાં દાખલ કરાવ્યાના પુરાવા મળ્યા. મજ્મુદારના પુસ્તકને ૬૨મે પાને ઘણી રસિક વાતો મળશે. ત્યાંના ચંપા પ્રદેશમાંના સંસ્કૃત શિલાલેખો વિષે પણ ઉલ્લેખ છે. ૫૦ શ્લોકોનું એક સંસ્કૃત કાવ્ય એ સમયમાં ત્યાં લલકારાએલું, અને એને 'પ્રશસ્તિ' જ કહેતા. પાણિનિમાંથી પણ ત્યાં ઉતારા મળી આવે છે. 'સૂર્યશતક' પછી તો 'કથા સરિત્સાગર'માંની કથાઓ, 'રઘુવંશ' અને 'કામસૂત્ર' તો આજે પૃથ્વીની મોટા ભાગની ભાષાઓમાં તરજુમાય છે, ફરતાં ફરે છે, તો ત્યારે ન ગયાં હોય એમ કેમ બને? 'ત્રયી', એટલે 'વેદત્રયી', બૌદ્ધ અને જૈન સાહિત્યમાંથી, ન્યાય-વૈશેષિકમાંથી ભારોભાર ઉતારાઓના ઉલ્લેખો મળે છે. જાવા સાહિત્યમાં 'અમરમાલા' ને 'અમરકોષ'નાં પણ સૂચનો છે ઇન્દુમતી માટેના અજવિલાપનો ઉલ્લેખ તો 'હિસ્ટરી ઑાવ લિયાંગ ડાઈનેસ્ટી' નામના ચીની પુસ્તકમાં પણ થયો છે.

અને આમ સંસ્કૃત સાહિત્યની ત્યાં અસર તારવતાં, નાટકના બંધને હું શા માટે ફરેવું? એટલે એક ભાપણ આગળ ગયા! અહીં કેટલાકને મતે, અને જે જે રાજ્ય કરનારાઓ એક દેશ જીતે છે ત્યાં જૂની અસરો નાબૂદ કરવામાં પોતાની મોટાઈ માને છે તેમ, જાવા-બલી-સુમાત્રામાં પણ કેટલાક એવા સંશોધકો પેદા થએલા, જેમણે એવી હવા સરજેલી કે એ લોકોનાં નાટકો સ્વતંત્ર રીતે જ વિકસેલાં, ભારતની ત્યાં કશી અસર હતી જ નહિ. આ મત મોટા ઠરાવવા, આજે પણ બેંકૉક જાઓ તો, રસ્તાનાં નામ 'રામ પહેલા' 'રામ બીજા' છે, અને મથુરા વિષ્ણુપુરી અને અયોધ્યા નગરી એમ ત્યાંનાં શહેરોનાં નામો આજે પણ મોજૂદ છે, છતાં એક ઑન્ડનસાહેબે જાવાના પપેટ અને એમનાં લોકનાટકો કેવળ ત્યાંની જ પેદાશ છે એવું ઘટાવવા પુસ્તકો લખી પ્રચાર કરેલો, એ તોડવા આંધ્રનાં પપેટથી શરૂ કરી ચર્મ-પપેટો તેમ જ કઠપૂતળીની રચનાઓ એ પ્રદેશ તરફ ગએલી, એમાંનો માત્રો લગભગ મહાભારત–રામાયણમાંનાં કથાનકોને મળતો, અને હનુમાનના અત્યંત લોકપ્રિય થએલા પાત્રનો વારંવાર ઉપયોગ વગેરે સમજાવી કેટલાંક દૃઢ મંતવ્યોને પણ તોડયાં. આ દિશામાં પિશેલના ઉલ્લેખ ઉપરાંત જે. કાટ્સના લેખો વાંચવા જેવા છે. વળી ફ્લીવર્લૅન્ડનું 'ઇન્ડિયન ઈન્ફ્લ્યુએન્સ ઑાન ધ લિટરેચર ઑાવ જાવા'નું પુસ્તક મનનીય છે. બસ, હવે પુસ્તકોની યાદી થકી તમને કંટાળો નહિ આપું. પણ આ વિભાગને જતો કરીએ તે પહેલાં કેટલીક જ્ઞાનકણિકાઓ યાને રસિક ઘટનાઓ ઝપાટાબંધ જોઈ જઈએ.

આ વાચન યા અભ્યાસ દરમ્યાન આપણે ત્યાં હતા (અને કંઈક અંશે હજી છે) એવા ચાર વર્ણાશ્રમ ધર્મો બીજે પણ હતા એમ જાણવા મળ્યું. કવિ ફિરદોસીના લખ્યા મુજબ ઈરાનના પાદશાહ જમશેદે પણ પ્રજાજનોના ચાર ભાગ પાડેલા: ક્તુઝિયન, નિસારિયન, નસુદી ને અહુખુશી. વળી લડનારા, ધર્મકર્મ કરનારા-કરાવનારા, હકીમો અને સાફસૂફી કરનારા એવા ચાર વિભાગોનો સ્પષ્ટ ઉલ્લેખ ચલ થહીબી કરે છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાં સંશોધન કરનાર શ્રીમતી નૂતલ મેકસિકોની ધર્મક્રિયામાં વેદની વાતોનો ઉલ્લેખ હોવાનું કહે છે, અને વખત જતાં એમની લગ્નક્રિયામાં પણ ધ્રુવનો તારો વરવહુએ જોવો એવું સૂચન આવે છે. 'તારો'—'સ્ટાર', એ ઉપરથી 'સ્ટારા' 'સિતારા' 'તારા'. લાટિન, ગ્રીક, સ્વીડિશ, બાસ્ક ભાષાઓમાં એક જ જાતના કેટલાક શબ્દો મળે છે, એમ પણ એની સારવણી છે. સોમયજ્ઞ કરવાનો અને તાંબુલ (પાન) પ્રાશનનો રિવાજ ત્યાં હતો. વળી વનસ્પતિ–ઔષધિઓ, અને જ્યોતિષ જોવાની ક્રિયા વિષે પણ એ બાઈ ઉલ્લેખો બતાવે છે. આ બાબતમાં રસ હોય તે લુવિટના રૉયલએશિયાટિકસોસાએટી જર્નલમાં ૧૮૯૦માં પ્રકટ થએલો. 'હીસ્ટરી ઑાવ રાઈસ' (ચોખાનો ઇતિહાસ) લેખ પણ વાંચે (પૃ. ૭૩૦).

હીટાઇટ રાજાઓનાં નામ આર્યોનાં નામ જેવાં છે, એમાં સૂર્યવંશી પણ છે. કપાસનો અને એમાંથી કપડું થતું એનો પણ ઉલ્લેખ એમાં છે. પરસ્પરની અસરોમાં રાજા બિન્દુસારે ગ્રીક રાજા સેલ્યુકસ પાસે ગ્રીક આસવો, કેટલાક દાણા અને ફિલસૂફીના નમૂના મંગાવ્યા હતા, એના જવાબમાં ત્યાંના રાજાએ વિવિધ જાતના વાઇનોના બાટલા અને બીજું ઘણું તો મોકલી આપ્યું, પણ છેવટે ઉમેર્યું કે 'ફિલૉસૉફરોની અદલાબદલી કરવી કે એનો વેપાર કરવો એ તંદુરસ્ત વ્યવહાર ન ગણાવો જોઈએ.' આ વિધાન મ્યુલરની 'હીસ્ટરી ઑાવ ગ્રીસ'ના ચોથા ભાગમાં ૪૨૧મે પાને છે. કોઈને વાંચવું હોય તો દીવાન ચમનલાલનું 'હિન્દુ અમેરિકા' નામનું પુસ્તક વાંચવું. એમાં ઈન્કા અને મય સંસ્કૃતિઓમાં ભારોભાર વૈદિક ક્રિયાઓ અને ઇન્દ્ર-વરુણ-નાગ વગેરેની અસરો ઉપરાંત સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગ પ્રમાણેના વિભાગો વિષે પણ સરખામણી છે. પરંતુ મારા મતે લખાણ ઘણું ગ્રંથિલ, બિનજવાબદાર ને વધુ હોંસથી લખાએલું લાગે છે, એટલે એમાં કેટલીક ઘણી રોચક વાતો હોવા છતાં તે મેં જતી કરી છે અને મારા વર્ગમાં પણ ઉલ્લેખ કર્યા વિનાની જ રાખી હતી.

આ વર્ગમાં ઉપર લખી અસરોના અનુસંધાનમાં કાવ્યના છંદ, નાટકના બંધ અને મંત્રતંત્ર ઉપરાંત ફિલસૂફીની ધારાઓમાં અસરને પરિણામે સામ્ય, એ સૌની ઉપલબ્ધ પુસ્તકો થકી ચર્ચા કરવાની મજા પડી. આપણા મુકાબલે પરદેશના વિદ્વાનોએ આ દિશામાં કેટલાં મહત્ત્વનાં સંશોધનો કર્યા છે, એ જાણી મનમાં દુઃખ થયું—દુઃખ એટલા માટે કે આપણે જે કામ કરવું જોઈએ એ આપણે આપણી અંદરઅંદરની હોંસાતોસીમાં નથી કરી શક્યા; એની શરમ પણ મેં મારા વર્ગમાં જાહેર કરી.


થોડાં પુસ્તકોનાં નામ લખવાં રહી ગયાં છે તે, જેમને આ વિષયમાં વધારે જાણવું હોય તેમના માટે આપુ છું: ૧) 'ફોર સ્ટડીઝ ઈન ધ લૅંગ્વેજ ઑાવ વેદ: જાન ગોંદા; ૨) સંસ્કૃત ઈન ઈન્ડોનેશિયા'–સરસ્વતીવિહારસીરીઝ–જાન ગોંદા; ૩) 'સમ સંસ્કૃત પ્લેઈસ-નેઈમ્સ ઈન ઍન્શિયંટ કૅમ્બોડિયા': કલ્યાણકુમાર સરકાર; ૪) 'સમ સંસ્કૃત સ્ટૅન્ઝાઝ ઈન જાવાનીઝ તંત્ર': કામંદક; ૫) 'ઓરીએન્ટલ ઇન્ફ્લ્યુએન્સ ઈન વેસ્ટર્ન આર્ટ': જયરાજ ભોજ; ૬) 'હેલેનિઝમ ઈન એન્શ્યન્ટ ઇન્ડિયા': ગૌરીનાથ બૅનરજી.

હવે આપણે ફારસી, અરબી અને ઘડાએલી સંસ્કૃત–અને એમાંના સાહિત્ય તરફ વળતાં યુરોપીય સાહિત્ય તરફ નજર કરીશું. (ચાલુ)

શતરંજનો કોયડો

End-game study (અંતની પરિસ્થિતિ)ને લગતો એક કોયડો.

H. L. Blandford



અહીં સફેદે રમીને જીતવાનું છે.

કાળાના ઘોડાના બદલામાં સફેદ પાસે એક ક્વીન અને એક પ્યાદું છે. જો પ્યાદાના બદલામાં ઘોડાનો ભોગ આપી શકાય તો કાળો ડ્રૉ મેળવી શકે. એટલે સફેદ કઈ રીતે જીતે છે તે ઉકેલમાં બતાવો. મુખ્ય વિકલ્પ સિવાય કાળાની શક્ય ચાલ અથવા સફેદની બીજી શક્ય ચાલ અને તે કેમ નિષ્ફળ જાય તે બતાવવું પણ આવશ્યક છે.

ઉકેલ મોકલવાની છેલ્લી તારીખ ને સરનામું: ભારતના હરીફો માટે ૩૧ માર્ચ ૧૯૭૦. વિદેશના હરીફો માટે ૩૦ એપ્રિલ. Suresh M. Mody; 6/9 KandhariColony, Chembur, Bambay 71AS.

ખરો ઉકેલ તેમજ ઉકેલ મોકલનારનાં નામ મેના અંકમાં આપીશું.

પુરુષાર્થની પ્રતિમા સમ સાહસિક શાહસોદાગર અને કર્મનિષ્ઠ ઉદારચિત્ત ઉદ્યોગપતિ



સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં કેવળ ચાર ચોપડી ગુજરાતીનો અભ્યાસ કર્યા છતાં અદમ્ય આત્મશ્રદ્ધા, પ્રખર પરિશ્રમ, સ્વાશ્રય, દીર્ઘદૃષ્ટિ, વેપારી કુનેહ અને એ યુગમાં અનન્ય એવી સાહસિકતાથી જીવન ખેડીને અંતે જનતા જનાર્દન તેમજ ભદ્ર પુરુષોનું સંમાન પામેલા એ પુરુષે તૈત્તિરીય ઉપનિષદના શ્રુતિવચનને સાર્થ કરી બતાવ્યું.

ગુજરાતને પ્રલંબ ભર્યોભાદર્યો સાગરકાંઠો હોવા છતાં, એના યુવાનોમાં હજી ય સામુદ્રિક યાત્રાઓ અને દરિયાઈ સાહસો ખેડવાનો બુલંદ શોખ જાગ્યો નથી. આપણાં વિશ્વવિદ્યાલયોના સ્નાતકોમાંથી અદ્યાપિપર્યંત કોઈ યુવાનને અરબી સમુદ્ર ઓળંગી પેલે પાર પથરાએલા દેશોના દેશી વહાણો, અર્વાચીન તરાપાઓ કે જલનૌકાઓ દ્વારા રોમાંચક પ્રવાસો ખેડવાની અને દૂર દૂરની ક્ષિતિજોને સ્પર્શવાની પ્રાણવાન આકાંક્ષાઓ ઉત્પન્ન થઈ નથી. બેઠાડુ અધ્યયન, બેઠાડુ અભ્યાસક્રમ અને બેઠાડુ જીવન સિવાયની અન્ય પરાક્રમગાથાઓ તેમને પ્રેરતી નથી. રે! નર્મદા અને મહીસાગર જેવા મહાનદો હોવા છતાં નૌકા-રાસ્તોનો તેને નાદ લાગેલો નથી, કે નથી કોઈ વિદ્યાલયોએ લગાડયો. તેનું કારણ કદાચ આપણું એકેય વિશ્વવિદ્યાલય સમુદ્રતીરે પ્રતિષ્ઠિત થએલું નથી, અને આવા વિશ્વવિદ્યાલયને અભાવે વિશ્વભાવનાનો ઉદય પણ ઓછો થયો છે. પ્રલંબ વિસ્તરતા, અવિરામ, ચંચલ, નિત્યપ્રવૃત્ત અને ઝઝૂમતી ક્ષિતિજથી આવૃત્ત સાગરને નીરખીને જે બૃહદતાના, જે ભૂમાના, જે અડગ પુરુષાર્થના ભાવ જાગવા જોઈએ તે જાગતા નથી.

આ સ્થિતિમાં, આજથી લગભગ પોણી સદી ઉપર—આ સદીના આરંભમાં દરિયાલાલની નિત્યચંચલ, તેજોજ્જ્વલ, અંધકારવલયગ્રસ્ત, તેમજ ચંદ્રિકોજ્જ્વલ છાતી ઉપર વિચરવાનું અને દેશી વહાણ દ્વારા હજારો માઈલની મુસાફરી ખેડવાનું સાહસ એક બાર વર્ષના કુમારને સૂઝયું અને તેણે તે પાર કરી, એ સમુદ્ર તેમજ જીવનસમુદ્રનાં તુમુલ તોફાનો સામે ઝૂમી, યુગાન્ડાના ચક્રવર્તી વ્યાપાર-પુરુષ અને ઉદ્યોગ-પુરુષનું ગરવું સ્થાન પ્રાપ્ત કર્યું અને પોતાની યુવાની તેમજ વૈશ્યત્વને પોતાના ક્ષાત્રતેજથી ઉજ્જ્વલ કરી બતાવ્યાં. કોઈ નવલકથા જેવી એ રોમાંચક અને સાહસપૂર્ણ ગાથા શ્રી નાનજીભાઈનાં જીવન અને કર્મમાંથી ઊભી થાય છે. અકારણ આળસુ-લાવેડા, દુર્ધૈર્ય સુંવાળપણું અને અનુચિત વિલાસવૃત્તિના કેદી બનેલા આજના યુવાનો માટે એમાં એક પ્રેરક સંદેશ પડેલો છે. એ ખડતલ, સાહસપૂર્ણ, સાદગીભરપૂર, ઈશ્વરપરાયણ છતાં ઉદ્યોગી જીવનનાં જે મૂલ્યો છે તે આજના યુગમાં પણ સાધનસંપત્તિવિહીન યુવાનોને પ્રેરણા આપવાની શક્તિ ધરાવે છે, અને એવી પ્રતીતિ કરાવવાને સમર્થ છે કે જીવનમાં જે ઝૂઝવામાં મજાહ છે, તે તેની સંસિદ્ધિમાં નથી. એવા, અઢળક લક્ષ્મીના સંપાદક થવા છતાં કરોડો રૂપિયા લોકસંગ્રહ અર્થે ન્યોચ્છાવર કરનાર એક વીર પુરુષનું જીવન—અતિ ટૂંકમાં—તપાસવાનો પ્રયત્ન કરીએ.

નાનજીભાઈ કાલિદાસ મહેતા

લેખક · રતિલાલ છાયા

પ્રબળ પુરુષાર્થ, જ્વલન્ત સાહસિકતા અને ઈશ્વરકૃપાનું સુભગ અને સફળ મિલન એટલે સ્વ. નાનજીભાઈનું જીવન. પુરુષાર્થે એમને કર્મયોગી બનાવ્યા, સાહસિકતાએ નવાં ક્ષેત્રોમાં પ્રવેશ કરાવ્યો, અને ઈશ્વરકૃપાએ એમની સિદ્ધિઓને સમતા ને લોકસંગ્રહની વૃત્તિની બક્ષિશ આપી. બાર વર્ષની કુમળી વયે એમનો પુરુષાર્થ આરંભાયો અને તેની પ્રલંબ રેખા ઉત્તરોત્તર બલવત્તર થતી બ્યાસી વર્ષ સુધી લંબાઈ. એ વર્ષો દરમિયાન દેશ અને પરદેશમાં વ્યાપારઉદ્યોગનાં નવાં નવાં ક્ષેત્રોમાં એમણે સફળતાઓ પ્રાપ્ત કરી, અઢળક સંપત્તિનું સર્જન કર્યું, કરોડો રૂપિયા દાનમાં આપ્યા અને ભારતીય સંસ્કૃતિએ ભાખેલું યોગ અને યજ્ઞનું રહસ્ય પોતાના જ જીવનકાળ દરમિયાન આપણી સમક્ષ ચરિતાર્થ કરી બતાવ્યું. એવા એક અનેકદેશીય પુરુષનું ૮૨ વર્ષની પાકટ વયે ગઈ. તા. ૨૫-૮-૬૯ ને સોમવારે દુઃખદ અવસાન થયું.

તેમનો જન્મ વિક્રમ સંવત ૧૯૪૪ના માર્ગશીર્ષ સુદ બીજના દિવસે જૂના જામનગર રાજ્યના ગોરાણા નામના નાનકડા ગામમાં થયો હતો. પિતાનું નામ કાલિદાસ અને માતાનું જમનાબાઈ. પિતા ગામડાના પરચૂરણ ચીજોના વેપારી. વ્યાજવટાવનો ધંધો કરે અને પોરબંદરથી વ્યાપારની જણસો લાવી ગામડાની પેદાશને વેચે. બાર મહિને, સુખી સંતોષી એ કુટુંબ સરળતાથી રોટલો રળી કાઢે. પણ આ ઊગતા, ફૂટતી વયના કુમારને તેથી સંતોષ નહિ. ગોરાણા બહાદુર અને કલાપ્રિય મહેર લોકોનું ગામ. ત્યાંથી થોડેક દૂર વાઘેરોનું ઓખામંડળ, બારાડી અને ઓખા શસ્ત્રીરોની ભૂમિ. બહારવટિયા મૂળુ માણેક અને જોધા માણેકની સમરભૂમિ. દ્વારિકા અને પોરબંદર વચ્ચે આવેલા વીસાવાડા ગામે તેમનું મોસાળ. સાધુસંતોની યાત્રાનું એ વિરામસ્થાન. એવી ભૂમિનાં પાણી પીનાર કુમારના જીવનને સાંકડી મર્યાદામાં પુરાઈ રહેવાનું કેમ ગમે? કશુંક અસાધારણ કરી નાખવાના કોડ જાગે એ તદ્દન સંભવિત. પરિવ્રાજક સાધુસંતોને જોઈ દેશાટન કરવાનું મન થાય અને વીસાવાડાના સાગરકિનારે કાગળની હોડીઓ તરાવતાં પરદેશની સફર ખેડી, સાહસિક શાહસોદાગર બનવાની ઇચ્છા થાય. પિતાનો મુલાયમ ધાર્મિક સ્વભાવ વૈષ્ણવ સંસ્કારનાં બીજ રોપે. માતાની કડક વાત્સલ્યપૂર્ણ પ્રકૃતિ જીવનમાં શિસ્ત અને સહાનુભૂતિનો ભાવ પેદા કરે. સામાન્ય જનો પ્રત્યેનો પ્રેમ એમની રગરગમાં ઊછળે. આવાં બધાં પરસ્પર ઉપકારક તત્ત્વોથી ઘડાએલું એમનું વ્યક્તિત્વ દેશના અરધા રોટલાથી સંતોષ કેમ માની લે?

ઈ. સ. ૧૯૦૧નું એ નિર્ણાયક વર્ષ. પરમ પ્રેમાળ પિતા અને વત્સલ માતાની મીઠી ગોદને છોડી, વતનને સલામ કરી, બાર વર્ષનો એ કિશોર મુંબાઈથી સ્ટીમર ન મળતાં, દેશી વહાણમાં આફ્રિકાની સફરે ઊપડ્યો. છવ્વીસ દિવસે કિનારો દેખાયો. એ દરમ્યાન સાગર-મોજાંના હિલોળા સાથે આ કુમારનું હૈયું પણ મહત્ત્વાકાંક્ષાના હિલોળા લેતું રહ્યું. મૉમ્બાસા આવી ગયું. પૂર્વ આફ્રિકાનું આ પ્રથમ શહેર અને બંદર જોવાને સૌ ઊતર્યાં. ત્યારે મૉમ્બાસાની વસતિ બાર હજારની. ચૌદ દહાડા મૉમ્બાસામાં ગાળ્યા. ત્યાંથી તે જ વહાણ દ્વારા તેમને જંગબાર થઈ મજંગા જવાનું. મુંબાઈથી મૉમ્બાસા ૨,૪૦૦ માઈલ થાય. મૉમ્બાસાથી જંગબાર ૧૨૦ માઈલ, ને જંગબારથી મજંગા વળી ૧,૦૪૦ માઈલ. મૉમ્બાસાથી પંદરમે દહાડે મજંગા જવા ઊપડ્યા. અનુકૂળ પવનને લઈને બીજે દિવસે વહાણ જંગબાર પહોંચ્યું. સૌ કિનારે ઊતર્યા. જંગબાર એટલે નીલમનો ટાપુ; મરી, મસાલા, લવિંગ અને તેજાનાનું ઘર. ચોરાસી બંદરનો વાવટો ત્યાં ફરકે. ૭૨૦ ચોરસ માઈલના એ હરિયાળા અને સૌન્દર્યપૂર્ણ ટાપુએ મનને પ્રસન્નતાથી ભરી દીધું. પોરબંદર પાસેના ગામ ઓડદરના શેઠ કેશવજી ઠાકરશી ત્યાં વેપાર કરે. તેમને ત્યાં ઊતર્યા અને બાર દિવસ સુધી જંગબારના બારામાં પડેલું વહાણ તેરમે દિવસે મજંગાની સફરે ઊપડ્યું.

પણ એ સફરે કિશોર નાનજીભાઈ અને પ્રવાસીઓની ખરી કસોટી કરી. વહાણ મડાગાસ્કર તરફ વળ્યું. ચોવીસ કલાક ન થયા, ત્યાં તુમુલ તોફાન આરંભાયું. ઉપર આકાશની આંધી અને વરસાદ; નીચે ડુંગર ડુંગર જેવડાં મોજાંનાં જળલોઢ. એ જગ્યાએ પૅસિફિક અને હિન્દી મહાસાગરનાં પાણી સામસામાં અથડાય. સમુદ્રમાં વહેતા અન્તર્ગત પ્રવાહોનું ખેંચાણ વળી જુદું. આઠ દિવસ સુધી જલ, વાયુ અને અવકાશનું તાંડવ મચી રહ્યું. વહાણને બચાવવા માલસામાન દરિયામાં નાખવા માંડ્યો. કૂવાસ્થંભ કાપી દરિયામાં પધરાવ્યો. સમુદ્રના આંતર પ્રવાહોના ખેંચાણથી આમતેમ ફંગોળાતું, સખળડખળ થઈ ગએલું વહાણ તરતું જ રહ્યું. પણ મૃત્યુ અને પ્રવાસીઓ વચ્ચે ત્યારે વેંત એકનું જ અંતર! એ સર્વ વચ્ચે અડોલ અને સ્વસ્થ મૃત્યુંજય સમો ગોરાણીનો આ કુમાર પ્રકૃતિનું તાંડવ નિહાળે, સૌની શુશ્રૂષા કરે અને ઈશ્વરનો અનુગ્રહ માગી નિત્ય કર્મ કર્યે જાય.

એકેક મહિને દરિયાએ પ્રવાસ કર્યો. દૂર જમીનની કાળી કિનારી દેખાઈ ને ઉતારુઓના જીવ હેઠા બેઠા. સૌ કિનારે ઊતર્યા. 'આઈલંદ મેયોટીનો' એ ફ્રેન્ચ ટાપુ. જંગબારથી ૮૦૦ માઈલ દૂર. ઊતરતાંવેંત સૌ નદીમાં કૂદ્યા. સ્નાન કર્યું. મેલાંદાટ કપડાં ધોયાં અને ટાપુના નિરીક્ષણ અર્થે નીકળી પડ્યા. ત્યાંના પ્રેમાળ વતનીઓએ વાડીઓમાં નોતર્યા અને આગતાસ્વાગતા કરી. ત્યાંથી બાર માઈલ દૂર એક પાદરી રહે. તેમણે કૂવાસ્થંભ આપ્યો. સખળડખળ થઈ ગએલા વહાણનાં પાટિયાં મજબૂત કર્યાં અને કિનારે ઊગતાં ઝાડના ગુંદરથી ચિરાડો ગૂંદવા માંડ્યાં. વહાણને સજ્જ કરતાં બીજા ચોત્રીસ દહાડા વીતી ગયા. પાંત્રીસમે દિવસે સફેદ સઢથી શોભતું, અનુકૂળ પવનને દાદ દેતું, વહાણ મજંગા જવા ઊપડ્યું. પણ શુકન પક્ષીને નીકળેલા નહિ, તેથી સામાન્ય રીતે ત્રીજે દિવસે મજંગા પહોંચતું વહાણ અથડાતું કૂટાતું ચૌદમે દિવસે પહોંચ્યું! પોર્ટ ઑફિસર પ્રવાસીઓના શિથિલ અને નિસ્તેજ ચહેરા જોઈ વહેમાયો. છવ્વીસ દિવસ સુધી નજીકના ટાપુ પર ક્વૉરન્ટાઈનમાં સૂતકમાં રહેવું પડ્યું. સત્તાવીસમે દિવસે રજા મળી ને હેમખેમ મજંગા પહોંચ્યા.

નાનજીભાઈ વડીલ બંધુ ગોરધનદાસ સાથે વેપારમાં જોડાયા. કચુંપચું વેપાર ખેડ્યો. એટલામાં દક્ષિણ આફ્રિકામાં બોઅર યુદ્ધ શરૂ થયું અને મોટા ભાઈને ત્યાં જઈ વ્યાપાર કરવાની ઇચ્છા થઈ. ગોરધનદાસ દક્ષિણ આફ્રિકા ગયા ને વ્યાપારની જમાવટ કરી. આ બાજુ નાનજીભાઈ એ દેશી વહાણમાં બેસી ગોરાણાની વાટ પકડી. આ વખતની મુસાફરી સુખરૂપ થઈ. સંજોગવશાત્ નાનજીભાઈ ફરી પિતાના વ્યવસાયમાં જોડવાઈ ગયા.

ગામડાનું સંતોષપૂર્ણ જીવન. ચરખો રોટલો મળે તો બાખાની કોઈને તમન્ના નહિ. પણ એવા સ્થગિત જીવનમાં આ સાહસશૂરા યુવાનને ચેન કેમ પડે? માતપિતા વૃદ્ધ થતાં જાય. એક બાજુ સાહસની ઝંખના, બીજી બાજુ માબાપની સેવા અને પ્રેમ. મનમાં ગડમથલ ચાલે. એક દિવસ નિર્ણય કરી લીધો: બીજી સફરે જવું જ. અને ઈ. સ. ૧૯૦૫માં ફરી જંગબાર પહોંચી ગયા અને કેશવજી આણંદજીની પેઢીમાં રૂપિયા પંદરના માસિક પગારે મેતાજી તરીકે કામ કરવા લાગ્યા. માલ વેચે અને ખરીદે. કદરાણીએ પણ જવું પડે. દક્ષિણ આફ્રિકા મોટા ભાઈ પાસે ગયા હોત તો? મનમાં હુલેબા થાય. ત્યાં જવાની પરમીટ મેળવવાનો પ્રયત્ન કર્યો, પણ ન મળી તે ન જ મળી. હવે બીજી કોઈ દિશા ખુલ્લી ખરી? શું મહેતાગીરીમાં જ જન્મારો ગાળવો?





સંતાનો: પુત્રો ધીરેન્દ્રભાઈ; તથા મહેન્દ્રભાઈ; પુત્રીઓ કુ. સવિતાબહેન તથા નિર્મળાબહેન. બંને મણિપુરી નર્તનમાં નિપુણ છે.









મથાળે ડાબી બાજુ : સ્વ. નાનજીભાઈના ૮૧મા જન્મદિન-સમારોહના અધ્યક્ષ કાકાસાહેબ કાલેલકર સાથે ગોષ્ઠિ કરતા નાનજીભાઈ. આ પ્રસંગે કાકાસાહેબે નાનજીભાઈને 'ધર્મરત્ન' અને 'સમુદ્રવીર' કહી બિરદાવ્યા હતા.

મથાળે જમણી બાજુ : પોરબંદરના આર્યકન્યા ગુરુકુળમાં ભણતી પાંચ પૂર્વઆફ્રિકન કન્યાઓ તથા ત્યાં પધારેલા ત્યારના રાષ્ટ્રપ્રમુખ સ્વ. ડૉ. ઝાકિરહુસૈન અને શ્રી વજુભાઈ શાહ સાથે.

જમણી બાજુ વચ્ચે : ૧૯૪૪માં આગાખાન મહેલમાંથી છૂટી ને ગાંધીજી પંચગનીમાં નાનજીભાઈના નિવાસસ્થાને રહેલા. એ સમયે એમની સાથે નાનજીભાઈ તથા કુટુંબીઓ.

નીચે : પોરબંદરમાં 'કીર્તિમંદિર'ના ઉદ્ઘાટન બાદ ગાંધીજીના વડીલોપાર્જિત ઘર પાસે એ વખતના ભારતના નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી મોરારજીભાઈ દેસાઈ તથા (એમની બાજુમાં) પોરબંદરના મહારાણા શ્રી નટવરસિંહજી સાહેબ સાથે.

ત્યારે વિધિએ એમના જીવન ઉપર મ્હોર મારી અને એમણે યુગાન્ડા જવાનો સંકલ્પ કર્યો. ત્યાં પહોંચી જિંજા પાસે આવેલા કમલી ગામમાં એક ભાટિયા વેપારીને ત્યાં નોકરી શોધી. વાર્ષિક બસો રૂપિયાનો પગાર. ગાઢ જંગલ વચ્ચે આવેલું એ એકલદોકલ ગામડું. બિહામણાં પશુઓ ને જીવજંતુઓથી ભરેલાં, આરોગ્યને હણી નાખનારાં આસપાસ જંગલો. ક્યારેક ત્રાડથી ધરતી ધ્રુજાવતા વનરાજને પણ ભેટે. માનવભક્ષી જંગલી વતનીઓના સામના ય કરવા પડે. અને વ્યાપાર અર્થે કુદરતને ખોળે વસતાં ત્યાંનાં માનવીઓનો પગપાળો સંપર્ક પણ સાધવો પડે. દુકાનમાં એકાદ વર્ષ કામ કર્યું હશે, ત્યાં પોતાની જ દુકાન કમલીમાં નાખવાના કોડ જાગ્યા. ઓછામાં ઓછાં ઓજારો વડે પોતાને હાથે જ દુકાન ઊભી કરી અને સ્વતંત્ર વ્યાપારના શ્રીગણેશ માંડ્યા. ધીમે ધીમે એક દુકાનમાંથી અઢાર દુકાનના માલિક બન્યા.

વિશ્રાંતિ અર્થે ફરી થોડો સમય દેશમાં આવીને રહ્યા. પણ ભાવિની ઉજ્જ્વલ રેખા અને અનર્ગળ પુરુષાર્થે જંપવા કેમ દે? દેશમાં રહ્યા ન રહ્યા ને ફરી આફ્રિકા જવા ઊપડ્યા. દેશમાં કરેલા સંકલ્પો મુજબ આ વેળા કપાસ લોઢવાનાં કારખાનાં કાઢવાના સાહસમાં ઝંપલાવ્યું. કમલીમાં જ પહેલી જીનરી નાખી. એક પછી એક જિનરીની હારમાળા ચાલી, અને ઈ. ૧૯૧૮ સુધીમાં તો બાવીસ જીનિંગ ફેક્ટરીઓ ઊભી કરી અને યુગા-

ન્ડામાં કૃષિમૂલક યંત્રયુગના મંડાણને તેમણે સુદૃઢ બનાવ્યું.

કંપાલાથી દૂર પચ્ચીસેક માઈલ ઉપર કાવલો ડુંગર. તેની આસપાસ ઊંચાનીચા પથરાએલા ઉચ્ચપ્રદેશ. વિશ્રામ માટે તેના ઉપર એમણે ઘાસનું એક ઝૂંપડું બાંધેલું. તેની આસપાસની બધી જમીન હવે તેમણે ખરીદી લીધી અને શેરડીના હરિયાળા સાંઠાથી ડોલતું એક વિશાળ ખેતર તૈયાર કર્યું. ઈ. સ. ૧૯૪૨માં વિજયાદશમીને શુભ દિને યુગાન્ડાના ગવર્નરને વરદ હસ્તે 'યુગાન્ડા સ્યુગર ફૅક્ટરી'નું ઉદ્ઘાટન થયું, અને પૂર્વ આફ્રિકાના ઔદ્યોગિક જીવનમાં નાનજીભાઈએ નવાં પગરણ માંડ્યાં.

દીવામાંથી દીવો પ્રકટે એમ, ત્યાર પછી એમને હાથે દેશમાં અને પરદેશમાં ઉદ્યોગધંધા વિકસતા ગયા. હોઇમા કૉટન કંપનીની સ્થાપના થઈ. યુગાન્ડાના રૂને હિન્દ તથા જાપાનમાં મશહૂર બનાવ્યું. મસિન્ડી નજીક ક્ષિતિજને સ્પર્શતાં કેતકીનાં વિશાળ પ્લૅન્ટેશનો ઊભાં કર્યાં. રબ્બર, ચાહ અને કૉફીનાં ક્ષેત્રો ઉછેર્યાં અને લુગાઝી તથા કમ્પાલાની વચ્ચે ચાહનાં ઉત્પાદન અને અદ્યતન સંયોજન અર્થે ફૅક્ટરીઓ નાખી. દેશને પણ પોતાની સમૃદ્ધિનો લાભ આપ્યો. ઈ. ૧૯૩૪માં ત્રીસ લાખ રૂપિયાના પ્રથમ રોકાણથી પોરબંદરમાં મહારાણા મિલ્સની સ્થાપના કરી. યુગાન્ડામાં, કેનિયામાં ને ટાંગાનિકામાં વ્યાપાર અને કૃષિ અર્થે પોરબંદરવાસીઓ તથા ભારતવાસીઓને નોતર્યા અને નવા ઉદ્યોગો અને પ્લૅન્ટેશનો નાખવા સમજાવ્યા. કેનિયામાં તેમણે વ્યાપારવણજને વિકસાવ્યાં. પૂર્વ આફ્રિકાની ભૂમિને સમૃદ્ધ અને ફલવતી બનાવવામાં ભારતીય વ્યાપારીઓ સાથે અનન્ય ભાગ ભજવ્યો. હુન્નરઉદ્યોગ અર્થે વિદેશયાત્રાઓ ખેડી અને અનુભવસમૃદ્ધ ઉદ્યોગને અદ્યતન બનાવ્યા. થોડા વખતમાં ત્રિખંડમાં ઉદ્યોગપતિ તરીકે તેમની નામના પ્રસરી અને યુગાન્ડાના વ્યાપાર અને જીવનનું તેમનું નેતૃત્વ સોળે કળાએ પ્રકટી ઊઠ્યું.

જીવનની ઉત્તરાવસ્થામાં તેઓ પોરબંદરમાં રહ્યા. પરંતુ એમના હૃદયનો પ્રિય અને સુકુમાર ટુકડો તો યુગાન્ડાની ધરતી ઉપર ધબકી રહ્યો છે, અને જાણતાં કે અજાણતાં ત્યાંના સ્વાતંત્ર્ય પછીનાં આર્થિક અને ઔદ્યોગિક જીવનને પ્રેરણા-ધબકાર આપી રહ્યો છે. પોરબંદરમાં તેમણે સ્થાપેલી મહારાણા મિલ્સે ત્રીસ વર્ષના અથાક પ્રયત્ને પ્રશસ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી છે, અને વસ્ત્રસર્જન તથા વસ્ત્રશોભનની નૂતન પ્રક્રિયાઓ ને સાધનો દ્વારા તેને અદ્યતન ને સાધનસંપન્ન બનાવી છે. ભારત, યુગાન્ડા તેમજ કેનિયા સ્વાતંત્ર્ય યુગમાં પ્રવેશ્યા પછી પણ મહેતા-કુટુંબે ઉદ્યોગોનો ઘણો વિકાસ કરેલો છે અને નૂતન ઉદ્યોગોની સ્થાપના કરેલી છે. કેનિયામાં નૈરોબી નજીક એક નવી સુગર ફૅક્ટરી ઊભી કરેલી છે અને સ્વદેશમાં રાણાવાવ પાસે બરડા ડુંગરની તળેટીમાં 'સૌરાષ્ટ્ર સિમેન્ટ ઍન્ડ કેમિકલ્સ લિમિટેડ'ની સ્થાપના કરેલી છે.

સ્વ. નાનજીભાઈ માત્ર સંપત્તિ કમાઈ નથી જાણ્યા, પણ તેનો યજ્ઞબુદ્ધિથી વિવેકપૂર્ણ વિનિયોગ પણ કરેલો છે. આજ દિવસ સુધીમાં તેમના દ્વારા બે કરોડ રૂપિયા કરતાં વિશેષ રકમનું દાન થએલું છે. તેનો લાભ આફ્રિકા અને હિન્દની સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓને મળેલો છે. પોરબંદરમાં સ્થાપેલાં 'આર્યકન્યા ગુરુકુલ', મહિલા કૉલેજ' ને લોકસંગ્રહનાં અન્ય કાર્યો માટે જે ટ્રસ્ટો તેમણે સ્થાપેલાં છે તે બધાંનું કુલ ભંડોળ આશરે ૯૦ લાખ રૂપિયા સુધીનું થવા જાયછે. પૂજ્ય મહાત્માજીના વડીલોપાર્જિત ઘરને ખરીદી, સમારીને રાષ્ટ્રીય સ્મારકતરીકે તેમણે રાષ્ટ્રને અર્પણ કરેલું છે અને તેના નજીક વિશ્વવિખ્યાત બની ગએલું 'મહાત્મા ગાંધી કીર્તિમંદિર' સર્જેલું છે. જવાહરલાલ નેહરુ પ્લૅનેટોરિયમ દ્વારા એ સ્વ. મહાઅમાત્યની સ્મૃતિને તેમણે ઉમળકાભેર અર્ઘ્ય આપ્યો છે અને તેમની શાંતિપ્રિયતા, આન્તરરાષ્ટ્રીય મૈત્રી તથા વિજ્ઞાનની તમન્નાને એ દ્વારા વાચા આપી છે. તેની પડોશમાં જ 'ભારતમંદિર' કરીને સાચા સંસ્કૃતિભક્ત અને દેશહિતૈષી તરીકે એમણે ભારતીય સંસ્કૃતિના શુદ્ધ, બુદ્ધ અને મુક્ત આત્માને અર્ઘ્ય આપેલો છે. 'મહાય વિજ્ઞાન મહાવિદ્યાલય'નું ભવ્ય સર્જન કરીને ભારતીય સંસ્કૃતિએ બાંધેલું ઋષિઋણ અનન્ય ભાવે ચૂકવ્યું છે.

સાહસિક ઉદ્યોગપતિ અને સમર્થ દાનવીર તરીકે જાણીતા હોવા ઉપરાંત તેઓ સમાજસુધારક, ધર્મસુધારક અને કન્યાકેળવણીના પ્રખર પુરસ્કર્તા પણ હતા. અઢળક સંપત્તિ વચ્ચે પણ એમણે અંગત જીવનમાં ગૌરવપૂર્ણ સાદાઈની જ પ્રતિષ્ઠા કરેલી અને ભોજનમાં પાંચ વસ્તુ કરતાં વિશેષ ન લેવાનું વ્રત વરસોથી પાળતા રહેલા.

ભૂતપૂર્વ બ્રિટિશ સરકારે યુગાન્ડામાં કરેલાં કાર્યોને માટે એમને 'એમ. બી. ઇ.'નો ખિતાબ આપેલો. પોરબંદર રાજ્યે તેમને 'રાજ્યરત્ન'નો ઈલ્કાબ આપેલો ને નવાનગર સંસ્થાને 'ઑર્ડર ઑવ મેરિટ'નું માન આપેલું. એમનાં ધર્મપત્ની પૂ. સંતોકબહેને તેમના પ્રત્યેક કાર્યમાં આર્ય સન્નારીને છાજે એવાં સહયોગ અને પ્રેરણા આપેલાં છે અને એમનાં વિદુષી પુત્રી સુશ્રી સવિતાબહેન મહેતાએ નાનજીભાઈના આધ્યાત્મિક વારસા સમી, આઠસો બહેનોનાં અભ્યાસગુંજનથી કલ્લોલતી આર્યકન્યા ગુરુકુલની અનન્ય સંસ્થાને વિશિષ્ટ આત્મા અર્પી ઉછેરેલી છે.

યુરોપ, બ્રહ્મદેશ, સિલોન, પૂર્વ આફ્રિકા, દક્ષિણ આફ્રિકા, ઇજિપ્ત, ઇથિયોપિયા હૉંગકૉંગ, જાપાન અને અન્ય દેશોની યાત્રા જેમ તેમણે સ્થૂળ સમૃદ્ધિના ઉપાર્જન અર્થ કરેલી, તેમ બદ્રિકેદાર, અમરનાથ અને ઉત્તરાખંડનાં તીર્થધામોની યાત્રા કરીને આધ્યાત્મિક સંસ્કારને પણ જાગૃત કરેલા. ભારતના લગભગ દરેક મુખ્ય તીર્થસ્થાનમાં તેમની દાનવૃત્તિનો સંસ્પર્શ થએલો છે, તો બીજી બાજુ શાંતિનિકેતન, કાંગડી ગુરુકુલ, આર્યકન્યા ગુરુકુલ (વડોદરા), મહાત્મા ગાંધી હરિજન આશ્રમ (છાયા), તિલક સ્વરાજ્ય ફંડ, સૂરત વનિતા વિશ્રામ, હરદ્વાર ઔષધાલય અને બૃહદ ભારતીય સમાજ જેવી રાષ્ટ્રઘડતરની અને રાષ્ટ્રોપયોગી અનેક સંસ્થાઓ માટે તેમણે ઉમંગથી ફાળો આપેલો છે. એકંદરે જોઇએ તો ૮૨ વર્ષની વય સુધીમાં એમણે પિતૃઋણ, કુટુંબઋણ, સમાજઋણ, ઋષિઋણ, દેશઋણ અને વિશ્વઋણ હિન્દમાં અને આફ્રિકામાં ચૂકવી આપ્યું છે, અને ભારતીય સંસ્કૃતિના એક સાચા ઉપાસક તરીકે તેમણે જીવનને અંદરથી અને બહારથી સમૃદ્ધ કરવામાં મણા રાખી નથી.

થોડા સમય અગાઉ એમના એકયાશીમા વર્ષનો પ્રવેશ ભારે આદરપૂર્વક ચાર દહાડા સુધી ઉજવાયો. તે માત્ર જન્મોત્સવ જ ન રહ્યો, પરંતુ સંસ્કૃતિકોત્સવ બની ગયો. પોરબંદરની સર્વ સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને નાગરિક સંસ્થાઓએ તેમાં હોંશપૂર્વક ભાગ લીધો—જાણે એ સમસ્ત નગરના હૃદયના એક અપૂર્વ સમારોહમાં ફેરવાઈ ગયો. એ પ્રસંગે અતિથિવિશેષ તરીકે પધારેલા કાકાસાહેબ કાલેલકરે એમને 'ધર્મરત્ન' તરીકે ઉદ્બોધીને એમની ધર્મનિષ્ઠા તથા ભારતીય સંસ્કૃતિ અને નારીશિક્ષણના કાર્યને ઊર્મિસભર અંજલિ આપેલી.

આ કર્મયોગી પુરુષના જીવનને સકલ સ્વરૂપે ઓળખવું મુશ્કેલ છે. છતાં એટલું કહી શકાય કે ગોરાણા નામના નાનકડા ગામડામાં કેવળ ગુજરાતી ચાર ચોપડીનો અભ્યાસ કર્યા છતાં, અદમ્ય આત્મશ્રદ્ધા, પ્રખર પરિશ્રમ, સ્વાશ્રય, આપબળ, દીર્ઘદૃષ્ટિ, વ્યાપારી કુનેહ અને એ યુગમાં અનન્ય કહેવાય એવી સાહસિકતાથી જીવન ખેડી અંતે જનતાજનાર્દન અને ભદ્રપુરુષોનું સન્માન પામેલા આ પુરુષે તૈત્તિરીય ઉપનિષદનું શ્રુતિવચન સાર્થ કરી બતાવ્યું છે: युवास्यात् साधु दुवाध्याकः आशिष्ठो दढिष्ठो बलिष्ठः। तस्येय पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात्॥ પોતાની સાધનામાં મસ્ત, દૃઢ, બલિષ્ઠ અને નિત્ય અધ્યયનશીલ તથા કર્મશીલ આ પુરુષે એક સભર, વિધાયક, સાહસપૂર્ણ અને અર્પણશીલ જીવન જીવીને સમસ્ત પૃથ્વીને પોતાના માટે सर्वं वित्तस्य पूर्णा કેવી રીતે બનાવી તેની યશોગાથા વરસો સુધી આપણી યુવાને પ્રેરતી રહેશે એ નિર્વિવાદ છે.

સાઇકેડેલિક કળા

'પૉપ' અને 'ઑપ' આર્ટ પછી પશ્ચિમના કલાક્ષેત્રમાં એક નવો પવન ફૂંકાયો છે: 'સાઈકેડેલિક આર્ટ'નો. કલાના ઇતિહાસમાં એના જેટલી વ્યાપક અસર ઓછી ચળવળે પાડી છે. સાઠીની મધ્યમાં એનો આરંભ થયો અને વિવેચકો એને કલાપ્રકાર તરીકે માન્ય કરવા ન કરવાની ચર્ચા કરતા રહ્યા તે દરમિયાન તો આજના અમેરિકન જીવનના ખૂબ બહોળા વિસ્તાર પર એનો ઓથાર ફેલાઈ ગયો છે. ઘણાંને એ ગમે છે તેમ અનેકને એનાથી નિરાશા પણ થાય છે.

'હિપ્પી' ચળવળમાં એનાં મૂળ છે એમ કહી શકાય. 'એલએસડી' જેવી નશીલી દવાઓ લીધા પછી લેનારના મનમાં જે એક ભ્રમજાળ ઊભી થાય છે એને જાણે કે પુનર્જીવિત કરવાના પ્રયત્નરૂપે આ કળા(?)નો આરંભ થયો એવું તારણ પણ નીકળી શકે. એના રંગો ને ચટઊતર આકારોની અસર વ્યાપકપણે ફેલાઇને ચિત્રાલેખન ઉપરાંત, ટેલિવિઝન, રેકૉર્ડ-આલ્બમો, બારીના પડદા વગેરેમાં પણ પ્રતિબિંબિત થાય છે.

'રૉક ઍન્ડ રૉલ' સમારંભોની જાહેરાતના ભડકરંગી પોસ્ટરોથી એની શરૂઆત થઈ. આજે તો આવાં પોસ્ટરોનો એક વાયરો જ વાયો છે. હિપ્પીઓનાં મિલનસ્થાનો, મ્યૂઝિયમો, ખાનગી આવાસો ને દફ્તરોના સભાખંડો સુધ્ધાંમાં એ ઊભરાય છે. કેટલાક રસિયા તો વળી માત્ર દીવાલો જ નહિ, છત પણ એવાં પોસ્ટરોથી ભરીને રાચે છે. ઘણા અમેરિકન યુવાનો માટે એ માત્ર સુશોભનનું જ સાધન નહિ, પણ એમના રસ, આદર્શો ને ભાવિ દુનિયા વિષેના એમના ખ્યાલોનાં એ ચિત્રો જાણે ઘજાગરા બની ગયાં છે. એની રંગાવટમાં ફ્લોરેસન્ટ—ચળકતા—રંગો, અને વાંકાચૂંકા અક્ષરાલેખનના એના પ્રયોગો પણ એની લાક્ષણિકતા પ્રકટ કરે છે.

માત્ર આલેખનમાં જ નહિ, કપડાં, ઘરેણાં ને રાચરચીલાંથી આગળ વધી મનોરંજનના ક્ષેત્રમાં પણ એનો પ્રભાવ પ્રવેશી ચૂક્યો છે. રંગ, પ્રકાશ, ધ્વનિ, હલનચલન વગેરેની કંઈ ચિત્રવિચિત્ર સેળભેળ એવી એની નવતર નાટકીય રજૂઆતથી આજે અનેક નાઈટ ક્લબો અને સમારંભો કે ટેલિવિઝન કાર્યક્રમો ઊભરાય છે. પ્રેક્ષકોના માનસને, હૃદયને અણધાર્યાં આઘાત આપવાનું જાણે કે એનું ધ્યેય છે. વર્ષોજૂની સ્વસ્થ ઠરેલ વ્યાપારી પેઢીઓ પણ પોતાના સમારંભો અને જાહેરાતોમાં સાઈકેડેલિક કળાનો પ્રયોગ કરતી થઈ જવા જેટલો તેનો પ્રભાવ પ્રસર્યો છે. આ અંકમાં જે નવતર ઢબના થોડા નમૂના આપ્યા છે એ એના પરથી સાઈકેડેલિક આલેખનાનો ખયાલ આવશે.

અલબત્ત, આ બધાથી એના પુરસ્કર્તાઓને શું કહેવાનું છે એ સ્પષ્ટ નથી જ, અને આ પ્રકાર ટકી રહેશે કે એનો ઊભરો શમી જતાં ભુલાઈ જશે તે ન કહી શકાએ; તો યે એટલું તો જરૂર કે આજે મોટા ભાગના અમેરિકનો (અને એને અનુસરનારાઓ) એમાં કૂદી પડયા છે.

કલાકાર સુમતિમોહન


આ માસના આરંભના દિવસોમાં જ મુંબાઈની રૅમ્પાર્ટ ગૅલેરીમાં કલાકાર સુમતિમોહનનાં ગાંધીજીનાં ચાળીસ તૈલચિત્રોનું એક વૈયક્તિક પ્રદર્શન થયું. હજી એકત્રીસ વર્ષના આ કલાકારનું એ પાંચમું વૈયક્તિક પ્રદર્શન હતું.




પાલનપુર નજીક ધોડીઆલ ગામમાં એમનો જન્મ. ત્યાં ભણતરની સગવડ ન હોઈ, બેન પાસે રહીને ગોપા ગામમાં ને પછી પાલનપુરમાં ભણી એસ. એસ. સી. થઇને, જ્યાં ભણેલા તે જ શાળામાં શિક્ષક થયા. આ અભ્યાસકાળ દરમિયાન નાટક, ઘોડેસવારી ને સ્કાઉટિંગ જેવી પ્રવૃત્તિમાં રસ લેવા સાથે થોડો ખર્ચ કાઢવા ફોટોગ્રાફી પણ કરવા માંડેલી. પણ એ વખતમાં એમના કલાશિક્ષક શ્રી ભોગીભાઈ પંડયાએ એમનામાં રોપેલા કલાબીજને પોષવાની એમને ઘણી ઝંખના હતી, આથી બીજે જ વર્ષે નોકરી છોડી અમદાવાદના સી. એન. કલાવિદ્યાલયમાં અભ્યાસ માટે જોડાઈ ગયા અને ડી. ટી. સી. પાસ કરી કલાશિક્ષક બન્યા. સાથેસાથ પેઇન્ટિંગનો અભ્યાસ પણ જારી રાખ્યો હતો. એવામાં એમને મુંબાઈની ન્યૂ એરા હાઇસ્કૂલમાં સ્થાન મળતાં અમદાવાદ છોડી ત્યાં ગયા ને ત્યાં પણ નોકરી સાથે કલાભ્યાસ કરતા રહી ૧૯૬૪માં આર્ટ માસ્ટર બન્યા. ડિપ્લોમાની પરીક્ષામાં તો તેઓ સૌપ્રથમ આવેલા અને એ જ વર્ષમાં પોતાનાં ચિત્રોનું પ્રદર્શન પણ યોજ્યું. એ પછી થોડા જ સમયના ગાળામાં પિતા, પુત્ર અને એક ગાઢ મિત્રના અકાળ અવસાનોથી સહેવી પડેલી તીવ્ર એકલતામાં એમણે બહુધા વ્યક્તિચિત્રો જ કર્યાં જે ૧૯૬૫માં પ્રદર્શિત કરેલાં.

ત્યાર બાદ સુમતિમોહનની આલેખના જૈન લઘુ ચિત્રોની શૈલી તરફ ઢળી. એ અસરમાં કરેલાં ચિત્રોનું પણ એમણે મુનિશ્રી ચિત્રભાનુની નિશ્રામાં મુંબાઈમાં ૧૯૬૭માં એક પ્રદર્શન યોજ્યું. ૧૯૬૮માં એમણે મદ્રાસમાં ભારતના ઇતિહાસ પર આધારિત કૃતિઓ રજૂ કરી, જેનું ઉદ્‌ઘાટન ત્યાંના જાણીતા કલાકાર કે. સી. એસ. પણિક્કરે કરેલું. આ પછી ગાંધી જન્મ-શતાબ્દીને અનુષંગી ચિત્રો હાથ પર લીધાં જેમાંની ચાળીસ કૃતિઓ તેમણે નવી દિલ્હીમાં રજૂ કર્યા બાદ હમણાં ઉપર્યુક્ત પ્રદર્શનમાં મુંબાઈમાં પ્રદર્શિત કરી હતી.

ચિત્રકામ ઉપરાંત તેમને ક્લે મૉડેલિંગ, વૂડ કાર્વિંગ અને લેધરવર્કની પણ સારી જાણકારી છે. નેતર, કાર્ડબોર્ડ અને ફ્રેટવર્ક પર પણ તેઓ હાથ અજમાવી શકે છે.



ચિત્રકાર સુમતિમોહન અને પોતાના અભ્યાસકાળ દરમિયાન કરેલા માટીકામની એક કૃતિ—મુગ્ધા. એમની વધુ કૃતિઓ આગળ આપી છે.





કલાકાર સુમતિમોહનની ચિત્રકૃતિઓ
ઓળખ સામેના પૃષ્ઠ ૫૨.








સામેના પૃષ્ઠ પર આપેલાં ચિત્રોમાં મથાળે ડાબી બાજુ પહેલું ચિત્ર 'અકબરનાં નવ રત્ન.' ચિત્રકાર સુમતિમોહને મદ્રાસમાં પ્રદર્શિત કરેલાં ઐતિહાસિક ભૂમિકા પરનાં ચિત્રોમાંનું એક. તેની બાજુમાં 'ઇલાચીકુમાર'—એ એક જૈન કથાનું પાત્ર છે. વાર્તા એવી છે કે નગરશેઠનો પુત્ર ઇલાચીકુમાર એક નટકન્યા પર મોહી પડી તેને પરણવા ઇચ્છે છે. એ જો નટ બનીને રાજાને રીઝવી શકે તો જ એ શક્ય બને, એવી શરત કન્યાનો પિતા રજૂ કરે છે. એ પ્રમાણે નિપુણ બની અંતે એ રાજા સમક્ષ નટખેલ કરવા આવે છે. એ પ્રસંગે જે બને છે તે આ ચિત્રનું વસ્તુ છે. ખેલ જોવા બેઠેલો રાજા પોતે પણ મોહમાં પડી ખેલના બદલે માત્ર નટકન્યાને જ તાકી રહ્યો છે. રાણી આ સ્થિતિ પામી ગઈ છે. આમ, રાણી રાજાને, રાજા નટકન્યાને ને નટકન્યા ઇલાચીકુમારને તાકી રહી છે. જ્યારે દંડ પર ચડેલા ઇલાચીકુમારની નજર દૂર એક ઘરના આંગણામાં પડે છે. ત્યાં લગભગ નિર્વસ્ત્ર એવી એક કન્યા સાધુને આગ્રહપૂર્વક ભિક્ષા આપી રહી છે, પણ સાધુ એની સામે ઊંચી આંખ માંડતો નથી. સાધુની આ સ્થિરતા જોઇ ઇલાચીકુમારને પોતાની મોહાંધતાનું સ્મરણ થતાં પશ્ચાત્તાપ થાય છે ને એ પછી સાધુ બની જાય છે. આગળ જતાં નટકન્યા અને રાજા પણ એ જ માર્ગે વળે છે.

નીચે ઊભી પટ્ટીમાં, 'શરાબને જવાબ', દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ મરકીના ૨૩ દર્દીઓની શુશ્રૂષા કરેલી તે પ્રસંગનું આલેખન છે. કહેવાય છે કે એ ૨૩ દર્દીમાં વીસ જણ દારૂ પીનારા હતા. જે બધા રોગ સામે ટક્કર ઝીલવામાં નાકામયાબ રહ્યા જ્યારે બીજા ત્રણમાંથી બે બચી ગએલા. સુમતિમોહને છેલ્લે ગાંધીજી વિષેનાં જે ચિત્રો હમણાં રજૂ કર્યાં તેમાંનું આ એક ચિત્ર છે.


સુમતિમોહને પોતાના ચિત્રાલેખનમાં જુદી જુદી શૈલીએ ચિત્રવિષય રજૂ કર્યા છે એ એમની પ્રયોગશીલતાનું નિદર્શન કરે છે.

જમણી બાજુ ઉપર 'કબૂતર, કબૂતર અને કબૂતર'. અભ્યાસકાળ દરમિયાનની એક કૃતિ અને છેલ્લે 'લોકનૃત્ય'.



વીએનામાં નવા બંધાનાર 'ઈન્ટરનેશનલ ઍટમિક એનર્જી એજન્સી' અને 'યુનાઇટેડ નૅશન્સ ઇન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ ઑર્ગેનિઝેશન'ના ભવનનિર્માણ માટે યોજાએલી એક આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં લંડનના 'બિલ્ડિંગ ડિઝાઇન પાર્ટનરશિપ લિમિટેડ'ની આ રચના ૭૩૦૦ પાઉન્ડનું ઇનામ જીતી ગઈ છે. ડાન્યુબની નવી અને જૂની નહેરની વચ્ચેના ૯૦ એકરના એક વિસ્તારમાં તૈયાર થનાર એ ભવનના ૨૧ માળવાળી આ રચનામાં નીચે એકસાથે ૫૦૦૦ મોટરગાડીઓ ઊભી રાખી શકાય તેટલી સગવડ છે. અહીંથી થનારી માલસામાનની હેરફેર માટેની વ્યવસ્થાને મધ્યમાં રાખી, બહારની બાજુઓએ સોપાન જેવી રચનામાં દફતરો અને પ્રયોગશાળાઓની ગોઠવણ વિચારાઈ છે. મધ્યમાં 'કાર-પાર્ક'ની ઉપર સભાખંડો અને રાહદારીઓની અવરજવરની વ્યવસ્થા સાથે જાહેર વિસ્તારથી સંયુક્ત રાષ્ટ્રસંઘના વિસ્તારને અલગ પાડવા એ બે વચ્ચે કરેલી જળાશયની યોજના જેટલી સહેતુક છે એટલી જ રમ્ય પણ છે. (બ્રિટિશ ઈન્ફરમેશન સર્વિસિઝ)

ગાંધી જન્મ-શતાબ્દી નિમિત્તે નવી દિલ્હીમાં રાજઘાટ નજીક યોજાએલા વિશાળ પ્રદર્શનમાં બાળકો માટે એક ખાસ વિભાગ છે. સામાન્યતઃ બને છે તેમ, આ વિભાગ માત્ર મનોરંજન-કેન્દ્ર ન બની રહેતાં તેમાં ચિત્ર, શિલ્પ વગેરે અનેક માધ્યમો દ્વારા ગમ્મત સાથે ગાંધીજીના જીવન અને કાર્યની સરળ સમજણ આપી રહે એ રીતે તેનું આયોજન થયું છે. દા. ત. વૃક્ષના થડના આડછેદમાં દેખાતું પ્રત્યેક વર્તુળ એ વૃક્ષના આયુનું એક વર્ષ સૂચવે છે, એ પ્રાકૃતિક રચનાનો ઉપયોગ કરી, એક વિશાળ થડના આડછેદમાં જે જે વર્ષનું વર્તુળ રચાયું તે સમયમાં ગાંધીજીના જીવનમાં બનેલા પ્રસંગોનું નિદર્શન કરાવ્યું છે. એ જ રીતે કેટલાક કોયડામાં ગાંધીજીના જીવનના બાલભોગ્ય પ્રસંગો અંગેની પ્રશ્નોત્તરીની રચના કરી છે. ગાંધીજીના જીવન અને કાર્યની માહિતી આપતું એક બાલ-પુસ્તકાલય પણ છે. આવી જ રીતે ભારતીય શિલાલેખોની પ્રણાલિમાં અહીંતહીં કેટલીક શિલાઓમાં ગાંધીજીનાં બોધક કથનોને રાખ્યાં છે. આ નીચેનાં એનાં ચિત્રો પરથી જણાશે કે અવતરણો પણ ખુદ ગાંધીજીના હસ્તાક્ષરોમાં જ કોતરેલાં હોઈ તે એની એક વિશિષ્ટતા બની રહી છે. આ દૃષ્ટિપૂર્વકના વિભાગનું આયોજન શ્રી પ્રતાપરાય ગી. મહેતાએ કર્યું છે.




નવી દિલ્હીમાં ગાંધી જન્મ-શતાબ્દી નિમિત્તે યોજાએલા વિશાળ 'ગાંધી-દર્શન' પ્રદર્શનમાં દેશભરના કલાકારોએ પોતાનું કંઈ ને કંઈ સર્જન રજૂ કર્યું છે. એમાંની ગુજરાતના કલાકારોની કેટલીક કૃતિઓ અગાઉ 'કુમાર'માં પ્રકટ કર્યા પછી થોડી વધુ :


ત્રણ જ પગલાંમાં વિષ્ણુ ભગવાને બલિરાજા પાસેથી સ્વર્ગ, પૃથ્વી ને પાતાળને આવરી લેતું દાન લીધું હતું તેમ વર્તમાનમાં વિનોબાજીએ પણ ભૂદાનની એમની કલ્પનાને ત્રણ પગલાંમાં વહેંચી છે એ વિચારને રજૂ કરતું એક સુંદર સંયોજન (જમણી બાજુ મથાળે).



ભારતીય સંસ્કૃતિના વિકાસની સાથે તેના પ્રસારકોની પદયાત્રાઓ પણ ગાઢ રીતે સંકળાએલી રહી છે. ઉપનિષદનો 'ચરૈવેતિ'નો આદેશ પણ આ અર્થમાં તારવીને જમણી બાજુ વચ્ચેના ચિત્રપટમાં સૂર્ય અને ચંદ્ર દ્વારા સમયના વિસ્તૃત પટનું સૂચન કરી, કાળની સળંગ કેડી પર ચાલેલા મહાનુભાવો અને તેમણે પ્રસારેલા (ધર્મ)વિચારોનાં સંજ્ઞા-લેખનો દ્વારા ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી, શંકરાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ, સંત નામદેવ, સંત કબીર ને છેવટ વર્તમાન કાળના ગાંધીજી સુધીની એક સંસ્કારયાત્રાનું નિરૂપણ કરેલું છે.



'અસ્પૃશ્યતા નિવારણ'ને અંગેની (જમણી બાજુ નીચેની) કલાકાર રમેશ પંડ્યાની ૮ × ૪ ફૂટની એક વિશાળ ચિત્રકૃતિનો કેટલોક ભાગ, જેમાં સમાજના નીચલા થરને ભોગવવી પડેલી પરિસ્થિતિનું, તેમાં પાકેલાં નરરત્નોનું તથા અગાઉ પણ એ થરનો માનવતાની દૃષ્ટિથી વિનાસંકોચ સંપર્ક રાખનાર ઉદારચિત્ત વ્યક્તિ-વિશેષોનું આલેખન છે. આ ચિત્રભાગમાં ડાબી-બાજુ મથાળે વ્યાધને પ્રણામ કરતા કૌશિક મુનિ દેખાય છે. તેની નીચે સવર્ણના જળાશયમાંથી પાણી લેવા બદલ અંત્યજને શિક્ષા; નીચે ચમાર સંત રાઈદાસને કથરોટમાં પ્રકટ થઈ ગંગામાતાએ આપેલી ભેટ; (વચ્ચે ઉપર) હરિજનવાસમાં વેઠવી પડતી રોગ, ભૂખમરો ને પૂંઠે સાવરણી બાંધી ચાલવાની અપમાન-જનક પ્રથા; (વચ્ચે) સિદ્ધરાજના સહસ્રલિંગ સરોવરના યજ્ઞમાં અપાએલું 'મયા'નું બલિદાન; (નીચે) હરિજનવાસમાં નરસિંહ ભગતનાં ભજન; (જમણી બાજુ મથાળે) ચાંડાલ સાથે સંવાદ કરતા શંકરાચાર્ય; (તેની નીચે) ભગવાન બુદ્ધને પાણી પાતી ચાંડાલબાળા ને (છેલ્લે) વણકર સંત કબીરનું આલેખન છે. એમની આલેખનશૈલીને વધુ સ્પષ્ટ કરવા આ ચિત્રપટનો એક ભાગ–વ્યાધને પ્રણામ કરતા કૌશિકમુનિ' નીચે ↓ આપ્યો છે.





અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૫૦થી

આત્મકથાનકનો બીજો ભાગ પણ એમ જેવા વાચકો સમક્ષ મૂકી કૃતાર્થ કરશો.

(ખંભાત) —પ્રફુલ્લચંદ્ર રાવ

ચશ્માંની ગુલામી દૂર કરવાનો એક અનોખો પ્રયોગ : સવારે આંખ ઊઘડ્યે પથારી છોડતાં પહેલાં સીધા ચત્તાપાટ પડી રહો. પછી આંગળીના ટેરવા પર જીભ પરથી વાસી થૂક લઈ એનું બંને આંખમાં હળવે હળવે અંજન કરો. આંજતાં જોર કરવું નહિ. શરૂઆતના થોડા દિવસ આંખો બળશે. પણ ધીમે ધીમે ટેવાતા જતાં બળતી બંધ પડશે. તા. ૭-૧૨-૬૯ના જન્મભૂમિ-પ્રવાસીમાં આ હતું. તમારો શો અભિપ્રાય છે?

(મુંબાઈ) —ગોવિંદજી જેઠાભાઈ

[* માનવમૂત્રની પેઠે વાસી થૂકના આવા પ્રયોગો ગ્રામપરંપરામાં હોવાનું જાણ્યું છે, જેમાંનો એક દાદર ઉપર થૂક લગાડવાનો છે. અગાઉ 'કુમાર'માં શ્રી નટવરલાલ માલવીની 'વગર પૈસાના વૈદ'વાળી લેખમાળામાં, સવારે ઊઠતાંવેંત —મોં સાફ કર્યા વિના જ—ખમાય એટલું પાણી પીને કબજિયત મટાડવાનો પ્રયોગ અપાયો હતો. (દાંતમાં ભરાઈ રહેલા અનાજના કણને સૂતાં અગાઉ બ્રશ કે દાતણથી સાફ કરી લેવાથી મોં ગંદું નહિ લાગે.) આવા ગ્રામ-પ્રયોગો જાણીતા છે એટલું જ અમે જાણીએ છીએ.]

ડિસેંબર '૬૯ના 'કુમાર'માં માધુકરી વિભાગનાં કાવ્યમાં 'અખંડ ફરે આ બાહ્ય ચિચોડો' છે તેને બદલે 'બ્રહ્મ ચિચોડો' જોઈએ. 'કુમાર' વિષે ઘણું લખી શકાય. ખરેખર, અનન્ય માસિક : જીવન ને સાહિત્યને જોડતા સેતુ સમાન.

(દહીસર : મુંબાઈ-૬૮) —કનૈયાલાલ મોદી

ઘઉંના જવારાની પુસ્તિકા વિષે

પહેલો લેખ પ્રસિદ્ધ થયો ને પત્રો આવવા લાગ્યા : 'મને અને અમુક અમુકને પુસ્તિકા મોકલો : ૨૫ પ્રતો, ૫૦ પ્રતો, ૧૦૦ પ્રતો... મોકલી શકો તેટલી મોકલો. આવા પત્રોનો પ્રવાહ વહેતો હોય તો કુબેરનો ભંડાર પણ ખલાસ થઈ જાય. તા. ૨૫-૧૨-૬૯ સુધી આવેલા તમામ પત્રોના જવાબમાં પુસ્તિકા મોકલાવેલ છે.

હવે પછી સૌની શુભેચ્છા અને સક્રિય સહકારથી "'પૂર્ણયોગ' સરસ્વતી સદન, રામજી ટેકરા, વલસાડ" આ કાર્ય ચાલુ રાખવા ધારે છે. તે માટે : ૧) આવતા પત્રો પૈકી ઘણાનાં લખાણ વાંચી શકાય નહિ તેવાં હોય છે, અને/અથવા સરનામાં અધૂરાં હોય છે કે બિલકુલ હોતાં નથી. ૨) પુસ્તિકા મંગાવ્યા પછી બહુ ઓછી વ્યક્તિઓએ પોતાના અનુભવો લખી જણાવ્યા છે. તે લખી મોકલવા એ ખાસ મહત્ત્વનું છે. ૩) દાતાઓના પૈસાથી કામ થતું હોવાથી ટપાલખર્ચનો બરાબર હિસાબ રાખવો જોઈએ. આ ઘણો વખત માગી લેતી કામગીરી ઓછી થાય તેમજ પુસ્તિકાની પ્રતો નિરર્થક વેડફાય નહિ તે ઇચ્છનીય હોઈને, હવે પછી જે સંસ્થા તેમજ વ્યક્તિ પૂરતી ટિકિટ ચોડેલું પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ અથવા પોસ્ટકાર્ડના માપના સારા કાગળના કટકા પર પોતાનું પૂરું સરનામું સુવાચ્ય અક્ષરે લખી મોકલશે તેને જ પુસ્તિકા મોકલવામાં આવશે. ઉપર્યુક્ત પોસ્ટકાર્ડ યોગ્ય સમયે જવારાના પ્રયોગનું પરિણામ જણાવવાનું યાદ આપવા માટે વપરાશે. એક કરતાં વધારે નકલ જોઈતી હોય તેમણે વધારાની દરેક નકલ દીઠ ૪૦ પૈસા મની-ઑર્ડરથી મોકલવા.

જવારા વિષે અનિવાર્ય હોય તો જ પત્રવ્યવહાર કરવો અને જવાબ માટે સરનામાવાળો પત્ર અવશ્ય સાથે બીડવો. જવાબ આપવા યોગ્ય પત્રોના, માણસની સમય અને શક્તિની મર્યાદામાં રહીને જવાબ આપવામાં આવશે.—'પૂર્ણયોગ'

મારે ૧૯૫૩ થી ૧૯૬૮ સુધીની 'કુમાર'ની ફાઇલો વેચવાની છે. કોઈ વ્યક્તિ કે સંસ્થા રસ ધરાવતી હોય તો નીચેના સરનામે પત્રવ્યવહાર કરે. બધી જ ફાઇલો કાળજીથી રેફ્રીજીન પોતવાળી ખાદી તેમજ ડિઝાઈનવાળા કપડાથી પાકા પૂઠા સાથે બાઇન્ડિંગ કરેલી છે. તેમાં આવેલી બધી જ માહિતી સંપૂર્ણ છે. ફાઇલો નવી જ છે. કુમારને વાંચ્યા બાદ તેના આગવા કવરમાં મૂકી બાર અંકો ભેગા થયે તેને ફાઈલરૂપે બાંધી લેવડાવતો હતો.

(બિરાદર ચોક, ધંધુકા) —પેઇન્ટર આઈ. તલાટ

अगस्त के 'कुमार' में प्रकाशित वार्ता 'डैडी' पढ़ कर बहुत आनन्द हुआ। मेरी जन्मभूमि रानीखेत का वातावरण और मनोवैज्ञानिकता का मणिकांचन संयोग देख कर मैं लेखक को व्यक्तिगत रूप से बधाई देना चाहता हूँ. कृपया उनका (श्री बकुलजी का) पता भेजिए।

(हाँसी) —दयानन्द नारायण

[બકુલ બક્ષી, સુપરિન્ટેન્ડેન્ટ ઑવ કસ્ટમ્સ ઍન્ડ સેન્ટ્રલ એક્સાઈઝ, લક્ષ્મીસદન, ઑરિપટલ રોડ, જામનગર.]

મીનળ દીક્ષિત

ન બોલ્યામાં નવું ગુણ

એક કંપનીમાં ટૅકનિકલ ખાતામાં મોટી જગ્યા પર યોગ્ય વ્યક્તિને પસંદ કરવાની હતી. પસંદગી કરવા માટે, વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ હોદ્દો ને લાગવગ ધરાવતી પાંચ વ્યક્તિઓની સમિતિ નીમવામાં આવી. અનેક ઉમેદવારોની મુલાકાત લીધા બાદ અંતિમ કક્ષાએ બે ઉમેદવારોને સમિતિએ ચૂંટી કાઢ્યા. હવે આ બેમાંથી કોને પસંદ કરવો, એ પ્રશ્ન મહત્ત્વનો બની ગયો. પાંચ સભ્યોમાંના એકના સૂચન મુજબ બંનેને ફરી મુલાકાત માટે બોલાવવામાં આવ્યા. પછી, આગળથી નક્કી કર્યા મુજબ, તેઓને કહેવામાં આવ્યું : 'હાલમાં આ કંપની ભારે કટોકટીમાંથી પસાર થઈ રહી છે. આર્થિક તંગીને લીધે પહેલાં જાહેર કરવામાં આવેલા રૂ. ૨૦૦૦ના પગારને બદલે હાલમાં બારસો જ મળશે. તમારો શો નિર્ણય છે તે પંદર દિવસમાં અમને જણાવજો. પરંતુ આ વાત ખાનગી રાખજો; કારણ કે બજારમાં આ વાત જાહેર થાય તો અમને ભારે નુકસાન થાય એમ છે.

પંદર દિવસ પછી તપાસ કરતાં જાણવા મળ્યું કે જે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ વધારે હતાં તેણે 'આ કંપની આર્થિક કટોકટી ભોગવે છે' એવી વાત વહેતી મૂકી દીધી હતી, જ્યારે બીજો ઉમેદવાર આ વિષે ચૂપ જ રહ્યો હતો. તરત જ રૂ. ૨૦૦૦ના પગારે બીજા ઉમેદવારને નીમી દેવામાં આવ્યો. સમિતિના પેલા ચતુર સભ્યે કહ્યું : 'આપણે પસંદ કર્યો છે, તે માણસને ખાનગી રાખવાની કળા શીખતાં ત્રીસ વર્ષ ગયાં છે. થોડી ટૅકનિકલ તાલીમ આપીને એને તૈયાર કરી શકાશે; પરંતુ તાલીમ પામી તૈયાર થઈ ગએલા પેલા એન્જિનીઅરને બત્રીસ વર્ષે ખાનગી રાખવાની કળા હવે નહિ શીખવી શકાય.'

ખાનગી રાખવાની કળા નાનામોટા સૌએ શીખવા જેવી છે. એમાં ક્યારેક અવર્ણનીય આનંદ પણ છુપાએલો છે. રંગબેરંગી કાચના કકડા, કાગળો, ટિકિટો, આવી અનેક ચીજોનો બાળક સંગ્રહ કરે છે. આ ગુપ્ત ખજાનાની કોઈને જાણ થાય તે એને ગમતું નથી. અમારા કુટુંબનાં સ્નેહી ભારતીબેન જ્યારે ને ત્યારે એક જ ફરિયાદ કરે છે : 'ગામ આખાની નાખી દેવા જેવી ચીજો પ્રશાંત સંઘરી રાખે છે.' પછી હસતાંહસતાં ઉમેરે : 'પાછો મને કહે છે —મમ્મી, મારા આ ખાનગી ખજાના વિષે કોઈને કહેતી નહિ !' આટલું બોલતાંમાં એ ખડખડાટ હસી પડે. એ ભાષાની લિપિ ઉકેલતાં આવડતું હોય, તો વાંચનારને પ્રશાંતના મોં પરના ભાવો જરૂર ઉકલે : 'મમ્મી, આખરે છાની રાખવાની મારી વાત તેં આ બધાને કહી જ દીધી ને !' ઉમરલાયક થશે ત્યારે ઘણાં છૂપાં, માને કહેવા જેવાં રહસ્યો એ નહિ કહે, ને. ઠોકર ખાશે. આપણે જાણતાં નથી કે ના કહેવા છતાં પોતાની ખાનગી વાત જાહેર કરીને મા બાળકનો દ્રોહ કરે છે. તે વખતે બાળકને થતું દુઃખ યુવાન વયે થતા પ્રેમભંગ કરતાં જરાકે ઓછું કષ્ટદાયક નથી હોતું. ઢીંગલીનો પગ તૂટે ને બાળકનો જીવ બળે છે. કિશોર વયે રિસ્ટવૉચ ચોરાઈ જતાં થતા આઘાતથી પેલો આઘાત જરાકે ઓછો નથી હોતો, પરંતુ ગોપિત રહસ્યોનો નિજાનંદ આપણામાંના કેટલા સમજે છે ?

આજે કિશોરો અને મોટા વચ્ચે જાણે દોરડાખેંચની રમત ચાલી રહી છે. આજે છે તેટલું તીવ્ર ઘર્ષણ બે પેઢી વચ્ચે ક્યારેય નહોતું, કદાચ ભવિષ્યમાં પણ આટલું અંતર નહિ હોય. બંનેને એકબીજા પ્રત્યે આદર નથી, સહાનુભૂતિ નથી; કિશોરી પોતે ક્યાં, કોની સાથે ફરે છે, એ બધી વાતો નિખાલસતાથી મોટેરાંને કહેતી નથી. તેને ડર છે. ભાવિની અનિશ્ચિતતા વચ્ચે એની કોઈ વાત દુનિયાથી ખાનગી નહિ રહે.

પતિ-પત્ની વચ્ચે પણ વિશ્વાસનું સંપૂર્ણ વાતાવરણ ત્યારે જ સ્થપાય, જ્યારે બંને એકબીજાનું અલગ વ્યક્તિત્વ સ્વીકારે. નયનાને એના પતિ વ્રજેન્દ્રના ગજવામાંથી સુલભાનો પ્રેમપત્ર મળી આવ્યો. એ સમજી તો ગઈ, પણ કુનેહથી કામ લેવાનું વિચાર્યું. એકાદ વર્ષમાં સુલભાને વધુ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મળતાં એ પરદેશ ચાલી ગઈ. પછી ત્યાં જ રહી પડી. ચારેક વર્ષ પછી વ્રજેન્દ્રએ પોતાની ભૂલનો એકરાર કરતાં નયનાને નિખાલસતાથી સુલભા સાથેના પ્રેમસંબંધની વાત કરી. નયનાએ વિચાર્યું : 'જે વાત એ મારાથી અત્યાર સુધી ખાનગી રાખવા માગતા હતા તે હું જાણું છું એમ કહેવાથી મારું ગૌરવ નહિ સચવાય.' એ ચૂપ જ રહી. સુલભા વર્ષો પછી પાછી ફરી ત્યારે પણ નયનાએ પોતાનું વર્તન સ્વાભાવિક જ રાખ્યું.

અલબત્ત, આવું વર્તન કરવું સહેલું નથી. હળાહળ વિષનું પાન કરી હસતે મુખે જીવવાનું કાર્ય કોઈ વિરલ જ કરી શકે. સ્ત્રીઓ બહુ લાગણીપ્રધાન હોય છે. ગુપ્ત રાખવાની વાતો આવા ભાવાવેશમાં ક્યારેક તેઓથી કહેવાઈ જાય છે. કોઈક વાર ગુસ્સામાં પણ મોંએથી એવી વાતો નીકળી જાય છે. પછી પસ્તાવો થાય છે. માટે સલામતી ન લાગે ત્યાં હૃદય ખોલવામાં પૂરેપૂરું જોખમ રહેલું છે. આપણે જેને ખાનગી વાત કહીએ તે વ્યક્તિ, પેલી ત્રણ પૂતળીની વાતમાં આવે છે તેમ, પેટમાં વાત સમાવી શકે તેમ છે કે નહિ તેની ખાતરી પહેલાં કરી લેવી. પેલી કાવ્યપંક્તિનું સ્મરણ છે ને ?—

> 'બોલીએ ના કંઈ,
> આપણું હૃદય ખોલીએ ના કંઈ, વહેણને રે'વું ચૂપ;
> નેણ ભરીને જોઈ લે વીરા,
> વહેણનાં પાણી ઝીલનારું તે, સાગર છે વા કૂપ ?'

એક મિત્ર જ્યારે પોતાની ખાનગી વાત કહે છે ત્યારે જેને વાત કહેવામાં આવે છે તે મિત્રને ગર્વ થાય છે : 'અમે બંને સાચા મિત્રો છીએ. નહિતર મારામાં જ એ શા માટે વિશ્વાસ મૂકી મનની વાત કહે ?' બંને મિત્રો આ પ્રસંગ પછી વધુ નિકટ આવી શકે છે. બે રાષ્ટ્રોને નિકટ લાવવામાં પણ આવો વિશ્વાસ પેદા કરવો જરૂરી છે. બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મની હિટલરની સરમુખત્યારી નીચે એક પછી એક દેશો જીતી રહ્યું હતું. ફ્રાન્સ સાથેના યુદ્ધમાં ઇંગ્લન્ડ જર્મની વિરુદ્ધ ફ્રાન્સને મદદ કરતું હતું. બહાદુરીભર્યો સામનો કરવા છતાં ફ્રાન્સ હાર્યું. નાઝીઓના બૂટની નીચે ફ્રેન્ચ લોકો કચરાઈ રહ્યા હતા. ઇંગ્લન્ડનો વારો આવતો હતો. અમેરિકાના તે વખતના પ્રમુખ રૂઝવેલ્ટ તાત્કાલિક ચર્ચા કરવા ઇંગ્લન્ડ આવ્યા. ઇંગ્લન્ડના વડા પ્રધાન ચર્ચિલ સાથે લાંબી ચર્ચા કરી શકાય તે માટે બંનેએ બાજુબાજુના જ ખંડમાં રહેવાનું રાખ્યું. પોલીઓની બીમારીને લીધે રૂઝવેલ્ટ વ્હીલ

ઘેરમાં જ ફરતા. એક વાર મનમાં કંઈક તુક્કો ઊઠતાં જ, ઝડપથી ખુરશી ધકેલતા તે બારણું ઠોક્યા વગર જ ચર્ચિલના ખંડમાં ધસી ગયા. ચર્ચિલ તે વખતે ટબમાં નહાતા હતા તે એકદમ ચમકીને ઊભા થઈ ગયા ને કમ્મરે ટુવાલ વીંટાળી દીધો. ઝંખવાણા પડી જઈ રૂઝવેલ્ટે કહ્યું: 'માફ કરજે; આવેશમાં બારણે ટકોરા મારવાનું હું ભૂલી ગયો.' જેમ ત્યારે નાઝી વિમાની દળ જોખમ ફેંકે એવી કટોકટીભરી પરિસ્થિતિ હતી. એવા કપરા કાળમાં પણ, ચર્ચિલની વિનોદવૃત્તિ મરી નહોતી. તરત જ જવાબ વાળ્યો: 'આ અમારી રાજનીતિનો એક ભાગ જ છે. ઇંગ્લન્ડ અમેરિકાનું ગાઢ મિત્ર છે. ઇંગ્લન્ડે અમેરિકાથી કશું જ છુપાવવાનું નથી, એનો આ પુરાવો છે.' આ રમૂજી પ્રસંગ પણ, એક વાત સૂચવે છે કે એકબીજાનું ખાનગી રહસ્ય જાણવાથી વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને મૈત્રી વધારે ગાઢ બને છે.

એક વ્યક્તિની ખાનગી વાત બીજાને કહેવાથી બંનેને પારાવાર નુકસાન થાય છે, જ્યારે કહેનારને કશો જ લાભ થતો નથી. આ વાતનું ભાન ઘણાં ઓછાંને હોય છે. ચંપાને સાસરે એનાં સાસુ સાથે બોલાચાલી થઈ. તેથી ગુસ્સે થઈ એ થોડા દિવસ માટે પિયર ચાલી આવી. ઘરમાં બધાંને તબિયત સારી ન હોવાથી પોતે થોડા દિવસ માટે આવી છે એમ કહ્યું. ફક્ત કાકીમાને સાચી વાત કહી. કાકીમાથી આડોશપાડોશમાં વાત કહી, પછી કોઈને મોઢે વાત કહેવાઈ ગઈ. દેતતરેતતાંમાં ચંપાના સાસરા સુધી વાત પહોંચી. પતિને પણ આમ ગામમાં પોતાની માની ફજેતી કરી તેથી ચંપા પર ગુસ્સો આવ્યો. તકરાર થઈ, અને અંતે, બંનેએ છૂટાછેડા લેવા પડ્યા.

કૌટુંબિક સંબંધો આ ગુણ કેળવવાથી સચવાય છે, એટલું જ નહિ, આજીવન મૈત્રી પણ આ ગુણને લીધે જ ટકી રહે છે. રમેશ અને મહેશ ગાઢ મિત્રો. બંને સરખું જ ભણેલા. તોપણ જે એક જ ઑફિસમાં નોકરી કરતા ત્યાં બંનેમાં રમેશ ઉપરી હતો, જ્યારે મહેશ સામાન્ય કારકુન હતો. રમેશ મહેશને ઉપર લાવવા હંમેશાં પ્રયત્ન કરતો, પણ સફળતા મળતી નહિ. મૈત્રી એવી ને એવી જ ગાઢ હતી. એક દિવસ અચાનક રમેશ સામે કંપનીએ અમુક ફરિયાદોને પરિણામે તપાસ શરૂ કરી. રમેશને નવાઈ લાગી કે જે વાત માત્ર પોતે જ જાણતો હતો તે વિગતો મુખ્ય ઑફિસમાં કેમ કરીને પહોંચી? તપાસમાં રમેશ વિરુદ્ધ ખાસ નીકળ્યું નહિ. થોડાં વર્ષો બાદ મહેશને બીજી કંપનીમાં મોટા પગારની નોકરી મળી ગઈ એટલે એણે આ નોકરી છોડી દીધી. એક દિવસ મહેશે રમેશની માફી માગતાં કહ્યું: 'મને માફ કર, દોસ્ત; પણ ઈર્ષાથી પ્રેરાઈ મેં જ તારા ખાનામાંથી અમુક વિગતો જાણી લઈ મુખ્ય ઑફિસને મોકલી હતી.' શાન્ત મુખમુદ્રાથી રમેશે કહ્યું: 'એ વાત હું જાણતો હતો. તેં કંપનીને લખેલા કાગળની નકલ અચાનક તારા પાકીટમાં હાથ નાખવાથી મને મળી હતી. એક જિગરી મિત્ર તરીકે તારા પાકીટમાં મેં હાથ નાખવાનો અધિકાર મેળવ્યો હતો. પછી હું સાહેબ તરીકે એનો ઉપયોગ કરી તારી સામે પગલાં કેવી રીતે ભરી શકું!' તે ટાંકણે વાત જાહેર થાત તો બંનેની મૈત્રી સદાને માટે તૂટી જાત. બંને મૃત્યુ સુધી ગાઢ મિત્રો બની રહ્યા એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

વન્ય પશુઓને પણ છાનામાના છાપો મારવાની રમત પ્રિય હોય છે. સિંહણ ઊભી હોય, તેની પાછળના પગરા પર એનું બચ્ચું ચૂપકીથી ચડે, અને માનું ધ્યાન ન હોય ત્યારે એની પીઠ પર કૂદી એને ચમકાવે. માને આશ્ચર્યચકિત કરી નાખવાની ઇચ્છા ધરાવતા બચ્ચાનું, એ કૂદવાની તૈયારી કરતું હોય ત્યારે જ એ ખાનગી રહસ્ય સિંહણ આગળ છતું કરી દઈએ, તો એને ગમે ખરું?

તમને થશે, કે તો પછી શું યુધિષ્ઠિરની જેમ 'નરો વા કુંજરો વા' એવું અર્ધસત્ય બોલવું? એકની ખાનગી વાત બીજાને ન કહેવી, એ સંસ્કારિતાનું પ્રતીક છે, જુઠાણું નથી. જેચંદકાકા યુવાન વયે વિધુર થયેલા. હવે વૃદ્ધ થયા છે. એકલા રહે છે. તો યે સૌના વિસામો બન્યા છે. યુવાન પુરુષ, એની પત્ની કે સાસુ, કોઈ પણ પોતાની ઉચાટ ઠાલવી એમની પાસે હૃદયનો ભાર હલકો કરી શકે છે. દરેક જણ કહેશે: 'જેચંદકાકા પાસેથી વાત બહાર જવાની જ નહિ ને!' પરિણામે, વિશાળ મિત્રો ને સ્નેહીઓનો મેળો એમના ઘરમાં જામે. તમને પણ એમ નથી લાગતું કે જેચંદકાકા જેવા સાચા મિત્ર સૌના બની શકીએ તો સમાજનાં ઘણાં પ્રશ્નો નિવારી શકાય?



ગૂંથણ-ડિઝાઈનના તમારા સંગ્રહમાં રાખવા જેવો એક નમૂનો

કંકાવટી

આપણે વિજ્ઞાનમાં ખૂબ પ્રગતિ કરી છે, તેમ જ આપણી ભૌતિક સુખાકારી માટે મોટામોટા સુધારા પણ કર્યા છે. આ બધું છતાં આપણા અસ્તિત્વ કે જીવનનું કેન્દ્ર તો કુટુંબ જ કાયમ રહેલું છે. જેઓ આ કે તે કારણે પૂર્ણ ને સુખી કુટુંબજીવન કે ગૃહજીવન નથી અનુભવી શકતાં તેઓ પોતાના જીવનમાં એક મહાન સ્થિરતાદાયક પ્રભાવશાળી વસ્તુ ખૂએ છે.

(રાણી ઇલિઝાબેથ)


અખરોટનો હલવો

રંગનો મોહ ન હોય તો અખરોટના મગજનો મશીનથી સીધો ભૂકો કરવો. છાલ સાથે જ લેવાં, જેથી એની મૂળ સુગંધ જતી નહિ રહે. (અથવા ઊકળતા પાણીમાં એક મિનિટ માટે મગજને નાખી કાઢી લેવો ને ઠંડો પડેથી છાલ કાઢી નાખી મશીનથી પીસી લેવો.) પછી ચમચો ઘી લઈ તેમાં સહેજ સાંતળવો. એક વાટકી અખરોટનો ભૂકો હોય તો ૦ા વાટકીથી થે ડોક વધારે માવો લઈ તેને પણ શેકી લેવો, જેથી હલવો બે દિવસ રહે તો વાસ ન આવે.

હવે ૦ા વાટકી જેટલી સાકર લઈ રાા તારની ચાસણી કરવી. તેમાં શેકેલો માવો અને શેકેલાં અખરોટ તથા ખાંડેલાં એલચી નાખી હલાવી એકરસ કરી લેવું અને થાળીમાં ઠારી કટકા કરવા. (નિરંજના પંડ્યા)

આરોગ્યવચન

સૂંઠ મરી ને પીપરી, શ્રીખર જવનો ખાર;
જૂને ગોળ ગોળી કરો, ખાંસ જાય તત્કાળ.



એક નવા પ્રકારનું સેંડલ—સાદું છતાં આકર્ષક. ચામડાને અડવાની સૂગ ન હોય તો આવા પ્રયોગો ઘર આંગણે પણ થઈ શકે. અને ચામડું જ શા માટે? નાના બાળક માટે મખમલ જેવા મુલાયમ કાપડમાંથી પણ આવી ચીજો ઘેર બનાવી શકાય.

પચ્ચીસ વર્ષ પહેલાં

ફેબ્રુઆરી ૧૯૪૫ અંક ૨૫૪

આપણા જાણીતા પુરાવિદ્ શ્રી અમૃતલાલ વ. પંડયાએ કલા અને પુરાતત્ત્વ બંને વિષયોને સ્પર્શીને, જનસામાન્યને સમજાય તેવું આપણી પ્રાચીન મૂર્તિઓનું પ્રાથમિક અને રસભર્યું જ્ઞાન આપતી લેખમાળા આજથી પચ્ચીસ વર્ષપહેલાંના અંકમાં શરૂ કરેલી.

આપણાં જૂનાં ગામગામડાંમાં કે ભાગોળો પર, પ્રાચીન અવશેષોમાં જે ચીજ સૌથી મોટા પ્રમાણમાં મળી આવે છે તે મૂર્તિઓ. એ પછી, પ્રમાણની દૃષ્ટિએ, ઉત્તરોત્તર ક્રમમાં પ્રાચીન ઇમારતોના અવશેષો, પ્રાચીન સિક્કાઓ, પ્રાચીન લેખો અને પાળીઆ, પ્રાચીન હસ્તપ્રતો ને ચિત્રો ઇત્યાદિ આવે છે. આ લેખમાળામાં પહેલો મૂર્તિઓનો પરિચય આપણે કરીશું. જેથી સાધારણ શિક્ષિત વર્ગ, પોતપોતાનાં સ્થળો કે વિસ્તારોમાં મળી આવતા પ્રાચીન અવશેષો પિછાની તથા સમજી શકે.

ધર્મની દૃષ્ટિએ મૂર્તિઓના ચાર વર્ગ છે: હિંદુ મૂર્તિઓ, બૌદ્ધ મૂર્તિઓ, જૈન મૂર્તિઓ ને આદિવાસીઓનાં દેવદેવીઓની મૂર્તિઓ. આ ધર્મોના દેવો જુદાજુદા હોવા છતાં કેટલાક દેવો તો બે કે તેથી વધુ ધર્મોમાં સામાન્ય છે. મૂર્તિઓ પથ્થર, ધાતુ, લાકડું, માટી તેમજ હાથીદાંતની પણ બનાવવામાં આવે છે. વળી કાગળ, ભીંત, વસ્ત્ર ને બીજી વસ્તુઓ પર ચિત્ર રૂપે પણ મૂર્તિઓ આલેખેલી મળી આવે છે.

મૂર્તિનાં અંગો

મૂર્તિનાં મુખ્ય અંગો નીચે પ્રમાણે હોય છે:


૧–પીઠ; ૨–આસન; ૩–આયુધ; ૪–પ્રતીક; ૫–વાહન; ૬–મુદ્રા; ૭–અલંકાર; ૮–ભંગ. ઉપરાંત, હાથ અને મુખની સંખ્યા વધતીઓછી હોય છે, તેમજ કેટલીક મૂર્તિઓની 'પીઠ' ઉપર, આસનની નીચે તલ ભાગમાં, અગર તો પૃષ્ઠ ભાગમાં ટૂંકા લેખો પણ કોતરેલા હોય છે.


મૂર્તિ કયા દેવની છે તે મુખ્યત્વે તેના આટલા વિભાગોના નિરીક્ષણથી જણાય છે: વાહન, પ્રતીક, હાથમાં ધારણ કરેલાં આયુધો, મસ્તક અને હાથની સંખ્યા, મુખાકૃતિ અને મુકુટ. એ સઘળાં જ અંગો કોઈ બધી મૂર્તિઓમાં હોતાં નથી. દાખલા તરીકે અમુક મૂર્તિઓમાં વાહન નથી પણ હોતાં. વળી પ્રાચીન મૂર્તિઓ આખેઆખી તો જૂજ જ મળી આવે છે—મોટે ભાગે ખંડિત જ મળે છે; ને ખંડિત મૂર્તિઓમાં દેખીતીરીતે જ ઉપરના ઘણાખરા ભાગો ન હોઈ શકે. એટલે અવશેષ ભાગોના પરીક્ષણ ઉપરથી મૂર્તિને ઓળખવી પડે છે.

મૂર્તિ પુરુષદેવની છે કે સ્ત્રીદેવની, તે વક્ષસ્થલને જોતાં તુરત જણાઈ આવે છે. પછી દેવને ઓળખવા તેના વાહન તરફ દૃષ્ટિ ફેરવવી જોઇએ. જો હંસ હોય તો બ્રહ્મા, મૂષક (ઉંદર) હોય તો ગણપતિ, ઇત્યાદિ. વાહન પછી મુખાકૃતિ જોવી જોઇએ. અમુક દેવનું મુખ મુકુટ કે મસ્તક, પ્રકાર અને સંખ્યાની દૃષ્ટિએ વિશિષ્ટ હોય છે દા. ત. બ્રહ્માના માથાની સંખ્યા, ગણપતિની સૂંઢ, વિષ્ણુનો મુકુટ, પાર્શ્વનાથ (જૈન તીર્થંકર)ના મસ્તક પરની નાગફણા, અર્ધનારીશ્વરનો ચહેરો ઇત્યાદિ પરથી તે તે દેવોને ઓળખી શકાય છે. પરંતુ બરોબર ઓળખવા માટે હાથમાં ધારણ કરેલા આયુધો ઇત્યાદિ તપાસવાનાં હોય છે; કેમ કે બ્રહ્મની પેઠે ત્રિમૂર્તિ અને દત્તાત્રેયને પણ ત્રણ મસ્તક હોય છે (બ્રહ્માને ચાર હોય છે, પણ એક પાછળ હોવાથી મૂર્તિમાં માત્ર ત્રણ જ દેખાતાં હોય છે), એટલે આયુધોને જોતાં ચોક્સપણે જણાઈ આવે છે કે દેવ કયા છે. જેમ કે બ્રહ્માને જે ચાર હાથ હોય છે, તેમાંથી ઉપરના ડાબા હાથમાં 'કમંડલુ' ને જમણામાં 'અક્ષમાલા' ધારણ કરેલાં હોય છે; અને નીચેના હાથમાંથી ડાબો 'વરદ' (વરદાન આપવાની) ને જમણો 'અભય' (નિર્ભય બનવાનું સૂચવતી) મુદ્રાઓ દાખવે છે. તેવી જ રીતે વિષ્ણુના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હોય છે. સૂર્યના બંને હાથમાં બે કમળ હોય છે.



મંદિરોમાં દર્શન કરવા વગેરેની ટેવને લીધે હિંદુ મૂર્તિઓને ઓળખી કાઢતાં હિંદુઓને વાર લાગતી નથી. જૈન મૂર્તિઓમાં તીર્થંકરની મૂર્તિઓ પણ જુદી તરી આવે છે. પરંતુ બૌદ્ધ મૂર્તિઓ આપણે ત્યાં ગુજરાતમાં જવલ્લે જ મળી આવતી હોવાથી તેમને ઓળખવા આપણે ટેવાએલા નથી. આ નીચેની આકૃતિઓમાં દર્શાવેલા હાથની સ્થિતિ પરથી જૈન કે બૌદ્ધ બેઠી મૂર્તિઓ તરત ઓળખી શકાશે. એ મૂર્તિઓ વચ્ચેનો મુખ્ય તફાવત એ હોય છે કે બુદ્ધનીમૂર્તિ વસ્ત્ર પહેરેલી હોય છે, જ્યારે જૈનમૂર્તિ વસ્ત્રરહિત હોય છે. શ્વેતાંબર મૂર્તિઓમાં પાછળના ભાગમાં કૌપીનની રેખાઓ હોય છે. બુદ્ધમૂર્તિના હાથની મુદ્રાઓ વિવિધ





જૈનમૂર્તિ

હોય છે, જ્યારે જૈન મૂર્તિઓ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે હથેલી પર હથેલી મૂકીને બેઠી હોય છે. આ તફાવત મોટામાં મોટો છે. વળી જૈન મૂર્તિઓમાં છાતીની વચ્ચોવચ 'શ્રીવત્સ'નું ચિહ્ન ખાસ નોંધપાત્ર છે.

હિંદુ દેવો

પૌરાણિક હિંદુ ધર્મમાં મુખ્ય દેવો ત્રણ છે: બ્રહ્મા, વિષ્ણુ અને

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'પોલું ઢંઢ' - 'ગેમે'

'સાવ પોલું' એવા અર્થમાં 'પોલું ઢંઢ' એવો રૂઢિપ્રયોગ છે. 'લીલું છમ', 'કાળું મેંશ' 'ધોળું ફક' વગેરે જેવો આ પ્રયોગ હોઈને 'ઢંઢ'નો ખાસ કશો અર્થ નહિ થતો હોય એવો આપણને વહેમ રહે. પણ પ્રાકૃતકોશમાં 'ઢંઢ' શબ્દ 'નિરર્થક' એવા અર્થમાં નોંધાયો છે; એટલું જ નહિ પણ અત્યારે આપણે જેવા અર્થમાં તે સમજીએ છીએ તેને મળતા અર્થમાં તે શબ્દ બારસો વરસ પહેલાં પણ પ્રયોજાતો હોવાનો એક પુરાવો મળ્યો છે. આઠમી શતાબ્દીમાં ઉદ્યોતનસૂરિએ રાજસ્થાનમાં રચેલી પ્રાકૃત કથા 'કુવલયમાલા'માં નીચેનું પદ્ય છે:

અપ્ફાલિયા વિ ઢક્કા છજ્જીવ-ણિકાય-રક્ખણં ધમ્મો ।
જીવદયા-દમ-રહિઓ ઢં ઢં ઢં ઢં તિ વાહરઇ ॥

અર્થ: 'દાંડીથી પિટાતો, ઢમઢમ વાગતો ઢોલ કહે છે કે છ પ્રકારના જીવવર્ગોનું રક્ષણ કરવું તે જ ધર્મ; જીવદયા અને ઇંદ્રિયદમન વગરનો ધર્મ તે તો સાવ ઢંઢ.' અહીં ઢોલના ઢમઢમ અવાજ ઉપર શ્લેષ કરીને તેને 'સાવ પોલું, ખાલીખમ, નિરર્થક' એ પ્રમાણે બીજા અર્થમાં ઘટાવ્યો છે.

પ્રાકૃતકોશમાં 'ઢંઢ'નો બીજો એક અર્થ 'દાંભિક, કપટી' આપેલો છે. દેખાવે મોટું, પણ અંદરથી પોલું હોય તેને 'કપટી' કે 'દાંભિક' ગણી શકાય. એ રીતે તે 'ઢંઢ'નો લાક્ષણિક અર્થ જણાય છે.

આ પ્રમાણે સાવ નિરર્થક લાગતો હોય પણ પ્રાચીન પ્રયોગ જોતાં સાર્થક જણાય તેવા શબ્દનું એક બીજું ઉદાહરણ જોઈએ. સૌરાષ્ટ્રમાં કોઈ ઉત્સવ જેવા પ્રસંગે કુટુંબીઓ ને ઇષ્ટ મિત્રો ભેગા મળ્યા હોય અને આનંદમંગળ ને ખાણીપીણીની છોળ ઊછળતી હોય ત્યારે 'ત્યાં તો ગેમે થઈ રહ્યું છે', એવો પ્રયોગ છે. આનંદસૂચક અવાજ પરથી 'ગેમે' ઘડી કઢાયો હોવાની સહેજે શંકા જાય. પણ ઈ.સ. ૧૬૯૫માં જયતસીએ રચેલા 'કયવન્ના રાસ' (=કૃતપુણ્યના રાસ)માં કૃતપુણ્ય શેઠ બાર વરસે ગણિકાને ત્યાંથી ઘેર પાછો આવે છે તેના વર્ણનમાં 'ગેમે'નું જૂનું રૂપ મળે છે:

સાજન સહુ આવી મલ્યા, હુઉ હર્ષિત કુટુંબ અપાર;
બાંધ્યાં તોરણ બારણે, શોભા વધી નગર મઝાર.
મનવંછિત સુખ ભોગવે, દીયે દાન ને આદર માન;
ગહમહ ઘર વસતી હુઈ, ઘર સોહે પુરુષ પ્રધાન.

અહીં આનંદથી ઊભરાતી વસ્તીથી ઘર ભરચક થયાનો ભાવ 'ગહમહ'થી વ્યક્ત થયો છે. જૂની ગુજરાતીમાં 'ગહગહવું', 'ગહગહાટ' વગેરે આનંદવિભોર થઈ જવાના અર્થમાં વારવાર આવે છે. અને 'ગટમટ', 'ઝગમગ', 'ઝળમળ', 'કણમણવું', 'ઝરમર', 'ધસમસ' વગેરે રવાનુકારી શબ્દોમાં મકારથી બેવડાવવાનું વલણ આપણે જોઈ શકીએ છીએ. તે અનુસાર 'ગહમહ', અને પછીથી 'ગેમે.'

હરિવલ્લભ ભાયાણી

વિવેચન, નવલકથા અને હળવા નિબંધ પર દૃષ્ટિપાત

અવલોકન: પ્રાચાર્ય બહાદુરશાહ પંડિત

વિવેચન

ઉપક્રમ: શ્રી જયંત કોઠારીનાં બારેક વિવેચનાત્મક લખાણોનો આ સંગ્રહ એમના અધ્યયન-અધ્યાપનના અનુભવનો આવકાર્ય ફાલ છે, જે 'અધ્યાપકીય વિવેચન'ની સ્વ. ચૂનીલાલ મડિયાએ કંઈક વ્યંગમાં આપેલી સંજ્ઞાને જડબાતોડ જવાબરૂપ છે. વિવેચકમાં આવશ્યક એવા તાટસ્થ્ય, સમતુલા, નિર્ભીકતા, સહૃદયતા આદિ ગુણો એમનાં આ લખાણોમાં ઊડીને આંખે વળગે એટલાં સ્પષ્ટ દેખાય છે. 'કળા એટલે શું?' 'નાટકમાં રસ અને ક્રિયા', 'ગુજરાતી નવલકથા વિશે વિચારવિમર્શ', 'પ્રેમાનંદ: તત્કાલ અને આજે' આદિ લેખોમાં વિવેચ્ય વિષયને સમગ્રતયા અવલોકવાની લેખકની માર્મિક અને ઝીણવટભરી દૃષ્ટિ તે તે વિષયને વિશદ ને રસપૂર્ણ બનાવે છે. નવીનતાના મોહમાં ફસાયા વિના કે નિર્ભીક દેખાવાની ફૅશનમાં આક્રમક બન્યા સિવાય લેખક પોતાને સાચું લાગે એ કહી શકે છે એ આ સંગ્રહના ઘણા લેખોમાં જોવા મળે છે. કાલેલકર, કાન્ત, પ્રેમાનંદ, ગોવર્ધનરામ આદિનાં અનેક વાર મૂલવાઈ ગએલાં સર્જનોને પણ જૂનાંનો આધાર લેવા છતાં મૌલિક અને જુદા દૃષ્ટિકોણથી મૂલવવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. ગુજરાતી સાહિત્યનું અધ્યાપન કરતાં કર્તાએ ઘડેલી મૌલિક વિચારસરણીના પરિપાક રૂપ આ ગ્રંથ અન્ય અધ્યાપક-વિવેચકોને પણ પ્રેરણારૂપ નીવડે એમ છે. પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૧, પૃ. ૨૯૪, પાકું પૂંઠું, રૂ. ૯.

કાવ્યભાવન: શ્રીમતી હીરાબેન રા. પાઠકનાં ઈ. સ. ૧૯૩૮ થી ૧૯૬૮ સુધીના ગાળામાં લખાએલાં વિવેચનાત્મક લખાણોના આ સંગ્રહનાં એક 'ચિત્રદર્શન' અને બીજું 'નાટ્યાવલોકન' બાદ કરતાં બાકીનાં ત્રેવીસનો મુખ્ય વિષય કવિતા છે, જે પુસ્તકના નામાભિધાનને યથાર્થ ઠરાવે છે. 'કાવ્યમાં વ્યુત્ક્રમ', 'કવિતા અને છંદ', 'ખંડકાવ્ય', 'નાટકમાં ગીત અથવા કાવ્ય', 'રોમૅન્ટિક–ક્લાસિકલ' ને 'કાવ્ય પઠનાં' જેવા લેખોમાં લેખિકાએ તે તે વિષય પર તાત્ત્વિક રીતે વિશદ ચર્ચા કરી છે. સ્વ. રા. વિ. પાઠકની જેમ પુષ્કળ ઉદાહરણો આપી પોતાના અભિપ્રાયને સુગ્રાહ્ય બનાવવાની લેખિકાની પદ્ધતિ ગમે તેવી ગહન દલીલને પણ સરળ બનાવી દે છે અને એથી લેખને અંતે કશું અપૂર્ણ કે અસ્પષ્ટ રહી ગયાનો વસવસો રહેતો નથી, એ આ લેખોનું જમાપાસું છે.

'કળશમાંથી ક્રૉસ', 'કાન્તકાવ્યોમાં પ્રતીત થતું કાન્તમાનસ' 'પ્રો. બ. ક. ઠાકોર' આદિ લેખોમાં ઠાકોર વિષેની અછડતી નોંધમાં પણ મિતાક્ષરી રીતે એમના સમગ્ર સર્જક વ્યક્તિત્વને પ્રગટ કરી દીધું છે, તો કાન્ત વિષેના લેખો તો લેખિકાના અભ્યાસનો નિષ્કર્ષ છે. 'તુકારામનું સ્વર્ગારોહણ' રા. વિ. પાઠકના જાણીતા ખંડકાવ્યનું લંબાણથી કરાવેલું રસિક આસ્વાદન છે. બાકીના લેખો વિવિધ કાવ્યસંગ્રહોનાં અવલોકનો છે, જે લેખિકાની કવિતાપ્રીતિ ને કાવ્યસૂઝનાં દ્યોતક છે. સમગ્ર રીતે જોતાં આ લખાણોમાં શાસ્ત્રીયતા, વિશદતા, અભ્યાસનિષ્ઠા ને સચોટતા દેખાય છે. અલબત્ત એમાં તાજગીનો બહુ અનુભવ થતો નથી એ સખેદ નોંધવું રહ્યું. (પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૨૬૯, પાકું પૂંઠું, રૂ. ૬.)

રસ અને ધ્વનિ: સંસ્કૃતમાં કાવ્યવિવેચનના આઠ જુદાજુદા મતો છે. એમાં રસ અને ધ્વનિ એ બે મુખ્ય છે. એ બે વાદો વિષે સંસ્કૃત સાહિત્યમાં છેક વેદકાળથી શરૂ કરી ભરત, ભામહ, વામન, આનંદવર્ધન, અભિનવગુપ્ત, કુંતક, ભટ્ટ લોલ્લટ, મહિમ ભટ્ટ, રાજા ભોજ, ક્ષેમેન્દ્ર, મમ્મટ, વિશ્વનાથ, જગન્નાથ આદિ વિવેચકોએ જે ચર્ચાવિચારણા કરી છે એના દોહન રૂપ આ પુસ્તક ડૉ. એ. શંકરન, એમ. એ.(ના), પીએચ. ડી. માટેના 'આસ્પેક્ટ્સ ઑવ લિટરરી ક્રિટિસિઝમ ઑવ ધ થીઅરીઝ ઑવ રસ ઍન્ડ ધ્વનિ' નામના મહાનિબંધનો સાર છે. ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં એમ. એ.માં ભારતીય સાહિત્યશાસ્ત્રના જે મુદ્દાઓનો અભ્યાસ કરવાનો હોય છે, એમાંના મોટા ભાગનાની અહીં ઓછાવત્તા વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. આ વિષયમાં

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



આશા પારેખ

જન્મ : મુંબાઈમાં તા. ૨-૧૦-૧૯૪૨. માતા સુધાબેન અને પિતા બચુભાઈ દ્વારા પ્રોત્સાહન પામી નૃત્ય-અભિનયનો વિકાસ સાધ્યો. 'દિલ દે કે દેખો' ફિલ્મથી આરંભ કરી અત્યાર સુધીમાં ૩૦-૩૨ ચલચિત્રોમાં મુખ્ય પાત્ર ભજવ્યું છે અને હજી યે એકીસાથે સાત આઠ ચિત્રોમાં અભિનય આપે છે. ઇતર પ્રવૃત્તિઓ સાથે 'રામાયણ', 'નૂરજહાં', 'પાવક જ્વાળા', 'શમશબરી' ને 'ચૌલાદેવી' વગેરે નાટ્યનાટિકાઓમાં પણ ભાગ લીધો છે. પોતાના નૃત્યાભિનય દ્વારા એમણે ફંડફાળા માટે ત્રણેક લાખ રૂપિયા એકઠા કરી આપ્યા છે.

૧ શ્રેષ્ઠ અભિનયન તમે કોને કહો?

ઉ. લેખકે કલ્પેલી, પ્રસંગે માગેલી ને દિગ્દર્શકે સૂચવેલી પાત્રસૃષ્ટિને હૂબહૂ રજૂ કરી શકે તે.

૨ ભારતીય નારીનો કયો પોશાક તમને વધુ ગમે?

ઉ. બધા પોશાક સારા લાગે, જો એ સ્ત્રીની દેહરચનાને શોભે ને મર્યાદા જાળવે તેવો હોય તો. એમાં થોડી આધુનિકતા ભળે તો ખોટું નહિ, પણ સ્ત્રીનું ગૌરવ સાચવે એવો તે હોવો જોઈએ.

૩ તમારા ખાસ શૉખ?

ઉ. નૃત્યકળા, મોટરની સફર, લોકોની ડખલ વિના થઈ શકે તો ખરીદી, બાગબાની, ને રાતની શાંતિમાં વાચન મને ગમે.

૪ અભિનયન માટે શું વધુ જરૂરી છે અને તમારી સફળતાનું રહસ્ય શું?

ઉ. અભિનય માટે તો સૌપ્રથમ આંતરિક ઊર્મિ જોઈએ; અનુભવ ઓછો હોય તો ચાલે. મનગમતી કલાની સતત બંદગી અને સખત મહેનત એ મારી સફળતાનું રહસ્ય કહી શકાય.

૫ સિને-સૃષ્ટિમાં ભારતનું સ્થાન ક્યાં કહી શકાય?

ઉ. બીજે કે ત્રીજે સ્થાને ભારતને મૂકી શકાય. ટૅકનિક અને સંખ્યાની દૃષ્ટિએ હૉલિવૂડ ભલે પહેલું આવે, પણ અગાઉનાં અદ્‌ભુત ચિત્રોની તોલે આજે એ ગુનાખોરી ને હવસખોરીની વિષમય રજૂઆતમાં પડી ગયું છે, ત્યારે ભારત, જાપાન, ઇટાલી વગેરેનાં ચિત્રો પ્રેમભાવના, કૌટુંબિક જીવન, રાષ્ટ્રપ્રેમ વગેરેની કલાત્મક ને વાસ્તવિક રજૂઆત કરે છે. ભારતના સત્યજિત રાય અને તપન સિંહા આજે આખી દુનિયાનું લક્ષ ખેંચી રહ્યા છે.

૬ ચલચિત્રમાં ચમકવાના અભિલાષીને તમે શી સલાહ આપો?

ઉ. અદમ્ય ઊર્મિ, સાધનાની તપશ્ચર્યા, અથાક પરિશ્રમનો ઉત્સાહ, શરીરસૌષ્ઠવ જાળવવાની કાળજી અને આંતરશ્રદ્ધા હોય તો જરૂર સિદ્ધિ મળી શકે.

આશા પારેખ

ઊંડો રસ ધરાવતા શ્રી નગીનદાસ પારેખે આ અનુવાદસાર તૈયાર કરીને વિદ્યાર્થીઓ તેમજ અન્ય અભ્યાસીઓને ઉપયોગી સામગ્રી પૂરી પાડી છે. (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પૃ. ૧૧૬, કાચું પૂઠું, રૂ. ૨.)

સાહિત્યવિચારણા : ગુજરાતને ટૂંકી વાર્તાનું કલામય સ્વરૂપ ઘડી આપનાર સ્વ. ધૂમકેતુના સાહિત્યવિષયક લેખોનો આ સંગ્રહ, એમના 'જીવનચક્ર', 'સર્જન અને ચિંતન', 'વાતાયન', 'સંસ્કારરેખા' આદિ સંગ્રહોમાંના લેખો ચૂંટીને, એમના પુત્ર શ્રી દક્ષિણકુમાર જોશી અને જાણીતા વિવેચક શ્રી અનંતરાય રાવળે તૈયાર કર્યો છે. 'સાહિત્ય ચર્ચા', 'સાહિત્ય અને જીવન', 'નવલિકા', 'અર્ઘ્ય' અને 'પ્રકીર્ણ' એવા એના પાંચ વિભાગોમાં નાનામોટા સાઠેક લેખોનો સમાવેશ થાય છે. સ્વભાવે જ ઊર્મિશીલ હોવાથી સ્વ. ધૂમકેતુના આ લેખોમાં શાસ્ત્રીયતા કે પાંડિત્ય કરતાં સર્જક તરીકે એમણે અનુભવેલી સિસૃક્ષા અને સાહિત્યપદાર્થને પામવાની મથામણનો પરિપાક વિશેષ દેખાય છે. સાહિત્યનું ગૌરવ કરતા લેખક વાસ્તવવાદ કરતાં ભાવનાવાદને વિશેષ મહત્ત્વ આપતા જણાય છે, છતાં ભાવનાત્મક સત્ય (વાસ્તવદર્શન) એમને માન્ય છે. આ સંગ્રહનો સૌથી આકર્ષક વિભાગ 'નવલિકા'નો છે. એમના વાર્તાસંગ્રહોની પ્રસ્તાવનારૂપે લખાએલા ટૂંકી વાર્તાઓ વિષેના આ વિભાગના લેખો, એ સ્વરૂપને સ્વતંત્ર સાહિત્યસ્વરૂપનું ગૌરવ આપવા ઉપરાંત એક અનુભવી વાર્તાસર્જકની વાર્તા વિષેની માન્યતા આહ્‌લાદકરીતે પ્રગટ કરે છે. એમાં ટૂંકી વાર્તાને આપેલી ઉપમાઓ ધૂમકેતુમાં રહેલું કવિત્વ પ્રગટ કરે છે. એકંદરે આ લેખોમાં સ્વ. ધૂમકેતુની ચિંતનપરાયણતા અને સાહિત્યપ્રિયતા પ્રતીત થાય છે. એમની આ વિચારણા ગુજરાતી સાહિત્યતત્ત્વચર્ચાના પ્રવાહમાં જોવા મળતી રમણભાઈ, નરસિંહરાવ, આનંદશંકર, ઠાકોર, પાઠક આદિની 'ઍકેડેમિક' ચર્ચા જેવી નથી પણ નાનાલાલ, મુનશી, રમણલાલ, મેઘાણી આદિના જેવી 'બિન ઍકેડેમિક' અને એથી મુક્ત અને રસાળ છે, એ શ્રી અનંતરાય રાવળનો અભિપ્રાય સમુચિત છે. સ્વ. ધૂમકેતુના અત્રતત્ર વેરાએલા લેખોને એક જ સંગ્રહમાં એકત્રિત કરી આપવા બદલ એના સંપાદકો અભિનંદનને પાત્ર છે. (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પૃ. ૫૧૦, પાકું પૂઠું, રૂ. ૯.)

નવલકથા

પ્રેમયાત્રા : મધ્યમ વર્ગને ન પોસાય એવા ઠઠારાની શોખીન સુનંદા પોતાનાથી ઓછા તેજસ્વી પતિના ઘરનો ત્યાગ કરી ચાલી જાય છે અને દુનિયાની નક્કર વાસ્તવિકતાનો અનુભવ થતાં પાછી ફરે છે; પણ એ દરમિયાન બીજી યુવતી પલ્લવીના પ્રેમમાં પડેલો એનો પતિ નરેન લઘુતાગ્રંથિમાંથી મુક્ત થયો હોવાથી એનો સ્વીકાર કરવાની ના પાડે છે. નરેનની ઉમદા ભાભી કુસુમની દરમિયાનગીરીથી સુનંદા ઘરમાં આશ્રય તો મેળવે છે, પણ પતિના હૃદયમાં ફરી સ્થાન મેળવતાં થોડી મુશ્કેલીઓ એને સહેવી પડે છે. અંતે સુનંદા, જેઠની મેલી નજરનો ભોગ બનતાં બચવા માટે જ પોતે ગૃહત્યાગ કરી ગએલી એ રહસ્ય ખુલ્લું પાડે છે, અને નરેન પરણેલો છે એ પલ્લવી જાણે છે ત્યારે નરેન સુનંદાનો સ્વીકાર કરે છે અને પલ્લવી અમિત નામના એક પરિચિત યુવાનને પરણી જાય છે.

અસંગત પાત્રાલેખન, અસંબદ્ધ વર્ણનો, સામાન્ય કક્ષાના અને સભાનપણે ગોઠવ્યા હોય એવા તાલમેલિયા પ્રસંગો, નાટકીય સંવાદો, કૃત્રિમ ભાષા ઇત્યાદિ કેટલીક આગળપડતી મર્યાદાઓ વાળી આ કથાના લેખક કયું જીવનદર્શન પ્રગટ કરવા માગે છે એ પણ સ્પષ્ટ સમજાતું નથી. આવી સામાન્ય કક્ષાની, નવલકથાને પણ શ્રી ગુલાબદાસ બ્રોકર જેવા સન્માન્ય સર્જકની પ્રસ્તાવનાનો લાભ મળે એ એનું મોટું સદ્‌ભાગ્ય ગણાય. (પ્ર. આર. આર. શેઠની કં. મુંબાઈ-૨; અમદાવાદ૧. પૃ. ૨૮૫, પાકું પૂઠું, રૂ.૭)

આત્મચરિત્ર

આત્મકથા ભાગ–૪ જીવનસંગ્રામ : સન ૧૯૨૪ થી '૩૫ સુધીનાં અગિયાર વર્ષ દર-

મિયાન શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે ખેલેલા જીવન-સંગ્રામના અનુભવો આલેખતો એમની દીર્ઘકાય આત્મકથાનો આ ચોથો ભાગ. એમણે વિચારમાં, વ્યવસાયમાં, જીવનના રાહમાં અને પ્રચારની દિશામાં લીધેલા વળાંકોનું વર્ણન હોઈ એમાં ઘણું વૈવિધ્ય છે. ઈ. ૧૯૨૪માં ગાંધીજી સાથે મતભેદ થતાં અમદાવાદનું જાહેર જીવન છોડી મુંબાઈ ગએલા ઇન્દુલાલે વ્યક્તિગત જીવનનો પ્રારંભ કર્યો ત્યાંથી શરૂ થતા આ ભાગમાં અર્ધે સુધી તો એમના વિવિધ વર્તમાનપત્રોના અને ફિલ્મજગતના અનુભવો છે, જે કોઈ કોઈ સ્થળે તો અત્યંત અંગત બની જતા હોઈ સામાન્ય લાગે એવા છે. પાછળથી એમણે વિલાયતના પ્રવાસ અને ડબ્લિન. લંડન તથા બર્લિનનાં જાહેર કાર્યોનો અહેવાલ આપ્યો છે તે જિજ્ઞાસાપ્રેરક ને માહિતીસભર છે. લેખકની તિતિક્ષાવૃત્તિ, જીવનસંગ્રામમાં ઝઝૂમવાની યુયુત્સા અને સાધક વૃત્તિનો આ ખંડમાં પણ અગાઉના ભાગોની જેમ જ સારો પરિચય થાય છે. લેખકનું સમગ્ર જીવન અનેક ક્ષેત્રે કરવાં પડેલાં યુદ્ધો ને ક્રાંતિઓમાં પસાર થએલું હોવાથી એમની આત્મકથા ઇતિહાસની સારી સામગ્રી થઈ પડે એમ છે. એથી તો એમની આત્મકથા દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. નિખાલસતા ને સ્પષ્ટવક્તૃતા એ એમની આત્મકથાના આકર્ષક ગુણો છે. (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧ પૃ. ૪૩૮, પાકું પૂઠું, રૂ. ૯.)

હળવા નિબંધો

ચાલો સજોડે પ્રવાસ કરીએ : 'ફિલસૂફ' ઉપનામથી 'ગુજરાત સમાચાર'માં દર શનિવારે પ્રગટ થતા 'પાન-સોપારી' કૉલમમાં વર્ષો સુધી હળવા નિબંધો લખતા રહેલા સ્વ. ચિનુભાઈ પટવાનો આ સંગ્રહ એમના એ જ વિભાગમાં પ્રસિદ્ધ થએલા પ્રવાસવિષયક અગંભીર લેખોનું સંકલન છે. કુલ ૨૧ લેખોમાં ચાર સાહિત્ય પરિષદો અંગેના, ત્રણેક સરકાર તરફથી પત્રકારોને કરાવાતા પ્રવાસોના, બે હિમાલયની સફરના, બે માંદગી સમયે થએલી ઑસ્પિટલની મુલાકાતના તો અન્ય કેટલાક બહુચરાજી, સૌરાષ્ટ્ર, મોઢેરા, ઉદેપુર આદિ વિવિધ સ્થળોના પ્રવાસ અંગેના છે, પ્રવાસશોખીનો આ લેખોમાંથી જે તે સ્થળો વિષે માર્ગદર્શક માહિતીની અપેક્ષા રાખે તો એ નિરાશ જ થવાના, કેમ કે લેખકની દૃષ્ટિ માહિતી કરતાં મનોરંજન આપવા તરફ વિશેષ છે. લેખકની દરેક વસ્તુ કે બનાવ તરફ અવળી રીતે જોવાની રીતિ, માનવીની નાનીનાની નબળાઈઓ તરફ થતા અંગુલિનિર્દેશ અને અહીંતહીં આવતું વાણીચાતુર્ય કે શબ્દરમત આ સંગ્રહને હળવો હાસ્યસંગ્રહ બનાવે છે. અલબત્ત, અન્ય સંગ્રહોના લેખોની જેમ આ સંગ્રહમાં પણ ઊંડાણ કે માનવમનની કોઈ સ્થાયી કે સનાતન વૃત્તિને વિષય બનાવતું હાસ્ય બહુ ઓછું જોવા મળશે. એથી આ પ્રકારના છાપાળવા હાસ્યને બીજા વર્ગમાં જ સ્થાન આપી શકાય. જોકે ગુજરાતના અલ્પ હાસ્ય સાહિત્યમાં આ સંગ્રહથી દેખીતો વધારો થશે અને એ માટે ગુજરાત લેખકનું ઋણી રહેશે. (પ્ર. લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧ પૃ. ૧૭૬, પાકું પૂઠું, રૂ. ૫.)

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

[૫]

કરાવનાર : જીવન માતરી



રંગીલા શાયર

'આસિમ' રાંદેરી

આજથી લગભગ પચીસેક વર્ષ પર શ્રી ક. મા. મુનશી સ્થાપિત મુંબાઈની સાહિત્ય સંસદના ઉત્સવ પ્રસંગે એક કવિસંમેલન યોજાયું હતું. પ્રમુખપદે આચાર્ય આનંદશંકર ધ્રુવ હતા. એમાં એક તદ્દન નવા જ કવિએ પોતાનું 'અંધ બાળા' નામે કાવ્ય રજૂ કર્યું. કાવ્ય સાંભળીને આચાર્યશ્રી પ્રસન્ન થઈ ગયા. સભા પણ મુગ્ધ બની ગઈ. પાછળથી એ જ કાવ્ય શ્રી ઉમાશંકર જોષી અને શ્રી 'સ્નેહરશ્મિ' સંપાદિત પાઠ્ય પુસ્તક 'સાહિત્ય પલ્લવ'માં પણ સ્થાન પામેલું.

જે શાયર આમ પહેલી જ વાર કવિ સંમેલનમાં રજૂ થઇને આટલી પ્રશંસા પામ્યા હતા તેને ગુજરાતની ગઝલપ્રેમી જનતા આજે તો 'આસિમ' રાંદેરીનાં નામે સારી રીતે ઓળખે છે. મૂળ નામ તો છે મહેમુદમિયાં. રાંદેરના, એટલે એમનું તખલ્લુસ રાંદેરી. મૅટ્રિક સુધી એમનો અભ્યાસ છે. ગુજરાતના 'રંગીલા શાયર' તરીકે ખ્યાતિ પામેલા આ શાયર આપણા શાયરોની આગલી હરોળમાંના એક છે. એક યુરોપીઅન કંપનીના ચીફ સેઇલ્સ ઑર્ગેનાઈઝર તરીકે વરસોથી સેવા બજાવે છે.

સ્વ. 'કલાપી'ની 'શોભના', એમ આ 'આસિમ' રાંદેરીની 'લીલા' છે. પોતાની ગઝલના કોઈ એકાદ શે'રમાં તો 'લીલા'નું નામ અવશ્ય લાવે જ છે. ઈ. ૧૯૬૩માં 'લીલા' નામનો કાવ્યસંગ્રહ પ્રકટ થયો છે. બીજો સંગ્રહ 'રંગધારા' પ્રકટ થવાની તૈયારીમાં છે.

'પ્રણયની પાઠશાળામાં સર્વ ભૂલી શકે એ જ પંડિત' એવું વિધાન કરતા, 'પ્રણયના પુજારીના માથે ન જટા છે ન હાથોમાં માળા' એવું અવલોકન કરી રંગીન શે'રો ગૂંથતા આ રંગીલા શાયરના થોડાક શેરોનો આસ્વાદ લઇએ :

તમારા ચાંદની શા હાથ પર
મેંદીની આ લાલી ?
અમે જોતા રહ્યા પાણી ઉપર
અંગાર સમજીને.

ખરા દિલથી વહો, જેમાં અશ્રુ મારા મૃત્યુ પર
બને તો એ રૂમાલો લાવજો, મારા કફન માટે.

ફક્ત ઠોકર નહિ, ક્યારેક
દે છે એ વિસામો પણ,
ગમે તે પંથ હો, પથ્થરનું
પણ હોવું જરૂરી છે.

છે સંભવ કે અમસ્તું પણ
કોઈ આવી ચડે મળવા,
ભલે ખંડેર સમ હો,
ઘરનું પણ હોવું જરૂરી છે.

ક્યામતના દિનથી એ જાણી શકાયું
છે માનવના જેવો ખુદા પણ હિસાબી.

મને 'લીલા' વિના કો' અન્યમાં
શ્રદ્ધા નથી હોતી,
કે નિર્મળ નીરની નદીઓ
બધી ગંગા નથી હોતી.

રૂપ કરતાં રૂપની તાસીર છે જગને પસંદ,
ચાંદ કરતાં ચાંદની સૌને વહાલી હોય છે.

ઝાકળ સમું જીવન છે ભલે વિશ્વબાગમાં,
ફૂલો મહીં નિવાસ ઘડી બે ઘડી તો છે!

મજા આવી જતે જો આટલી દીવાનગી હોતે.
કે મારી દૃષ્ટિમાં આખું જગત તારી ગલી હોતે.
ઘણાં પ્રેમીજનોનું થાત સર્જન એની માટીથી
તમે આંસુથી જો મારી કબરને બાંજવી હોતે.

રુદન કરવાથી યે હતભાગી
મન ખાલી નથી થાતું.
ખરે લાખો સિતારા પણ
ગગન ખાલી નથી થાતું.





ઇઝરાએલની ટિકિટો


(પ્રેષક : કિરણચંદ્ર જોષી · અમદાવાદ)

રંગવૈવિધ્ય, શૈલી ને ચિત્રવસ્તુની દૃષ્ટિએ ઇઝરાએલની ટપાલટિકિટો ઘણી જ સુંદર બહાર પડે છે. ટિકિટ-સંગ્રાહકોનું તો એ આકર્ષણ બની રહે એ સ્વાભાવિક છે, પણ ચિત્રકળા–ખાસ કરીને વ્યવસાયી ચિત્રકળા સાથે સંકળાએલા સૌ કોઈએ પણ એ અવશ્ય સંઘરવા જેવી હોય છે. ઇઝરાએલની ટિકિટોની એક બીજી લાક્ષણિક્તા પણ ધ્યાન ખેંચે છે. એની ઘણીખરી ટિકિટોની નીચે એ ટિકિટના ચિત્રવિષયના જ સંદર્ભમાં મોટેભાગે બાઈબલમાંથી કોઈ અનુરૂપ વાક્ય, અને એક સુંદર સૂચક સંજ્ઞાત્મક શોભન હોય છે. અહીં સ્થળસંકોચને લીધે નમૂનારૂપ એક છેલ્લી ટિકિટ પર જ તે રહેવા દીધું છે. મથાળે પહેલી પાંચ ટિકિટોમાં નુહાની 'આર્ક'ની જાણીતી કથા ક્રમાનુસાર આપી છે. એની આલેખનશૈલી (અને રંગો પણ) સુંદર છે. તેની નીચે જેરૂસલેમનાં પાંચ દૃશ્યો રજૂ કરેલાં છે. તે પછીની આઠ ટિકિટોમાં ત્યાંનાં આઠ શહેરોની ધ્યાનસંજ્ઞાઓ આપી છે. તદ્દન નીચેની બે ટિકિટોમાં પહેલી ઇઝરાએલના પ્રથમ પ્રમુખ અને રસાયણશાસ્ત્રી વાઇઝમાને સ્થાપેલી સંશોધનસંસ્થાની રજતજયંતી નિમિત્તની છે. બીજી મકાબીઆ રમતોત્સવ નિમિત્તની ને છેલ્લી ત્યાંના ૫૦મા સ્કાઉટ જંબોરીની છે. જેમાં સ્કાઉટની સંજ્ઞાની આસપાસ તેની દોરીની રચનામાં ઇઝરાએલની સંજ્ઞા પણ રચાય છે. નીચે આ પ્રસંગના ઉલ્લેખની સાથે ૫૦ના આંકડામાં સ્કાઉટના બ્યુગલને પણ સાંકળી લીધું છે.











એડિનબરાના એક શરાફ પૅટ્રિક મિલરે ત્રણ પઠાણવાળી એક ત્રેવડી હોડી બનાવેલી જેનાં પૅડલ માણસો ચલાવતા. તે પછી ઈ. ૧૭૮૮માં એણે વિલિયમ સીમિંગ્ટનનું સ્ટીમ-ઍન્જિન જોડીને ૨૫ ફૂટ લાંબી, એક જોડિયા હોડી બનાવી (જુઓ ચિત્ર). પિત્તળમાં ઢાળેલા વરાળયંત્ર દ્વારા ફરતાં પૅડલથી તે કલાકના પાંચેક માઈલનો વેગ પકડી શકતી. ત્યાર બાદ મિલરે વધુ મોટું વરાળયંત્ર લગાડીને સાત માઈલનો વેગ મેળવેલો. પરંતુ પછી એણે વધુ પ્રયાસો છોડી દીધા.



ઈ. ૧૮૦૦માં ઇસ્ટ ઇંડિયા કંપનીના એક કપ્તાન ગૅાવરે 'ટ્રાન્ઝિટ' નામે ચાર સઢસ્તંભવાળું એક વહાણ બનાવ્યું. ૨૦૦૮ટનનું એ જહાજ એ સમયનાં બધાં જ વહાણો કરતાં વધુ ઝડપે અને સામા પવનમાં પણ ચાલે એવી એની રચના હતી. એ વખતના બ્રિટિશ નૌકાદળનાં બધાં વહાણોની તોલે એ ઉત્તમ સિદ્ધ થએલું, પણ ઈ. ૧૮૧૦માં એ ખલાસ થયા પછી આ પ્રકારની રચના ફરી વપરાઈ જ નહિ.



માર્ચ, ૧૮૦૨માં સીમિંગ્ટનના દસ હૉર્સ-પાવરના વરાળયંત્ર વડે ચાલતી 'શાર્લોત ડંડાસ' નામે ૫૬ ફૂટ લાંબી અને ૧૮ ફૂટ પહોળી એક 'ટગ' બની. એ નહેરના શાંત પાણીમાં ૭૦ ટન માલ ભરેલા બબ્બે મોટા બજરાંને કલાકના પોણાચાર માઈલના વેગે લગભગ વીસેક માઈલ સુધી ખેંચી જઈ શકતી. એને છેડે બેસુકાન હતાં જેનું સંચાલન ટગના આગળના ભાગમાંથી થતું.



મધુકરી

ધર્મની ગ્લાનિ

ધર્મહીન સબ લોકાચાર, શ્રદ્ધાહીન છે સર્વ વિચાર,
લાભાધીન વણિક વેપાર, અસૂયાધીન શુદ્ધ વહેવાર.
સત્તાધીન સેવક—પરધાન, મતાધીન સૌ સત્તાવાન;
લોભાધીન વિદ્યા-વ્યવસાય, ભાવહીન છે દાન-દયા ય.
કામાધીન છે ગૃહસંસાર, ભોગાધીન સૌ અપરંપાર;
જ્યાંત્યાં ચોરની હારોહાર, ધર્માધીન કો ક્યાંય લગાર?

(સત્યાગ્રહ)

આ યુગના એક બ્રહ્મવેત્તા ઋષિ: પં. મયાશંકરજી દર્શનાચાર્ય

ઋષિ-મુનિઓનો વંશ ભારતભૂમિમાંથી નિર્મૂળ થયો નથી. ત્યાગી-વિદ્વાન, ગુરુઓ અરણ્યમાં ઝૂંપડીમાં રહેતા હતા તેવા બ્રાહ્મણો આજે નથી એમ આપણે બોલી નાખીએ છીએ, પણ એવા બ્રહ્મવેત્તાઓ આજે પણ હોય છે; તેની પ્રતીતિ મયાશંકરજી જેવા ઋષિના સાન્નિધ્યમાં આવવાનું જેને સદ્‌ભાગ્ય મળે તેને થાય છે. બ્રહ્મવેત્તાની મુખ્ય કસોટી એ કે ત્રણ એષણાઓથી એ વિરક્ત રહે છે: પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા. મયાશંકરજીને પુત્ર ન હતો, છતાં એ એષણા એમને રહી ગઈ હોય તેવું ક્યારે ય દેખાયું નથી. વિત્તૈષણાથી પણ એ પર હતા. સામાન્ય વ્યવહારમાં એવું બને છે કે માણસને એના વેતનમાં ક્રમશઃ બઢતી મળે છે. મયાશંકરજીની બાબતમાં એથી ઊલટું બન્યું. એમનો પગાર સંસ્થાની આર્થિક સ્થિતિ ઉત્તરોત્તર નબળી પડતી ગઈ તેમ તેમ ઘટતો ગયો! એમણે એ કાપ સ્વેચ્છાએ સ્વીકાર્યો અને પોતાની આર્થિક સ્થિતિ સુધરે તેવી સારી તક સામેથી આવી તો પણ ગરીબાઈમાં એમણે ગૌરવ માની ગરીબાઇને ગૌરવાન્વિત કરી! દેવલાલી, નાશિક, માલાડ, સાન્ટાક્રુઝ, વરસોવા, અંધેરી, શુકલતીર્થ આણંદ તથા ઘાટકોપર એમ ગુરુકુળનું સ્થળાંતર થતું રહ્યું અને પહેલેથી એના આચાર્ય બનેલા મયાશંકરજી ઠેઠ સુધી એની નબળી આર્થિક હાલતમાં યે કામ કરતા રહ્યા. શુકલતીર્થ હતા ત્યારે રાજપીપળાના રાજવી તરફથી રાજગુરુના પદ માટે આમંત્રણ આવ્યું: માસિક ૨૫૦નો પગાર, બંગલો અને નોકરચાકર! પરંતુ આચાર્યનો રૂ. ૧૨૫નો અનિયમિત મળતો પગાર છોડીને એઓ ત્યાં ન ગયા! ૧૯૪૨માં આણંદમાં ગુરુકુળ બંધ થયું ત્યારે એમણે નિવૃત્તિ સ્વીકારી, પણ મુંબાઈમાં રહેવાની માગણીનો એમના પરમ પ્રિય શિષ્ય શ્રી સત્યવ્રતજી સ્નાતકનો આગ્રહ પણ એમણે માન્ય ન રાખ્યો!

વિત્તૈષણાનો ત્યાગ કરવો કંઇક સહેલો છે, પણ લોકૈષણાનો ત્યાગ તો વિરલ છે. પરંતુ એમાં યે એ નિસ્પૃહી રહ્યા. સંસ્કૃતના વિદ્વાન અને દર્શનશાસ્ત્રોના પ્રખર અભ્યાસી હોવા છતાં આર્ય સમાજની દુનિયા પણ એમને ઓછા જ જાણતી હતી માત્ર એમના શિષ્યો એમના પ્રત્યે જે પૂજ્યભાવ સેવતા તે ઉપરથી એમની મેધાનો અણસાર મળે છે. સંસ્કૃતના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. જિતેન્દ્ર જેટલી બનારસના ન્યાયાચાર્ય અને મુંબાઈ યુનિ૰ના એમ. એ. છે. એમણે પીએચ. ડી. માટે થીસીસ લખવાનું નક્કી કર્યું ત્યારે માર્ગદર્શન માટે મયાશંકરજીને સ્વીકાર્યા. ગુરુપૂર્ણિમાના અરસામાં એ ગુરુના આશીર્વાદ લેવા જતા. એમના બીજા એક શિષ્ય સત્યવ્રતજીનો ગુરુભાવ પિતાતુલ્ય છે. મયાશંકરજીની મેધાને અંજલિ આપતાં એ કહે છે: 'ભારતભરના દાર્શનિક વિદ્વાનોમાં થોડા જ વિદ્વાનો ષડ્દર્શનના પંડિતો હોય છે; તેમાં ય થોડા જ સાથે વૈયાકરણ પણ હોય છે; તેમાં યે થોડામાં જ કાવ્યપ્રતિભા સ્ફુરે છે; પરંતુ મયાશંકરજી તો



સમર્થ વૈયાકરણી હોવા ઉપરાંત ષડ્દર્શનાચાર્ય અને સરસ કવિ પણ છે. આલમમાં તેઓ એક અને અદ્વિતીય છે!

સૌરાષ્ટ્રના લાઠી શહેરમાં રહેતું બ્રાહ્મણ કુટુંબ દાદાના વખતમાં પાલીતાણાના નાનકડા પાંચપીપળી ગામમાં આવીને વસ્યું. મયાશંકરે પ્રાથમિક છ ધોરણ શિક્ષણ લીધેલું અને બ્રાહ્મણ કુટુંબના વારસામાં થોડોક મૌખિક વેદનો પાઠ, સંસ્કૃત સ્તોત્ર અને કર્મકાંડ મળ્યાં હતાં. બાળલગ્નનો જમાનો એટલે પંદરમે વર્ષે લગ્ન થયું. અને નબળી આર્થિક સ્થિતિમાં કમાવાની જરૂર ઊભી થઈ. મયાશંકરજીને એ માટે નસીબ મુંબાઈ લઈ ગયું. બ્રાહ્મણના દીકરાને સંસ્કૃત આવડતું હશે તો કંઈક રોટલો રળી ખવાશે માની રસોઈની નોકરી સાથેસાથે જી. ટી. સંસ્કૃત પાઠશાળામાં દાખલ થયા. ભણવું હતું પેટ માટે, પણ ભણવામાં કંઈક જુદા જ પ્રકારનો રસ પડવા માંડયો, અને તેમાં એમની પ્રગતિ જોઈ પાઠશાળાના શાસ્ત્રીએ રસોઈની નોકરી છોડાવી દઈ જમવાની સગવડ કરી આપી. એમાંથી એક મિત્ર સમર્થ તાર્કિક પંડિતશ્રેષ્ઠ બાલકૃષ્ણ શર્મા પાસે એમને લઈ ગયો. એ પં૦ બાલકૃષ્ણ ઇટાવા-નિવાસી પં૦ ભીમસેન શર્માના શિષ્ય હતા, અને પં. ભીમસેનજી મહર્ષિ દયાનંદના શિષ્ય હતા. આમ સ્વામી દયાનંદની શિષ્યપરંપરામાં મયાશંકરજી, પં. બાલકૃષ્ણજીના શિષ્ય થયા. તેમની પાસે એમને અષ્ટાધ્યાયી, મહાભાષ્ય વગેરે ભણવાની અને આર્યસમાજમાં રહેવા-જમવાની સર્વ સગવડ મળી ગઈ. ભણવામાં એટલી તન્મયતા લાગી કે પોતે મુંબાઈ કમાણી કરવા આવ્યા હતા અને પોતાને માથે પત્ની સહિત પિતા-ભાઇઓના કુટુંબની જવાબદારી હતી એ જ ભૂલી ગયા! આથી પિતાને અને બીજાંને મયાશંકરની લાગણીહીનતા માટે દુઃખ અને અણગમો પણ થયો.

બીજી બાજુ મયાશંકરજીનું આખું માનસ પલટાઈ રહ્યું હતું. સનાતની બ્રાહ્મણના સંસ્કારને સ્થાને આર્યસમાજનું વાતાવરણ છવાતું હતું. ઉત્તર હિંદુસ્તાન અને પંજાબમાંથી આર્યસમાજના પંડિતો આવતા હતા અને તેમની સમક્ષ જ્ઞાનની વિશાળ દુનિયા ઊઘડતી જતી હતી. તેથી એમને એમ જ લાગતું હતું કે પોતે જાણે કોઈ સ્વર્ગભૂમિમાં છે! સ્વામી દયાનંદજીનું જીવનચરિત્ર અને એમના ગ્રંથો તેમને કંઈક નવીન પ્રેરણા આપી રહ્યાં હતાં. સ્વામીજીની માફક જ્ઞાનની શોધમાં પગે ચાલીને ઉત્તરમાં જવા ઝંખના સતાવી રહી હતી અને બીજી તરફ ઘેરથી પિતાજીના પત્રો આવવા શરૂ થયા કે હવે તું તારી સ્ત્રીને તેડી જા!

ગુરુકુળના સંસ્થાપક સ્વામી નિત્યાનંદજીએ મયાશંકરજીની આંતરિક ભૂખને સમજીને બનારસ વધુ અભ્યાસ માટે જવાની ગોઠવણ કરી આપી. દાક્ષિણાત્ય નૈયાયિક પં. અંબાદત્તજીએ એમની કસોટી કરી શિષ્ય તરીકે સ્વીકારી ભણાવવાનું શરૂ કર્યું. એક મહિનો અભ્યાસ ચાલ્યો ત્યાં એમની સાથે રહેતા એક વિદ્યાર્થીને રાત્રે કૉલેરા લાગુ પડયો અને ચાર કલાકમાં તે મરણ પામ્યો. મયાશંકરજીના મનમાં ભયનો સંચાર શરૂ થયો અને મુંબાઇનો માર્ગ પકડયો! હવે નોકરી સ્વીકાર્યા વિના ઉપાય શો હતો? સેવેલાં સ્વપ્નો એળે જશે તે દુઃખ એમના મનમાં ઘૂંટાતું હતું. પરંતુ ઈશ્વરે ચમત્કાર શરૂ કર્યો હતો તે હજી પૂરો થયો ન હતો.

કલકત્તાથી એક સંસ્કૃતનો વિદ્યાર્થી આર્યસમાજમાં આવ્યો હતો. તેણે મયાશંકરજીની વિદ્યાભૂખ પિછાનીને પોતાની સાથે કલકત્તા લઈ જવાની તૈયારી બતાવી. જૈન ધર્મના સમર્થ વિદ્વાન મહારાજ શ્રી વિજયધર્મસૂરિ ત્યાં સંસ્કૃત પાઠશાળા ચલાવતા ચાતુર્માસ ગાળતા હતા. વિદ્યાર્થીના કહેવાથી મયાશંકરજીએ સંસ્કૃતમાં સૂરિજી ઉપર પત્ર લખ્યો અને એમની સંમતિ પણ આવી ગઈ. ચોમાસુ પૂરું થતાં સૂરિજીની જંગમ પાઠશાળા બનારસ જવા વિહાર કરી ગઈ એટલે મયાશંકરજી બંગાળી પંડિત સત્યવ્રત સામશ્રમી પાસે વૈદિક ગ્રંથોનો અભ્યાસ કરવામાં ગૂંથાઈ ગયા. ઉપરાંત સંસ્કૃત કૉલેજમાં નવ્ય ન્યાયનો અભ્યાસ ચાલુ રાખ્યો. પરંતુ સંસ્કૃત જ્ઞાનની ભૂખ કાશી વિના તૃપ્ત ન થવાની હોય તેમ વળી એમને બનારસનું આકર્ષણ શરૂ થયું, અને ત્યાં જઈ પંડિત અંબાદત્તજીનાં ચરણોમાં ફરી શિષ્યભાવે જઇને એ ઊભા રહ્યા! પ્રાચીન દર્શનશાસ્ત્રોના અભ્યાસની જે ભૂખ હતી તે મયાશંકરજીએ અહીં પૂરેપૂરી સંતોષી. ઉપરાંત પૂર્વમીમાંસા અને વેદાંતના પ્રાકરણિક ગ્રંથો પૂરા કર્યા. સાહિત્યમાં કાવ્યપ્રકાશ, સાહિત્યદર્પણ, પંચમહાકાવ્યો અને પિંગળશાસ્ત્ર વગેરેનો સારો અભ્યાસ કર્યો.

કાશીમાં અભ્યાસ પૂરો થવા આવ્યો ત્યાં જ ૧૯૧૨માં મુંબાઈ આર્યસમાજનું તેડું આવ્યું કે દેવલાલીમાં ગુરુકુળ સ્થાપિત કર્યું છે અને તમે જલદી આવી જાઓ. સત્તાવીશ વર્ષના નવજુવાન મયાશંકરજીની બનારસથી આવતાંની સાથે ગુરુકુળમાં આચાર્ય તરીકે નિમણૂક થઈ, અને આજીવન એના આચાર્ય રહી મયાશંકરજીએ તે દીપાવી. આમ પંદર વર્ષના ઉંમરે નોકરીની શોધમાં ગએલા કિશોરે રસોઈની નોકરીથી શરૂઆત કરી અને બાર વર્ષનું એક તપ પૂરું કરી આચાર્યપદ પ્રાપ્ત કર્યું....અને જાણે પતિવ્રતા પત્નીની માફક એક જ ગુરુકુળને મનથી વર્યા હોય તેમ, ૧૯૪૨માં આણંદમાં ગુરુકુળ બંધ થયું તે પછી સારા પગારની અને વધુ સગવડવાળી મુંબાઈની માગણીને પણ નકારી એમણે નિવૃત્તિ સ્વીકારી.

ગુરુકુળ બંધ થયા પછી એમણે ન્યાય, વૈશેષિક અને પૂર્વમીમાંસાનાં ભાષ્યો કર્યાં. પુસ્તક પ્રગટ થવાની ગણતરીએ એ લેખન કરતા તેવું નથી. એ તો પોતાની વિદ્યાપ્રવૃત્તિ આચાર્ય તરીકે કર્યે જતા. પુષ્પ ખીલે છે તે કોઈ સુવાસ લે તે હેતુથી નહિ, પરંતુ ખીલવું એ એની પ્રકૃતિ છે. આત્મજ્ઞાની બ્રહ્મવેત્તાઓ પણ એ પુષ્પ જેવા છે. પોતાને માટે એ ખીલે છે અને તેની સુવાસ બીજા લે તો એમનાં ધન્યભાગ્ય; બાકી એમનો આત્મા તો એમાં મસ્ત જ હોય છે. એમને બીજી દુન્યવી એષણાઓ સ્પર્શતી નથી. આ દુન્યવી એષણાઓ કેવળ જ્ઞાનને લીધે દૂર રહે છે એવું નથી. એવા કેટલા ય જ્ઞાનીઓ પણ જોવા મળે છે કે એમની આશાતૃષ્ણાનો અંત જોવામાં આવતો નથી. એ માટે અંતરમાં વૈરાગ્ય જાગવો જોઈએ. આવેગ અને ઉત્સાહમાં આવી જઇને ત્યાગવૃત્તિ બતાવનારા ઘણા મળી આવે છે, પરંતુ એ ત્યાગવૃત્તિ વૈરાગ્ય વિના ટકતી નથી. મયાશંકરજીનું ત્યાગી જીવન જે ઠેઠ સુધી શોભ્યું તે એમની વૈરાગ્યભાવનાને લીધે. એનાં મૂળ બનારસના વિદ્યાભ્યાસકાળમાં નખાયાં હતાં. વિદ્યાભ્યાસ માટે કાશીનું શું માહાત્મ્ય છે તે આ ઉપરથી જોવા મળે છે. વિદ્યાના વાતાવરણ વિનાનું શિક્ષણ સ્થાયી સંસ્કારમાં પરિણમતું નથી. આ માટે જ ગુરુકુળોની પરંપરા ચાલી આવતી હતી. આજે યુગ પ્રમાણે ગુરુકુળની ઢબની પરંપરા ભલે ન ચાલે તેમ હોય, પરંતુ વિદ્યાનું વાતાવરણ સ્થાયી સંસ્કારમાં પરિણમે તેવી નવી પરંપરા શોધવી જ રહેશે.

વૃદ્ધાવસ્થામાં મોટે ભાગે સમતોલપણું ગુમાવવાનો પ્રસંગ આવે ત્યારે હાડકું ભાંગી જતું હોય છે. મયાશંકરજી પણ ગઈ તા. ૩૦મી નવેમ્બર ૧૯૬૯ના રોજ એના ભોગ બન્યા. ઑપરેશન કર્યું પરંતુ એ માંદગી જીવલેણ નીવડી, અને ૧૧મી ડિસેમ્બરે એ બ્રહ્મલીન થઈ ગયા.

મયાશંકરજી છેલ્લાં પાંત્રીસ વર્ષથી આણંદમાં રહેતા હતા છતાં ગુજરાત એમને પૂરી રીતે ઓળખતું ન હોય તો એનો ય દોષ નથી. આવા બ્રહ્મવેત્તાઓ સમજપૂર્વક સંસારનાં અધ્રુવ આવરણોથી દૂર રહેતા હોય છે. મહાન વિભૂતિનું લક્ષણ છે કે એ પોતાની હાજરીનું ક્યારે ય બીજાને ભાન થાય તેવો સભાન પ્રયત્ન કરતા નથી; આથી જ અમુક મહાન માણસોને જગતે જીવતાં નહિ પણ એમના મર્યા પછી મહાન વિભૂતિ તરીકે પિછાન્યા છે! અને ઘણી વિભૂતિઓને એમના મર્યા પછી પણ સંસાર પિછાની શક્યો નથી. એનો અર્થ એવો નહિ કે એમનો જન્મ એળે ગયો છે. એ તો એમના આત્માનો વિકાસ સાધીને ગયા અને એ જે સુવાસ મૂકતા ગયા તેણે સૂક્ષ્મ રીતે સમાજના ઋતમાં ઉમેરો કરેલો જ છે. મકાન ઊભું રહે છે ને ટકે છે તે એના પાયાની મજબૂતીથી. સમાજનો પાયો ઋત છે અને તેને આધારે એ ટકે છે. મયાશંકરજીને આપણે જાણીએ કે ન જાણીએ, પણ એ નિઃસંશય સમાજના ઋતમાં ઉમેરો કરનાર ઋષિ હતા. એમને મારાં કોટિ વંદન!

—ઈશ્વર પેટલીકર

ખુદાબક્ષ પુસ્તકાલય

પટણાની 'ઑરીએન્ટલ પબ્લિક લાયબ્રેરી' એ દુર્લભ એવા ફારસી અને અરેબિક હસ્તલિખિત ગ્રંથો તથા ઇસ્લામ ધર્મના અમૂલ્ય સાહિત્યનો એક ખજાનો ગણાય છે. ગઈ સદીના અંતમાં સ્થપાએલું આ પુસ્તકાલય વધુ તો 'ખુદાબક્ષ પુસ્તકાલય' તરીકે જાણીતું છે અને એની પાછળ એક પિતાના સ્વપ્નની તેમના વિદ્વાન પુત્રે કરેલી પૂર્તિની કથા છે.

ખુદાબક્ષના પિતા મોહમદબક્ષ વ્યવસાયે તો છપરા(બિહાર)ના વકીલ હતા, પરંતુ તેમને કિંમતી હસ્તલિખિત ગ્રંથો સંઘરવાની લગન હતી. અવસાન સમયે આવા ૧,૪૦૦ ગ્રંથોનો ખજાનો પુત્રને સોંપી મોહમદબક્ષે યોગ્ય સમયે તેનું એક જાહેર પુસ્તકાલય બનાવવા સૂચવ્યું હતું. ખુદાબક્ષે આ ખજાનો છપરાથી પટણા ખસેડયો. મુઘલોના સમયમાં પણ પટણા વિદ્વાનો અને કવિઓનું માનીતું શહેર હોઈ ત્યાં એ ગ્રંથસંગ્રહને વધુ સમૃદ્ધ કરવાનું શક્ય બન્યું.


ખુદાબક્ષનો જન્મ છપરામાં ૧૮૪૨માં થયો હતો. ઘણી મુસીબતો વેઠીને કલકત્તામાં શિક્ષણ લઈને પછી તેઓ વકાલત કરતા હતા. એમાં એમને ઘણી સારી સફળતા મળી ને તેઓ નિઝામની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ નીમાએલા. બ્રિટિશ સરકારે પણ 'ખાનબહાદુર' અને 'ઑર્ડર ઑાવ બ્રિટિશ એમ્પાયર'ના ખિતાબોથી તેમનું સંમાન કરેલું.

ઇસ્લામી સાહિત્યના પ્રેમી ખુદાબક્ષના પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન ૧૮૯૧માં તે વખતના બિહાર, બંગાળ અને ઓરિસ્સાના લેફ્ટેનન્ટ ગવર્નર સર ચાર્લ્સ ઇલિયટે કર્યું હતું. ખુદાબક્ષને તો પુસ્તકાલય સાથે પોતાનું નામ જોડવાનો વિચાર પણ ન હતો એટલે એમણે 'ઑરીએન્ટલ પબ્લિક લાયબ્રેરી' એવું નામ રાખ્યું હતું, પરંતુ લોકો આ નિઃસ્વાર્થ સેવકની યાદમાં પુસ્તકાલયને 'ખુદાબક્ષ પુસ્તકાલય' તરીકે જ ઓળખે છે.

આ પુસ્તકાલયના ઇતિહાસ સાથે ઘણા રસિક પ્રસંગો સંકળાએલા છે. ખુદાબક્ષ હસ્તપ્રતો એટલા ઊંચા દામ આપી ખરીદતા કે હિંદભરમાં કોઈ પણ હસ્તપ્રત વેચાણ માટે પ્રથમ તેમની પાસે જ આવતી. એક વાર પુસ્તકાલયના એક નોકરે કેટલીક હસ્તપ્રતો ચોરી તે વેચવા માટે લાહોર મોકલી. લાહોરના વેપારીઓને એ ચોરીની જાણ ન હોવાથી તેમણે એ વેચવા માટે સૌપહેલાં ખુદાબક્ષને જ મોકલી આપી!

મુઘલ સલ્તનતના પતન પછી મુઘલોનું દિલ્હી પુસ્તકાલય વેરવિખેર થતાં તેમની સૌથી કિંમતી હસ્તપ્રતો ખુદાબક્ષ પાસે આવી હતી. મોહમ્મદ મકી નામના એક અરબે ખુદાબક્ષના પુસ્તકાલયને સમૃદ્ધ કરવામાં મોટો ફાળો આપ્યો હતો, જેને પરિણામે સીરિયા, અરેબિયા, ઇજિપ્ત









ખુદાબક્ષ પુસ્તકાલયના સંગ્રહમાંના કેટલાક નમૂના–ડાબી બાજુ મથાળે: ૪૨,૨૨૧ અરેબિક, ૪૧૮૪ ફારસી અને તે ઉપરાંત સંખ્યાબંધ ઉર્દૂ, હિન્દી, તુર્ક તથા સંસ્કૃત હસ્તલિખિત ગ્રંથોમાંના ચાર. એમાં જમણી બાજુ નીચે દેખાતા અંગૂઠિયા ગ્રંથથી માંડી મોટા ગ્રંથોનો એ સંગ્રહમાં સમાવેશ છે. ગ્રંથો ઉપરાંત ખુદાબક્ષ પુસ્તકાલયના સંગ્રહમાં બીજી પણ ઘણી પ્રાચીન ચીજો છે, જેમાંથી સોળ સત્તર અને અઢારમી સદીનાં ભારતીય વેધયંત્રો ડાબી બાજુ નીચે દર્શાવ્યાં છે. જમણી બાજુ 'તારીખ-ઈ-ખાનદાન-ઈ-તિમુરિયા' નામના એક ગ્રંથમાંનું 'અકબરના જન્મ' પ્રસંગનું ચિત્ર. આ એમાં અકબરના સમયના કેટલાક વિખ્યાત ચિત્રકારોનાં ૧૩૩થી વધુ સુંદર ચિત્રો હોઈ કલાના એક ઉત્તમ નમૂના તરીકે પણ એ અતિ મૂલ્યવાન કૃતિ છે.

કલાકાર માન રેના કલા-પ્રદર્શન માટેનું માઉસ રૅલિફ નામે કલાકારનું પોસ્ટર





↑ 'ઑપ' આર્ટની અસર પાડતી
એકબીજાની વિરોધી રંગરચનાવાળી કૃતિ



ચડઊતર રંગછાંય અને એકમાત્ર સાદા
આકારની ચાતુરીથી ઇચ્છિત આકર્ષણ પેદા
કરતું જૉહાનિસ રે'નનું એક જાહેરાતનું પોસ્ટર
(બધા બ્લૉકો SPANના સૌજન્યથી)



પશ્ચિમ ઘાટની ધરણીશોભા: કૅમેરાના જાદુગરનું બિરુદ પામેલા ફોટોકલાકાર આર. આર. ભારદ્વાજનાં ચિત્રો, તેના ખૂણેખૂણામાં વિલસી રહેલી ઝીણીઝીણી વિગતોની સૌંદર્યમંડિત સંપૂર્ણતાને લીધે આપણી આંખને સદા તૃપ્તિથી ભરી દેતી હોય છે. ઉપલી કિનારે ડોકાતી શિખર-ટોચથી લઈને ગિરિમાળાની તળેટીનાં મેદાનો પર થઈ, આ બાજુ પથરાઈ રહેલી ધારો પરની નિસર્ગની અને પ્રકાશની લીલા વચ્ચે, ધરતીના ઢોળાવ, રસ્તાના લીસોટા અને વૃક્ષના ઝુંડથી રચાતો ભર્યોભર્યો શોભનથાળ એમણે આ ચિત્રમાં આપણી આગળ ધરી દીધો છે.

ને ઇરાનની મૂલ્યવાન હસ્તપ્રતો પુસ્તકાલયમાં સંઘરાઈ છે.

પુસ્તકાલયના ઉદ્‌ઘાટન સમયે એમાં ૪,૦૦૦ હસ્તપ્રતો અને ૨,૫૦૦ પુસ્તકો હતાં જ્યારે આજે હસ્તપ્રતો, પુસ્તકો, સામયિકો વગેરેની કુલ સંખ્યા લગભગ ૫૨,૦૦૦ છે. આ સંગ્રહમાં ૪૨,૨૨૧ અરેબિક અને ૪,૧૮૪ પર્શિયન હસ્તપ્રતો ઉપરાંત સંખ્યાબંધ ઉર્દૂ, હિન્દી, તુર્ક અને સંસ્કૃત હસ્તપ્રતો છે. ઇસ્લામ ધર્મવિચારધારા, સુફીવાદ, નીતિશાસ્ત્ર, ઇતિહાસ, જીવનકથા, વિજ્ઞાન અને ન્યાયશાસ્ત્રને લગતો સમૃદ્ધ સાહિત્યભંડાર અહીં એકત્ર થયો છે.

આ અણમોલ સંગ્રહમાં પણ કેટલીક તો અતિ દુર્લભ કૃતિઓ છે. આમાં ઈ. ૧૨૬૯માં શોભાયમાન લિપિમાં યાકુત–અલ–મુસ્તાકનીએ લખેલા અને પાનેપાને ફૂલોનાં શોભનોવાળાં કુરાન, તેમુર કુટુંબના ૧૩૩ પૃષ્ઠોના અત્યંત સુશોભિત 'તારીખ-ઈ-ખાનદાન-ઈ-તિમુરિયા', મોહમ્મદ અમીને લખેલી શાહજહાંના જન્મથી માંડીને મૃત્યુ સુધીની કહાણી–'પાદશાહ-નામા'ની સુશોભિત હસ્તપ્રત ખાસ નોંધપાત્ર છે. સાહિત્યિક વિષયોમાં નવમી સદીમાં ખ્વાજા શમ્સુદ્દીન મોહમ્મદ હાફિઝ-અલ-શિરાઝીએ લખેલું 'દીવાને હાફિઝ' ખાસ ઉલ્લેખનીય છે. આ હસ્તપ્રતનાં કેટલાંક પૃષ્ઠો પર તો ખુદ શહેનશાહ હુમાયૂં ને જહાંગીરના હાથે લખાએલી નોંધો જોવા મળે છે.

ખુદાબક્ષે ગંગા નદી નજીક રૂા. ૭૫,૦૦૦ના ખર્ચે પુસ્તકાલય માટે બાંધેલા વિશાળ મકાનને ૧૯૩૪ના ભૂકંપમાં ભારે નુકસાન થએલું. એ પછી તેનો કેટલોક ભાગ તોડી એક અલગ મોટું મકાન બાંધવામાં આવ્યું હતું. ઈ. ૧૮૯૧માં તેની સ્થાપના વેળા ખુદાબક્ષે એક ટ્રસ્ટ ડીડ દ્વારા તે વખતની બિહાર સરકારને પુસ્તકાલયની એકમાત્ર ટ્રસ્ટી બનાવી હતી. હવે સપ્ટેમ્બર, ૧૯૬૨થી તેનો વહીવટ અને નિયંત્રણ બિહારના રાજ્યપાલના અધ્યક્ષપદે રચાએલા બોર્ડ ઑવ મૅનેજમેન્ટને હસ્તક છે. આ બોર્ડમાં બિહારના એકાઉન્ટન્ટ જનરલ, બિહાર સરકાર, ભારત સરકાર અને ખુદાબક્ષના કુટુંબના એક પ્રતિનિધિનો સમાવેશ થાય છે.

ભારત સરકારે આ પુસ્તકાલયને અત્યાર સુધીમાં વિવિધ કાર્યો માટે કુલ રૂા. ૨-૨૫ લાખથી વધુ રકમની સહાય આપી છે. બિહાર સરકાર પણ વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ની ગ્રાન્ટ આપવા ઉપરાંત પુસ્તકાલયની બધી જ ખાધ ભોગવે છે. પુસ્તકાલયે પોતાના દુર્લભ સંગ્રહને કારણે રાષ્ટ્રીય ગૌરવ હાંસલ કર્યું છે અને તેથી તેના ગૌરવને અનુરૂપ એનું રક્ષણ, જતન અને સંચાલન થાય એ સર્વથા યોગ્ય છે. તેથી પાર્લમેન્ટના એક ખાસ કાયદાથી તેને હવે કેન્દ્ર સરકાર હસ્તક લેવામાં આવશે. જે અનુસાર તેને અદ્યતન વૈજ્ઞાનિક ઢબે રાષ્ટ્રીય કક્ષાના ગ્રંથાલય તરીકે વિકસાવવામાં આવશે.

ગાજર

ઉત્તમ ખનિજ-વિટામિનવાળાં ગાજર કમનસીબે આપણાં ઘણાં હિન્દુ કુટુંબમાં વપરાતાં નથી. વિટામિન 'એ', સોડિયમ, પોટૅશ્યમ, તામ્ર, લીવરનું ટૉનિક ચોલાઈન વિટામિન, સુપાચ્ય શર્કરા તેમજ બીજાં વિટામિનોને લીધે ગાજર એક શક્તિપ્રદ ખાદ્ય છે. વિટામિન 'એ' કૅરોટીન કહેવાય છે. ગાજરને અંગ્રેજીમાં કૅરટ કહે છે તે ઉપરથી આ વિટામિન 'કૅરોટીન' કહેવાય છે. ૧૦૦ ગ્રામ ગાજરમાંથી રોજનું જરૂરી અર્ધું 'એ' વિટામિન એક માણસને મળી રહે.

આયુર્વેદ પ્રમાણે ગાજર મધુર, તીક્ષ્ણ, તીખું, ગરમ, ભૂખ ઉઘાડનાર, મળરોધક, રક્તપિત્તમાં હિતકારક, અર્શ સંગ્રહણી કફ તેમજ વાયુનો નાશ કરનાર છે. મળરોધક હોવાથી ઝાડા કે સંગ્રહણીમાં આપવું હિતાવહ છે. પણ એની છીર કે શાક નહિ પણ રસ આપવો જોઇએ. આવાં સોંઘાં ગાજર આપણા આહારને યુક્તાહાર બનાવી નીચેની રીતે વાપરી શકાય.

એનું છીણીને શઈતું થાય. લીંબુના અથાણામાં નંખાય. એની છીર કઢીમાં નંખાય. એનું બાફીને શાક થાય. (ગાજર બફાતાં બટાટા જેવાં પોચાં થાય છે.) એની છીર કુકરમાં કે વરાળમાં બાફી દૂધમાં ઉકાળી એની ખીર બનાવી શકાય, અથવા કાચી છીર દૂધમાં ઉકાળી બરાબર ચડવા દઈ ગાજરનો દૂધપાક બનાવી શકાય. એના છીરની ભાખરી બનાવી શકાય, મૂઠિયાં તળી શકાય કે બાફીને કાચા તેલ સાથે ખાઈ શકાય. આવી વાનીઓ ઊછરતાં બાળકોને નાસ્તામાં અપાય તે ઇચ્છવાજોગ છે.

('ગુજરાતમિત્ર') —જ. ઓ. કાનૂગા

સારણી-સંદોહ ૫

વિખ્યાત શિખરોનાં આરોહણની સાલવારી

મૉં (માઉન્ટ) બ્લાં (આલ્પ્સ): ૧૫,૭૮૧ ફૂટ; આરોહક–એમ. જી. પૅકાર્ડ અને જે. બાલ્મેર; ઑગસ્ટ ૧૭૮૬.
મૉઉન્ટ રોઝા (આલ્પ્સ): ૧૫,૨૨૬'; જે. સ્માઇથ; જુલાઈ ૧૮૫૫.
મૅટરહૉર્ન (આલ્પ્સ): ૧૪,૭૧૩'; ઈ. વ્હિમ્પર; જુલાઈ ૧૮૬૫.
માઉન્ટ કૂક (ન્યૂઝીલૅન્ડ): ૧૨,૩૫૦'; ફાઈફ અને ગ્રેહામ; ડિસે૦ ૧૮૯૪.
અકૉન્કાગુઆ (ઍન્ડીઝ): ૨૨,૮૩૫'; ઝુરબ્રિગન, ને વાઈન્સ; ૧૮૯૭.
માઉન્ટ કિન્યા (આફ્રિકા): ૧૭,૦૫૮'; સર હૅાલફૉર્ડ મૅકિન્ડર; ૧૮૯૯.
ઉશ્બા (કૉકેસસ): ૧૫,૪૧૦'; શુલ્ઝ, ફિકર અને રિકમર્સ; જુલાઇ ૧૯૦૩.
અન્નપૂર્ણા (હિમાલય): ૨૬,૬૨૦'; હાર્ઝોગ ને એલ. લૅચનલ; ૧૯૫૦.
નંગાપર્વત (હિમાલય): ૨૬,૬૨૦'; હર્મન બુહલ; ૧૯૫૩.
એવરેસ્ટ (હિમાલય): ૨૯,૦૨૮'; હિલારી અને તેનસિંગ મે ૧૯૫૩.
કે-૨ (કારાકોરમ): ૨૮,૨૫૦'; કૅમ્પેગ્નૅાનીને લૅસીડેલી; જુલાઈ ૧૯૫૪.
ચોઓયુ (હિમાલય): ૨૬,૭૫૦'; ટિચી, જૉએસ્ટેર, ને પાસાંગ લામા; '૫૪.
કાંચનજંગા (હિમાલય), ૨૮,૧૪૬'; જ્યૉર્જ બૅન્ડ ને જો બ્રાઉન; ૧૯૫૫.
મકાલુ (હિમાલય): ૨૭,૭૯૦'; જે. કોઝી અને એલ. ટેરી; ૧૯૫૫.
લ્હોત્સે (હિમાલય): ૨૭,૮૨૦'; ઈ. રેઈસ અને એફ. લુસિન્જર; ૧૯૫૬.
માનસલુ (હિમાલય): ૨૬,૬૫૮'; ટી. ઈમાનિશી અને ગ્યાલ ઝેન; ૧૯૫૬.
ધવલગિરિ (હિમાલય): ૨૬,૭૯૫'; ડાઐમબર્ગર અને ટુકડી; ૧૯૬૦.

મોટામાં મોટું હવામાન-રડાર



જાપાનના સુંદર પ્રતીકરૂપ ત્યાંના સર્વોચ્ચ (૩,૭૭૬ મીટર) શિખર 'ફુજી યામા'ની ટોચે હવામાનની આગાહી મેળવવા માટે આ મોટામાં મોટું રડાર સ્થાપવામાં આવ્યું છે. જાપાનની ભૂમિ પર ઝંઝાવાતી તોફાન ત્રાટકી પડે એ પહેલાં માઇલો દૂર એ હોય ત્યાંથી એની આગોતરી જાણ આ રડાર દ્વારા થઈ શકે છે ને એથી આવી પડનારી હોનારત સામે સમયસર રક્ષણાત્મક પગલાં લઈને અનેકગણું નુકસાન નિવારી શકાય છે.

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં



તા. ૧, ૧૮૩૫ અંગ્રેજ અમલદારોની સારવાર માટેના સૅનેટોરિયમ સારુ સિક્કીમના રાજા પાસેથી વાર્ષિક રૂ. ૩૦૦૦ના પટ્ટે ઈસ્ટ ઇંડિયા કંપનીએ દાર્જીલિંગ અને એની આસપાસની કેટલીક ટેકરીઓ લીધી. એનું અસલ નામ તો દાર્જે-ગ્લિંગ=વજ્રનું થાનક. ૬૦૦૦ થી ૭૮૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા ને આજે 'હિલ સ્ટેશનની રાણી' ગણાતા આ સ્થળનો એ પછી ઘણો વિકાસ થયો. ઈ. ૧૮૪૯માં ડૉ. હૂકર અને કૅમ્પબેલને ગેરકાયદે સિક્કીમની હદમાં પ્રવેશવા બદલ રાજ્યના દીવાને ગિરફતાર કરેલા. એમને છોડાવવા તથા એનો બદલો લેવા કંપનીએ લશ્કર મોકલી ૬૪૦ ચોરસ માઈલ જેટલા વિસ્તાર સાથે તરાઈ ટેકરીઓનો ભાગ પડાવી લીધો. પટ્ટા પેટે રાજ્યને અપાતી રકમ પણ બંધ કરી. અને આમ દાર્જીલિંગ અંગ્રેજ હકૂમતમાં ભેળવી દેવાયું.



લંકાનો રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રસંજ્ઞા

તા. ૩, ૧૯૪૮ સદીઓ પછી લંકા–સીલોન–આઝાદ થયું. છેક ઈ. સ. પૂર્વે ૫૦૦માં દક્ષિણ ભારતના રાજ્યે તેના પર આક્રમણ કર્યા પછી ઈ. ૧૮૧૫ સુધી ઓછાવત્તા વિસ્તારમાં તેના વંશજો ત્યાં રાજ કરતા હતા. ૧૨૯૪માં પહેલો યુરોપવાસી માર્કોપોલો ત્યાં આવેલો. ૧૫૦૫માં ફિરંગીઓ, ૧૬૫૮માં વલંદા અને ૧૭૯૬માં અંગ્રેજો ત્યાં પહોંચ્યા. આ દરેક પ્રજાએ ત્યાં થોડુંઘણું રાજ કર્યા બાદ અંતે અંગ્રેજોએ તે હાથ કરેલું. લગભગ ૧૦૦૦ માઈલની કંઠાર, મુખ્યત્વે સિંહાલી, બૌદ્ધ, હિંદુ, ખ્રિસ્તી તથા થોડી મુસલમાન પ્રજાવાળો, દક્ષિણે ફળદ્રુપ ને અદ્ભુત પ્રાકૃતિક સૌન્દર્ય ધરાવતો, ૨૫,૩૩૨ ચો૦ માઈલનો આ ટાપુ ૧૯૪૭માં સ્વતંત્ર થયો ને બ્રિટિશ કૉમનવેલ્થમાં રહી સંપૂર્ણ ડોમિનિયન સ્ટેટ્સ પામ્યો.

તા. ૪, ૧૬૭૦ 'ગઢ આલા પણ સિંહ ગેલા' : કપરા ભૌગોલિક સ્થાનને લઈને તથા વીર રાઠોડ રજપૂત ઉદયભાણના રક્ષણમાં હોઈને જીતવો અત્યંત દુષ્કર અને એથી જ અતિ મહત્ત્વનો કિલ્લો (જુઓ ચિત્ર) સિંહગઢ જીતવા શિવાજીએ પોતાના ખૂબ જ વિશ્વાસુ ને પ્રિય સરદાર તાનાજી માલુસરેને તેના ભાઈ સૂર્યાજી તથા મામા શેલાર સાથે ત્રણસો માવળા સૈનિકો આપી મોકલ્યો હતો. એ ગઢની કપરી દીવાલ પર ચડી જઈ



તાનાજીએ ઉદયભાણને અને ઉદયભાણે તાનાજીને જીવલેણ ઘાયલ કર્યા, ને ફરજ બજાવતાં બંને ખપી ગયા. પાછળ સૂર્યાજી અને શેલાર મામાએ અદ્ભુત પરાક્રમ દાખવી ગઢ જીતી લીધો. પણ એ જીતવામાં પોતાના અતિ પ્રિય સરદારને ગુમાવ્યાનું શિવાજીને વધુ દુઃખ લાગ્યું. તાનાજીના આત્મભોગની જાણ થતાં તે માત્ર આટલું જ બોલી શક્યા : 'ગઢ આલા પણ સિંહ ગેલા' : (સિંહ) ગઢ આવ્યો, પણ સિંહ (તાનાજી) ગયો.

તા. ૧૪, ૧૭૭૯ જગતના નાવિક સંશોધનમાં વૈજ્ઞાનિક સમુદ્રવીર તરીકે સૌપહેલું ઊંચું પદ પામનાર અને બ્રિટિશ સામ્રાજ્યને ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલૅંડ જેવા અઢળક સંપત્તિવાળા બે સરસ ટાપુઓનાં શોધ-સંશોધન કરી આપી સામ્રાજ્ય-સર્જક મહાપુરુષોમાં ગણનાપાત્ર બનનાર કૅપ્ટન જેમ્સ કૂકનું હવાઈ ટાપુઓમાં ત્યાંના આદિવાસીઓ સાથેની એક ઝપાઝપીમાં અવસાન થયું. મામૂલી મજૂરના એ પુત્રે કુમાર વયે ગુમાસ્તાગીરી કર્યા પછી નૌકાખાતામાં જોડાઈ પોતાનાં ખંત ને પ્રતિભાથી મોજણી-જહાજના વડા પદ સુધી વિકાસ સાધેલો. કૅનેડાની કંઠારની મોજણી કરી ૧૭૬૮માં એણે પૅસિફિકની વૈજ્ઞાનિક શોધસફરની સરદારી લીધી, જે કામગીરીમાં ન્યૂઝીલૅન્ડ અને ત્યાર સુધી અજ્ઞાત ઑસ્ટ્રેલિયાના સમૃદ્ધ પૂર્વકિનારાની શોધ કરી. તે પછી તો એણે આખો દક્ષિણગોળાર્ધ ઘૂમી વળીને અનેક ટાપુઓ શોધી ભૂગોળના ક્ષેત્રમાં કેટલાંક વૈજ્ઞાનિક સત્યો સ્થાપ્યાં, જે બદલ રૉયલ સોસાએટીના સુવર્ણપદકનું બહુમાન તેને મળેલું. છેલ્લે પશ્ચિમ ગોળાર્ધમાં જવાના વાયવ્ય જલમાર્ગની શોધમાં એણે હાવાઈ ટાપુઓ શોધી બેરિંગ સામુદ્રધુનીની પાર સુધીના ઉત્તર અમેરિકાના સમગ્ર પશ્ચિમકિનારાની પાકી મોજણી કરી, બરફને કારણે પાછો હાવાઈ ટાપુમાં ઊતર્યો જ્યાં એનું અકાળ અવસાન થયું. ↓



અનુષ્ટુપ

વિપદના કંટકોને ધૈર્યથી પુષ્પો બનાવીને,
જીવનની ફૂલદાની એમ બેઠો છું સજાવીને.

ગની


વૈષ્ણવાચાર્ય રામાનુજ સ્વામી ઉપર અ-ભ્યાસકાળે એકદા એમના ગુરુ ખૂબ ક્રોધિત થયા. કારણ પૂછતાં ગુરુએ કહ્યું : 'મેં ખાસ તારા માટે આપેલો ગુરુમંત્ર તો તું બધાને આપતો ફરે છે. એથી તારી સદ્‌ગતિ નહિ થાય.' રામાનુજે પૂછ્યું : 'એ મંત્રનું ફળ શું છે?' ઉત્તર મળ્યો : 'આત્માની સદ્‌ગતિ.' રામા-નુજે નમ્રતાથી કહ્યું : 'જેને જેને મેં એ મંત્ર આપ્યો છે તે સૌની જો એથી સદ્‌ગતિ થવાની હોય તો હું એકલો ભલે એથી વંચિત રહું.'

કહેવતોના અર્થ : 'આપકી સો લાપસી, પરાયી સો કુસકી'–પોતાનું તેટલું સારું એવા અભિમાનની સાથેસાથે બીજા બધાની—પાર-કાંની એ જ વસ્તુ ગણતરી કે ખરાબ, એવો નિંદાભાવ રાખનારા અહંમન્યોના સંદર્ભમાં વપ-રાતી આ કહેવતની સચોટતા સ્પષ્ટ છે કે લા-પશી ને કુશકી એક જ અન્ન (ઘઉં)માંથી ની-કળતી હોવા છતાં એક સત્ત્વશીલ ને બીજી નિરર્થક છે. આને મળતી બીજી કહેવતો :

'છગન-મગન મારા સોનાના
પાડોશીનાં પિત્તળનાં
ગામનાં છોકરાં ગારાનાં.'

'બીજાને ઘેર રાંડ-ભાંડ, ને મારે ઘેર સતી.'

અનેકાર્થી શબ્દ : 'ગમ' = સૂઝ કે સમજ; બાજુ, તરફ કે ભણી; શોક કે દુઃખ; પાસાની એક રમત; મલમ; મૈથુન; બળ કે શક્તિ.



તમિળનાડુના સ્વ. મુખ્ય પ્રધાન અન્ના-દુરાઈની પ્રથમ સંવત્સરી નિમિત્તે ૩જી ફેબ્રુઆરીએ બહાર પડેલી ભારતની ખાસ ટપાલટિકિટ.



આલાસ્કાનાં કથ્થાઈ રંગનાં રીંછ દુનિયાનાં માંસભક્ષી પ્રાણીઓમાં સૌથી વધુ પડછંદ છે. એમાં નર-રીંછ જ્યારે ઊભો થાય ત્યારે નવ ફૂટ ઊંચો હોય છે. તેનું વજન ૧૫૦૦ રતલ એટલે કે વાઘ-સિંહ કરતાં ત્રણ ગણું હોય છે.


ગાંધીશતાબ્દી ગણિત

ગાંધીજીનો જન્મશતાબ્દી દિન ૨–૧૦–૧૯૬૯ છે. તેના તારીખ–માસ–વર્ષના ઘટકોનો સર-વાળો કરતાં શતાબ્દીનો ૧૦૦નો આંક આવશે જુઓ : ૨+૧૦+૧૯+૬૯ (વર્ષના અંકને આ-પણે ઓગણીસસો અને ઓગણસિત્તેર એમ બે ઘટકમાં જ બોલીએ છીએ ને?)

હવે એ જ ચાર ઘટકોને પહેલી પંક્તિમાં મૂકી આ જાદુઈ ચોરસ બનાવ્યો છે, જેની

૨	૧૦	૧૯	૬૯
૬૪	૨૪	૧૨	૦
૧૬	૧	૬૩	૨૦
૧૮	૬૫	૬	૧૧

દરેક ઊભી હાર, આડી હાર, અને બંને વિકર્ણો પર આવતા આંકડાનો સરવાળો ૧૦૦ થાય છે.
(સુગણિતમ્) —ડી. આર. કાપ્રેકર



કલાકણિકા : ઘરવપરાશની નાનામાં નાની ચીજોને પણ માનવી શણગાર્યા વિના નથી રહ્યો. ગઈ સદીના લખનૌના એક પાનદાનના પડખા પરનું સમભારયુક્ત સુશોભન.